આઈપીએલ આજની મેચ
રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર VS પંજાબ કિંગ્સ
સાંજે ૭:30 કલાકે



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪

તા. ૧૮-૪-૨૦૨૫, શુક્રવાર

વર્ષ: ૧૪, અંક : ૩૪

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



મહા બચત
જથ્થાબંધ ખરીદો
જથ્થાબંધ ફાયદો
દલાલ આવકાર્ય
સેલ્સમેન આવકાર્ય
અપ્પુ ચણાદાળ
૯૮૨૪૨૦૦૯૭૦


### રાજકારણમાં કાયમ કોઈ દોસ્ત કે દુશ્મન હોતું નથી

# ભારતનું 'અહિત' કરવા બાંગ્લા-પાક.એ હાથ મિલાવ્યા!!

## ૧૫ વર્ષ બાદ બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે વિદેશ કાર્યાલય પરામર્શ યોજાઈ: આયાત-એરલાયન્સ-રાજદ્વારી સંબંધો અંગે ચર્ચા

**અબતક, રાજકોટ**

બાંગ્લાદેશે ૧૭ એપ્રિલે ભારતના કટ્ટર હરીફ પાકિસ્તાન સાથે ૧૫ વર્ષના અંતરાલ પછી પ્રથમ વખત ફોરેન ઓફિસ કન્સલટેશન (એફઓસી- વિદેશ કાર્યાલય પરામર્શ) યોજ્યો હતો, જેનો હેતુ પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીનાના શાસન દરમિયાન તૂટેલા સંબંધોને સુધારવાનો હતો. પાકિસ્તાનના વિદેશ સચિવ અમના બલોચ, જે ૧૬ એપ્રિલે ઢાકા પહોંચ્યા હતા. તેમણે વાટાઘાટોમાં તેમના દેશના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ



(અનુ. આઠમા પાને)

### ફોરેન ઓફિસ કન્સલટેશનમાં ક્યા-ક્યા મુદ્દે ચર્ચા?

પાકિસ્તાનમાં બાંગ્લાદેશના ઉચ્ચ કમિશનર એમ ઈકબાલ હુસૈન ખાને, જે હાલમાં બેઠકમાં હાજરી આપવા માટે ઢાકામાં છે તેમણે જણાવ્યું હતું કે, પાકિસ્તાન ખાસ કરીને બાંગ્લાદેશ સાથે વેપાર સંબંધો વધારવા માટે ઉત્સુક છે. પાકિસ્તાન બાંગ્લાદેશમાં નિકાસ વધારવાની સંભાવના જુએ છે. ખાસ કરીને જો તેમના ઉત્પાદનો ભાવ સ્પર્ધાત્મક હોય. તેમણે કપાસને એક મુખ્ય વસ્તુ તરીકે ટાંકીને કહ્યું કે પાકિસ્તાન નિકાસ કરવામાં રસ ધરાવે છે. તેમણે ઉમેર્યું કે પાકિસ્તાન અફઘાનિસ્તાન અને ઈરાનથી માલ માટે પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે. તેથી બાંગ્લાદેશ માટે પાકિસ્તાનમાંથી આયાત શોધવાની તક હતી. ઉલ્લેખનીય છે કે, ૧૯૭૧માં પાકિસ્તાનમાંથી છુટ્ટા પડીને સ્વતંત્ર થયાં બાદ બાંગ્લાદેશે પ્રથમવાર પાકિસ્તાન સાથે સીધો વેપાર શરૂ કર્યો છે. જેમાં પોર્ટ કાસિમથી ૫૦,૦૦૦ ટન ચોખાનો પહેલો શિપમેન્ટ મોકલવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, વિયેતનામ કરતાં પાકિસ્તાની ચોખાનો ભાવ વધુ હોવા છતાં બાંગ્લાદેશ પ્રતિ ટન ૪૭૪.૨૫ ડોલરના ભાવે આયાત કરી રહ્યું હતું.

### યુનુસનો ચીન તરફ ઝુકાવ બાદ ભારતે ટ્રાન્સ-શિપમેન્ટ સુવિધા બંધ કરી દેતા યુનુસના પેટમાં તેલ રેડાયું

ભારતે તાજેતરમાં વિવિધ દેશોમાં વિવિધ વસ્તુઓની નિકાસ માટે ઢાકાને આપેલી ટ્રાન્સ-શિપમેન્ટ સુવિધા રદ કરી દીધી છે. યુનુસએ ચીનની મુલાકાત દરમિયાન કરેલી ટિપ્પણી કે, બાંગ્લાદેશ બંગાળની ખાડીનો એકમાત્ર રક્ષક છે. ચીન બાંગ્લાદેશનો ઉપયોગ ભારતના ભૂમિગત ઉત્તરપૂર્વીય પ્રદેશમાં તેના આર્થિક પ્રભાવને વિસ્તારવા માટે કરી શકે છે. બાંગ્લાદેશે ચીનને આપેલી છુટને પગલે ભારતે ટ્રાન્સ-શિપમેન્ટ સુવિધા પર રોક લગાવી દીધા બાદ યુનુસના પેટમાં તેલ રેડાયું હતું. જે બાદ બાંગ્લાદેશએ પાકિસ્તાન સાથે વેપાર સંબંધો સુધારવાને પગલે બેઠક યોજી હતી અને આયાત શરૂ કરી હતી. બાંગ્લાદેશ હવે ટ્રાન્સ-શિપમેન્ટ માટે શ્રીલંકાના બંદરનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી શકે છે પરંતુ આ બાબતથી પરિચિત લોકોના મતે આવા કોઈપણ પગલા માટે બાંગ્લાદેશએ ભારે ખર્ચનો સામનો કરવો પડશે જે પડકારરૂપ બની જશે.

### પાકિસ્તાની એરલાયન્સને ઢાકા-કરાચી વચ્ચે વિમાની સેવા શરૂ કરવા મંજૂરી

ગયા વર્ષે ૫ ઓગસ્ટના રોજ વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા બળવામાં હસીનાની હકાલપટ્ટી પછી યુનુસની વચગાળાની સરકારે સત્તા સંભાળ્યા ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં વળાંક આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાનની ખાનગી એરલાઈન ફ્લાય જિન્નાએ ઢાકા અને કરાચી વચ્ચે ફ્લાઈટ્સ ચલાવવા માટે બાંગ્લાદેશની મંજૂરી મેળવી લીધી છે. જ્યારે અન્ય એક પાકિસ્તાની ખાનગી કેરિયર એર સિયાલે પણ તેના ફ્લાઈટ ઓપરેશન્સ માટે સિવિલ એવિએશન ઓથોરિટી ઓફ બાંગ્લાદેશને અરજી કરી છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એક ૫૩ વર્ષ બાદ કરાચીથી એક કાર્ગો જહાજ ચિત્તાગોંગ બંદર પર ડોક થયું હતું જે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે સીધો દરિયાઈ જોડાણ દર્શાવે છે.

### ભારતને સૌથી વધુ ઘુષણખોરીની ચિંતા

સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ તાજેતરમાં એવા અહેવાલો પર ચિંતા વ્યક્ત કરી હતી કે પાકિસ્તાની સેના અને જાસૂસી એજન્સી આઈએસઆઈના એક પ્રતિનિધિમંડળે બાંગ્લાદેશમાં વ્યૂહાત્મક સિલિગુડી કોરિડોરની નજીકના વિસ્તારોની મુલાકાત લીધી હતી. જે ભારતના ઉત્તરપૂર્વને દેશના બાકીના ભાગ સાથે જોડે છે. જેથી બાંગ્લાદેશની ભૂમિનો ભારતમાં આતંકવાદીઓની ઘુષણખોરીથી માંડી અનેક પડકારો ઉભા કરી શકે છે. જો કે, સેનાના વડાએ કહ્યું હતું કે, તેઓ આતંકવાદીઓને ભારતમાં મોકલવા માટે તે ભૂમિનો ઉપયોગ કરી શકશે નહીં. બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે વધતી લશ્કરી કાર્યવાહી વચ્ચે ભારતે રાષ્ટ્રીય સુરક્ષાને અસર કરી શકે તેવા પ્રદેશમાં વિકાસ પર તેની સતર્કતા ફરીથી વ્યક્ત કરી છે.

### યમનના અગત્યના બંદરનો ખાત્મો બોલાવી ઈરાન સમર્થિત હુથીની કમર તોડી નાખતું અમેરિકા

યમનમાં હુથી બળવાખોરોના કબજા હેઠળના રાસ એસા તેલ બંદર પર યુએસય દ્વારા એર સ્ટ્રાઈક કરવામાં આવી છે. જે હવાઈ હુમલામાં ૨૦ લોકો માર્યા ગયા છે અને ૫૦ અન્ય ઘાયલ થયા છે. હુતી બળવાખોરોએ શુક્રવારે આ માહિતી આપી હતી. યુએસ આર્મીના સેન્ટ્રલ કમાન્ડએ પણ આ હુમલાઓની પુષ્ટિ કરી છે. ૧૫ માર્ચથી હુથી બળવાખોરો વિરુદ્ધ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્ર દ્વારા શરૂ કરાયેલા અભિયાન દરમિયાન માર્યા ગયેલા લોકોની આ સૌથી વધુ સંખ્યા છે. યુએસ સેનાના સેન્ટ્રલ કમાન્ડએ એક નિવેદનમાં (અનુ. આઠમા પાને)

# 'જમાઈ બાબુ' ઉપર કાળા-ધોળા કરવાના ત્રણ કેસોમાં ચાર્જશીટ દાખલ કરશે ઈડી

## ગુડગાવ અને બિકાનેર જમીન સોદો, ૭૫ એરક્રાફ્ટની ખરીદી સહીતના કેસોમાં ચાર્જફ્રેમ કરવા ગતિવિધિ તેજ

**અબતક, રાજકોટ**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટૂંક સમયમાં રોબર્ટ વાડ્રા વિરુદ્ધ ઓછામાં ઓછા ત્રણ મની લોન્ડરિંગ કેસોમાં ચાર્જશીટ દાખલ કરે તેવી પ્રબળ શક્યતા છે. જેમાં ગુડગાંવ જમીન સોદા કેસનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય બાબત છે કે, સતત ત્રણ દિવસથી રોબર્ટની ઈડી દ્વારા ચાલતી પૂછપરછ આ બાબત તરફ ઈશારો કરી રહી છે અને તપાસથી વાકેફ અધિકારીઓ પણ આ બાબતની પુષ્ટિ કરી રહ્યા છે.



સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ચાર્જશીટ દાખલ કરવાથી વાડ્રા વિરુદ્ધ ત્રણેય કેસોમાં એકસાથે આરોપો ઘડવામાં આવશે એટલે કે ચાર્જ ફ્રેમ કરવામાં આવશે. અન્ય બે કેસ ભાગેડુ શસ્ત્ર વેપારી સંજય ભંડારી સાથેના તેમના કથિત સંબંધો સાથે સંબંધિત છે. જેમણે સંરક્ષણ સોદાઓમાંથી ગુનાના કથિત પૈસાથી લંડનમાં મિલકતો મેળવી હતી અને બિકાનેર જમીન સોદા કેસમાં લોન્ડરિંગના આરોપો સાથે સંબંધિત છે. અત્યંત ઉલ્લેખનીય બાબત છે કે, સંજય ભંડારીની થોડા દિવસો પૂર્વે જ યુરોપિયન કોર્ટે ભારત પ્રત્યાર્પણ પર રોક લગાવી દેવામાં આવી હતી. એક સૂત્રના જણાવ્યા અનુસાર જો સંજય ભંડારીને ભારત હવાલે કરી દેવામાં આવે તો મની લોન્ડરીંગ કેસમાં તમામ વટાણા વેરાઈ જવાની પ્રબળ શક્યતા હતી (અનુ. આઠમા પાને)

### વાડ્રા-ભંડારીના સંબંધો તપાસના કેન્દ્રમાં

પિલાટસ સોદામાં ઈડીની તપાસમાં ભંડારીની દુબઈ કંપની, ઓફસેટ ઈન્ડિયા સોલ્યુશન્સ એફઝેડસીના ખાતાઓમાં રૂ. ૩૧૦ કરોડની કથિત નાણાકીય વ્યવહાર મળી આવી છે. ગુનાની આવકનો ઉપયોગ દુબઈ અને લંડનમાં મિલકતો ખરીદવા માટે કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. ઈડીએ ૧૫૦ કરોડ રૂપિયા શોધી કાઢ્યા અને ભારતમાં ભંડારીની ૨૬ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી અને ચાર્જશીટ પણ દાખલ કરી છે.વાડ્રા ભંડારીની લંડન મિલકતો સાથે જોડાયેલા છે. ઉલ્લેખનીય છે કે, ભંડારીની સંડોવણી મની લોન્ડરીંગ કેસ, ગેરકાયદે આવકથી મિલ્કત ખરીદવી સહીતમાં સામે આવી ચુકી છે અને વાડ્રા-ભંડારી વચ્ચે મસમોટું કનેક્શન હોવાની પણ ચર્ચા અધિકારીઓની ગલિયારીમાં ચાલી રહી છે.

# હવે ધો.૧૨ પાસ પણ પ્લેન ઉડાડી શકશે!!!

## DGCAના નિર્ણયના મુખ્ય હેતુ આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે પણ પાઈલટ બનવાનો માર્ગ ખોલવાનો!!

**અબતક, રાજકોટ**

હાલમાં, ભારતમાં કોમર્શિયલ પાઈલટ બનવા માટે ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર અને ગણિત વિષયો હોવા ફરજિયાત છે. પરંતુ, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) આ નિયમમાં એક મોટો ફેરફાર કરવાનું વિચારી (અનુ. આઠમા પાને)



# હવે કૈલાશ માન સરોવર યાત્રા સરળ બનાવવા ચીને મન બનાવ્યું

**અબતક, નવી દિલ્હી**

કૈલાશ માનસરોવર યાત્રાના શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર છે. ભારત અને ચીન બંને દેશોએ સંબંધો સુધારવાના પ્રયાસોના ભાગ રૂપે કૈલાસ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા પર વિચાર કરી રહ્યા છે.વિદેશ મંત્રાલય એ પવિત્ર યાત્રાની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે અને તેઓ ટૂંક સમયમાં આ અંગે નોટિસ જારી કરશે.કૈલાશ માનસરોવર યાત્રા અને ફ્લાઈટ સેવાઓ ફરી શરૂ કરવાનું પગલું પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા લશ્કરી ગતિરોધને કારણે બગડેલા સંબંધોને સુધારવાના ભારત અને ચીનના પ્રયાસોનો એક ભાગ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારત અને ચીન બંને પક્ષો વચ્ચે ફ્લાઈટ સેવાઓ ફરી શરૂ કરવા માટે સૈદ્ધાંતિક રીતે સંમત થયા છે.

(અનુ. આઠમા પાને)




### બાર વર્ષે 'બાવો' બોલ્યો!!

# 'નકલી' નોટ નહિ વટાવતા આજીવન કારાવાસમાંથી બેનો છુટકારો

## બજારમાં નકલી નોટોનો અસલી તરીકે ઉપયોગ કરવાનો કોઈ ઈરાદો નહિ હોવાના આધાર પર બેલડીને રાહત આપતી હાઈકોર્ટ

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ઓક્ટોબર ૨૦૧૨ માં સુરેન્દ્રનગરમાં નકલી ચલણી નોટો સાથે પકડાયેલા બે વ્યક્તિઓને ફટકારવામાં આવેલી આજીવન કેદની સજાને ઉલટાવી દીધી હતી. હાઈકોર્ટે તેમને એ આધાર પર રાહત આપી હતી કે, બજારમાં મળતી નકલી નોટોનો અસલી તરીકે ઉપયોગ કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો. ઉલ્લેખનીય છે કે, ૧૩ વર્ષ બાદ બંને આરોપીઓને આજીવન કેદમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

હાઈકોર્ટે ફરિયાદ પક્ષના કેસને સ્વીકાર્યો કે બે આરોપીઓ ભરત મુખિયા અને સંતોષ મુખિયા જ્યારે હળવદથી સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટમાં તેમના સાથીદાર, જેની ધરપકડના ૧૦ દિવસ પહેલા (અનુ. આઠમા પાને)











## આજે વર્લ્ડ હેરિટેજ દિવસ

# સ્મારકો એ એક પેઢીને બીજી પેઢી સાથે જોડતો મજબૂત સેતુ

## આપણા પૂર્વજોનું સ્થાપત્ય ફક્ત કલા નથી, તે પથ્થરમાં રહેલું શાણપણ છે, તેને બચાવો, રક્ષણ કરો અને તેને આગળ વધારોઃ વારસો ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચેનું જોડાણ

પ્રાચિન કાળથી આપણા દેશમાં ભવ્ય મહાલયો સાથે શિલ્પ કલાના ઉત્તમ નમુના જેવી ઘણી સાઈટસ - મ્યુઝિયમો, મહેલો અને નેશનલ પાર્ક જોવા મળે છે ત્યારે યુનેસ્કો જેવી વૈશ્વિક સંસ્થા જે વિશ્વના દેશોની ધરોહરની જાળવણી બાબતે સક્રિય છે તેની પહેલથી ૧૯૭૨ માં વિશ્વભરના દેશોનાં સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે તમામ દેશો માટે એક સંધિ કરવામાં આવી હતી જેના ભાગરુપે ૧૯૮૩ થી આ દિવસ ઉજવવાનું નકકી કરાયું હતું. આજે વિશ્વભરમાં ૧૧૨૦ થી વધુ વિરાસતો અજાયબી સમી કલા કારીગરીનો ઉત્તમ નમુનાઓ છે ત્યારે એકલા ઈટાલીમાં ૫૮ સ્થળો સાથે વિશ્વમાં પ્રથમ નંબરે છે. આપણા દેશમાં પણ ૪૦ થી વધુ ધરોહર છે. અને આપણા ગુજરાત, રાજસ્થાન ચાર-ચાર સાઈટસ સાથે બીજા ક્રમે છે. મહારાષ્ટ્રમાં પાંચ વિરાસત સાથે પ્રથમ ક્રમે છે. આપણા એશિયો ખંડમાં ચીન પછી આપણો બીજો ક્રમ છે.



આજે વૈશ્વિકસ્તરે હેરીટેજના ત્રણ પ્રકારોમાં પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને મિશ્ર વિરાસત છે. યુનેસ્કોના નેજા તળે આપણા દેશમાં ૫૦ થી વધુ સાઈટસ અને મ્યુઝિયમોનો સમાવેશ થાય છે. વિશ્વની સાત અજાયબીમાં આપણો તાજમહલ જગ મશહુર છે. હજારો વર્ષ પહેલા ટાંચા સાધનોની મદદથી કલા શિલ્પ કારીગરીના ઉત્તમ નમુના સમી આ વિરાસત આપણે જોઈએ ત્યારે એ વખતની કલાકારોની કલા, શિલ્પ સ્થાત્પકલા, આર્કિટેકચર વિગેરે પ્રત્યે માન થઈ જાય છે, અને એટલે જ આ વિરાસતને સાચવવાની, રક્ષણ કરવાની જવાબદારી આપણાં સૌની છે. ખાસ કરીને આજનો યુવા વર્ગ અને ભાવી પેઢી દેશના આ સાંસ્કૃતિક વારસા વિશે જાણે તે જરૂરી છે.

માનવ સંસ્કૃતિ સાથે સંકળાયેલા આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ માટે જનજાગૃતિ લાવીને ભાવી પેઢી તેનો ઈતિહાસિ જાણીને તેની જાળવણી બાબતે સક્રિય થાય તે જરૂરી છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ વિરાસતો આપણાં ભારતમાં છે, એટલા જ માટે ભારતીય સંસ્કૃતિક વૈશ્વિક સ્તરે મોખરે છે. એક સર્વે મુજબ દેશમાં ૩૬૯૧ સંરક્ષિત માળખા અને સાઈટસ છે, જે પૈકી યુનેસ્કોએ તો હજી ૫૦ સાઈટસ મ્યુઝિયમોને માન્યતા આપી છે.

આપણો ભારતીય કે ગુજરાતી તરીકે પણ હજી ઘણી સાઈટસની ઉત્તમ, કલા કારીગરી જોઈને વિદેશી પ્રવાસે આવે તો તે આ સાઈટ જોઈને અચંબિન થઈ જાય છે. તાજમહેલ, રાજસ્થાનના પહાડી કિલ્લા, અંજતા, ઈલોરાની ગુફા, સૂર્ય મંદિર, જેવી વિરસતો છે, જેને એકવાર અચુક જોવી અને ભાવી પેઢીને ખાસ બતાવવી. નંદાદેવી નેશનલ પાર્ક, વેલી ઓફ ફલાવર્સ નેશનલ પાર્ક, કાઝીરંગા ગાઈલ્ડ લાઈફ સેન્ચુરી, વેસ્ટર્ન ઘાટ નેશનલ પાર્ક, સુંદર વન નેશનલ પાર્ક, જેવા અન્ય પ્રાકૃતિક વારસાના સ્થળો રાષ્ટ્રિય ઉધ્યાનમાં સામેલ છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૭૪૫ સાથે પ્રથમ ક્રમે અને બીજા સ્થાને કર્ણાટક ૫૦૬ સાઈટસ સાથે છે. મારી સંસ્કૃતિ મારી ઓળખ અને વ્યકિતત્વ છે, અને તેમને અન્ય લોકોથી આધ્યાત્મિક, બૌધ્ધિક અને ભાવનાત્મક રીતે અલગ પાડે છે. મારી સંસ્કૃતિ અને વિરાસતોનો મને ગર્વ છે. સંસ્કૃતિએ વિચારવાની એક રીત છે, મુલ્યોનો સમુહ છે, જે આપણા વર્તનને પ્રભાવિત કરે છે, પર્યટન માટે આપણો ભવ્ય સાંસ્કૃતિક વારસો અને તેની જાળવણી કરવી જરૂરી છે. થોડા વર્ષો પહેલા ધોળાવીરા, અને તેલંગાણાના રામપ્પા મંદિર વિશ્વ ધરોહરમાં જાહેર કરતાં દેશમાં વિરાસતની સંખ્યા ૪૦ થઈ ગઈ છે. ૧૯૮૩ માં યુનેસ્કો સક્રિય થતાં જ ભારતના એક સાથે ત્રણ સ્થળોમાં અંજતા - ઈસોરાની ગુફા, તાજમહેલ અને આગ્રાનો કિલ્લાનો વર્લ્ડ હેરિટેજ ની સાઈટસમાં સામેલ કર્યા હતા.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણાં દેશમાં ૩૨ સાંસ્કૃતિક, ૭ પ્રાકુતિક અને એક મિશ્ર ધરોહર છે. દુનિયામાં આફ્રિકામાં ૯૬, આરબ રાષ્ટ્રોમાં ૮૬, એશિયા - પેસિફિકમાં ૨૬૮, યુરોપ અને ઉત્તર અમેરિકામાં ૫૨૮, લેટીન અમેરિકામાં અને કેબેરીયન દેશોમાં ૧૪૧ સાઈટ આવેલી છે. આજે દુનિયામાં ૬૬૮ સ્થળો સાંસ્કૃતિક, ૨૧૩ પ્રાકૃતિક, અને ૩૯ સ્થળો મિશ્ર છે. વિશ્વમાં ઈટાલી, ચીન, જર્મની, સ્પેન, ભારત, ફ્રાન્સ, મેકિસકો, બ્રિટન, ઈરાન, જાપાન દેશોની મહાન વિરાસતો જોવા જેવી છે. આપણા ગુજરાતમાં ૧૯૭૧ ના દુકાળ વખતે તળાવ ખોદતા ધોળાવીરા અને હડપ્પન સંસ્કૃતિની વિરાસત આપણને મળી હતી.

આ વર્ષની ઉજવણી થીમ '' આપત્તિઓ અને સંઘર્ષોના જોખમમાં મુકાયેલ વારસો '' છે, જેનો મુખ્ય હેતુ તેના રક્ષણ - જતનની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. આપણાં ભૂતકાળમાં અને હજારો વર્ષ પહેલાની પ્રાચિન સંસ્કૃતિ સમયે નિર્માણ પામેલા આ અમૂલ્ય વારસાની જાળવણી જરુરી છે. આપણી મહાન વિરાસતો ઉપર પ્રકાશ પાડીને ભાવી પેઢીને તેનો ઈતિહાસ જણાવવો જરુરી છે. આપણી ધરોહર જ આપણો ઈતિહાસ છે, તેથી તેને આપણે જાણવો જરુરી છે. આપણા સ્મારકો, સ્થળો સાથેના સાંસ્કૃતિક વારસાનું જતન અને તેના મહત્વને પ્રોત્સાહન આપવાનો આજે શુભ દિવસ છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં અનન્ય અને વૈવિદયસભર છે, તેની ઉજવણીમાં લોકો અને ભાવી પેઢીને પ્રસંશા કરવા અને રક્ષણ કરવા પ્રોત્સાહીત કરે છે.

આપણા આ અમુલ્ય વારસાને, મુલ્યને કુદરતી આફતો, માનવ પ્રવૃતિઓ કે શહેરી કરણથી નુકશાન ન થાય કે વિનાશ ન થાય તે માટે તેનું રક્ષણ કરવું જરૂરી છે. આપણાં દેશમાં પ્રાચીન ખંડેરો, ઐતિહાસિક સ્મારકો, કુદરતી લેન્ડસ્કેપ અને સાંસ્કૃતિક પ્રથાઓનો સમાવેશ થાય છે. ઘણા હેરિટેજ લોક પ્રિય પ્રવાસન સ્થળો હોવાથી સ્થાનીક અર્થતંત્રને વેગ આપે છે. ભવિષ્યની પેઢીઓ માટે તેમનું સતત અસ્તિત્વ નકકી કરવા તેને સુરક્ષિત અને સાચવવા જોઈએ.

### ગુજરાતની વિરાસત

ચાંપાનેર - પાવાગઢ પુરાતત્વીય ઉધ્યાન - ૮ મી શતાબ્દીથી ૧૨મી શતાબ્દી, રાણકી વાવ - ૧૧ મી શતાબ્દી
ઐતિહાસિક શહેર- અમદાવાદ - ૧૫ મી શતાબ્દી
ધોળાવીરા કચ્છ - ૫૦૦ વર્ષ પહેલાનું પ્રાચિનનગર

**વિશ્વ વિરાસત સ્થળોમાં ભારત દુનિયામાં છઠ્ઠા ક્રમે અને એશિયામાં બીજા ક્રમે : દુનિયામાં કુલ ૧૧૨૦ વિરસતોમાં ૫૮ સ્થળો સાથે ઇટાલી પ્રથમ ક્રમેઃ આપણાં દેશમાં પણ ધરોહરની સંખ્યા ૪૦ની છે, પાંચ સ્થળો સાથે મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છેઃ સાંસ્કૃતિક વારસો માત્ર ભૂતકાળની વસ્તુ નથી, પરંતુ તે કંઇક છે જે આજે પણ સુસંગત છે, અને ભવિષ્યને આકાર આપતું રહે છેઃ યુનેસ્કોની પહેલથી વૈશ્વિક સંધિ લાગુ કરાતા પ્રાકૃત્તિક ધરોહર સ્થળ, સાંસ્કૃતિક અને મિશ્ર વિરાસત જેવી ત્રણ શ્રેણી નકકી કરાઇ હતીઃ આપણાં દેશમાં યુનેસ્કોના નેજા તળે ૫૦ સાઇટસ અને મ્યુઝિયમોનો સમાવેશ થાય છે**

---

**આજે વર્લ્ડ હેરિટેજ ડે**

# વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના પ્રથમ પુરાતાત્વિક સંગ્રહાલય વારસાનું પ્રતિબિંબ

## ૭૫ દિવસમાં ૩૨,૦૦૦ લોકોએ વડનગરના પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલયની મુલાકાત લીધી, થીમેટિક ગેલેરીઓ બની આકર્ષણનું કેન્દ્ર

**અબતક, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે ૨૦૪૭ સુધીમાં એક વિકસિત દેશ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ વિઝનને સાકાર કરવામાં ગુજરાત અમૂલ્ય યોગદાન આપી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય તેના સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે સક્રિયપણે કાર્ય કરી રહી છે. આ પ્રતિબધ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ અનંત અનાદિ વડનગરમાં આવેલું આર્કિયોલોજીકલ પુરાતાત્વિક અનુભવાત્મક એકસપિરીયન્સ મ્યુઝિયમ સંગ્રહાલય છે. ઉલ્લેખનીય છે કે,



૧૮ એપ્રિલે વિશ્વ વારસા દિનની ઉજવણી કરવામાં આવે છે ત્યારે વડનગરનું પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલય સાંસ્કૃતિક વારસાના સંરક્ષણમાં સીમાચિહ્નરૂપ બની ગયું છે. આજે ગુજરાતનું વડનગર તેના ઐતિહાસિક વારસાને પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલયના રૂપમાં સાચવીને બેઠું છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મસ્થળ વડનગરમાં સ્થિત આ સંગ્રહાલયનું ઉદઘાટન ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧ ફેબ્રુઆરીથી મ્યુઝિયમ ખૂલતાં જ માત્ર ૭૫ દિવસમાં કુલ ૩૨,૦૦૦ લોકોએ તેની મુલાકાત લીધી હતી, જે સાંસ્કૃતિક પ્રવાસન માટે દ્રષ્ટાંતરૂપ છે. આ મુલાકાતીઓમાં લગભગ ૨૮% વિદ્યાર્થીઓ અને વિદેશી પ્રવાસીઓ છે. બાકીના મુલાકાતીઓમાં બાળકો, વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે, જે દરેક વ્યક્તિ માટે સુલભતા પ્રત્યેની પ્રતિબધ્ધતા સૂચવે છે.

### પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલય

આ સંગ્રહાલય વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના વારસાનું પ્રતિબિંબ છે જેમાં કલા, સ્થાપત્ય, વેપાર, શહેરી આયોજન અને શાસનનું મિશ્રણ છે. મુખ્ય વ્યાપારી માર્ગ પર સ્થિત હોવાને લીધે વડનગર હિંદુ, બૌધ્ધ, જૈન અને ઈસ્લામ ધર્મોના સંગમનું એક જીવંત કેન્દ્ર હતું. આ તમામ ઐતિહાસિક ખાસિયતોને ધ્યાનમાં રાખીને આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ તૈયાર કરવામાં આવ્યું છે. ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત આ ચાર માળનું મ્યુઝિયમ લગભગ ૧૨,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. પ્રવાસીઓને વડનગરના પુરાતત્વીય ખોદકામમાંથી મળેલા અવશેષોનો અનુભવ પૂરો પાડવા માટે એક કાયમી શેડ બનાવવામાં આવ્યો છે તેમજ અન્ય પ્રવાસન સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. ઑડિયો-વિઝ્યુઅલ ફિલ્મો અને પ્રદર્શનો ધરાવતું આ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ ઈતિહાસના શોખીનો માટે એક ખાસ ભેટ છે.

---

## જીવનને સફળ બનાવવા સંયમ, સહનશીલતા, સમાધિ જરૂરી છેઃ ધીરગુરુદેવ

### સમરતબાઈ મ.સ. ગુણાંજલી સભા ઈન્દુબાઈ મ.સ. કિરણબાઈ મ.સ. અને હરેશભાઈ વોરાએ ગુણાંજલીમાં સુર પુરાવ્યો

**અબતક, રાજકોટ**

શાલીભદ્ર સરદારનગર જૈન સંઘ રાજકોટ ખાતે પૂ. ધીરગુરુદેવે સ્મૃતિ સંવેદના પ્રવચનમાં જણાવેલ કે, પૂ. સમરતબાઈ મ.સ., એક સમર્થ અને આત્મર્થી સાધક હતા. નિસ્પૃહતા અને નિરાગ્રહી હતા. ૮૦ વર્ષના સંયમ પર્યાય ધારી પ્રથમ સાધ્વીજી હતા. જેઓ સદાયે સંયમ, સહનશીલતા અને સમાધિમાં રત રહેતા હતા.

આ પ્રસંગે ઈન્દુબાઈ મ.સ. કિરણબાઈ મ.સ., પ્રવીણાજી મ.સ., અને હરીશભાઈ વોરાએ ગુણાંજલીમાં સૂર પૂરાવ્યો હતો.



માતૃશ્રી કુમુદબેન મહેતા પ્રેરિત ઉપરના હોલ માં એ.સી. અર્પણ કરાતા પિયુષ અને શીલા મહેતાનું અભિવાદન કરાયું હતું.

સમુહ આયંબિલનો લાભ ચંદુલાલ કેશવજી વોરા (મોમ્બાસા) અને અનુમોદનાનો સુશીલાબેન કાંતિલાલ વોરાએ લીધેલ. ૨૫૦ જેટલા ભાવિકો આયંબિલ તપમાં જોડાયા હતા. ભાનુબાઈ મ.સ., નીરુબાઈ મ.સ. એ વડીલ સમર્થ ગુરુણીના સંસ્મરણોની સ્મૃતિ તાજી કરાવી હતી.

---

### સૂડોકુ -૧૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | ૨ | | | | | ૮ |
| | ૬ | ૮ | | ૫ | | ૪ | | ૧ |
| | | ૨ | ૮ | | | ૬ | ૯ | |
| | | | | ૨ | | ૯ | | |
| | | ૩ | ૪ | ૭ | ૫ | | ૮ | |
| ૧ | ૭ | | ૯ | | | | | |
| ૪ | | ૧ | | | ૨ | | ૬ | ૯ |
| | ૮ | | ૫ | | | | ૪ | ૨ |
| | ૨ | | | | ૯ | | | ૩ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૩૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ | ૭ |
| ૬ | ૯ | ૮ | ૩ | ૭ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૭ | ૮ | ૨ | ૧ | ૩ | ૯ | ૬ |
| ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૫ | ૬ | ૭ | ૯ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૯ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૭ | ૬ | ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૧ | ૬ | ૭ | ૫ | ૨ | ૯ | ૩ | ૪ |
| ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૩ | ૭ | ૬ | ૫ |
| ૫ | ૭ | ૩ | ૯ | ૪ | ૬ | ૧ | ૨ | ૮ |

---


### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૮-૦૪-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર સેન્ડવીચ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. સમીર વસાવડા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (૫ સ્ટાર આન્ટી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૪-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ


### અબતક પંચાગ

**તા.૧૯-૪-૨૦૨૫ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ચૈત્ર વદ છઠ ગીષ્મઋતુ પ્રારંભ
**નક્ષત્ર** મૂળ
**યોગ** શિવ **કરણઃ** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૨૫ **સુર્યાસ્તઃ** ૭.૦૮
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૪૯ થી ૧.૪૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

### આવતીકાલનું રાશિફળ

**તા.૧૯.૪.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ છઠ, મૂળ નક્ષત્ર, શિવ યોગ, વિષ્ટિ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
**વૃષભ** (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.
**મિથુન** (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**કર્ક** (ડ,હ) : શત્રુઆથી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.
**સિંહ** (મ,ટ) : સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કન્યા** (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
**તુલા** (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.
**વૃશ્ચિક** (ન,ય) : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.
**મકર** (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
**કુંભ** (ગ,સ,શ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
**મીન** (દ,ચ,ઝ,થ) : નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

### સેનાપતિ મંગળ મહારાજ હાલ કર્કમાં નીચસ્થ છે

આપણે હાલમાં ગોચરમાં શનિ રાહુ શ્રાપિત યોગની અને તેની સાથે રહેલા શુક્ર અને બુધની ચર્ચા કરી રહ્યા હતા જેના લીધે વિશ્વભરમાં ઘટનાક્રમ તેજ બન્યો છે અને ટ્રેડ વોર શરુ થઈ છે અને દિવસે દિવસે આ વોર અને તેને આનુસંગિક બાબતો બધાને દઝાડી રહી છે જે પિશાચયોગની કાર્ય હેડલેસ કાર્ય છે અને તેના પરિણામો આપણે જોઈ રહ્યા છીએ આ બધા વચ્ચે લાંબા સમયથી કર્ક અને મિથુનમાં ફરતા સેનાપતિ મંગળ મહારાજ જે હાલ કર્કમાં નીચસ્થ છે તેની વાત કરીએ તો મંગળએ લોહી છે, મંગળ જમીન છે મંગળ પોલીસ અને સેનાએ છે અને મંગળ વિપરીત થાય ત્યારે આતંકી ગતિવિધિ વધતી જોવા મળે છે હાલ મંગળ નીચસ્થ હોવાથી અને રાહુની દ્રષ્ટિ તેના પર આવતી હોય વિપરીત પરિણામો આપે છે અને ગમખ્વાર અકસ્માતો પણ આપે છે આ અગાઉ શનિ રાહુના લીધે મેં ટાયર વિષે પણ જણાવેલું અને કોઈને કોઈ રીતે અકસ્માત સર્જવા, આગજનીની ઘટનાઓ હાલમાં વધુ બનતી જોવા મળે છે વળી લોકોનો ગુસ્સો પણ વિશેષ જોવા મળે અને કોઈ કોઈ જગ્યાએ આંદોલનો તેજ થતા જોવા મળે. મંગળ નેતૃત્વ છે વળી ગ્રહોના રાજા સૂર્ય મહારાજ મેષમાં ઉચ્ચના થઈ ગયા છે જે સરકાર પાસેથી કડક નિર્ણય લેવરાવશે અન્યથા ઘણા આંદોલન ભવિષ્યમાં લટકતી તલવાર જેમ ઉભા છે!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

### ગરમીથી બચો...ઠંડકમાં વસો

# કાળઝાળ ગરમીમાં એસી અને કુલરના વેચાણ થકી વેપારીઓને "ટાઢક"

## ઓટો કલીનનું ઓપ્શન, વાઈફાઈ,વોઈસ કમાન્ડ જેવી અદ્યતન ટેકનોલોજીસભર એસી અને કુલરનું બજારમાં ધૂમ વેચાણ

**અબતક રાજકોટ**

ગરમીનો પારો દિન-પ્રતિદિન ઉપર જઈ રહ્યો છે ત્યારે ગરમીની અસર રાજકોટની બજાર પર પણ જોવા મળી રહી છે. ઈલેક્ટ્રોનિક બજારમાં એસી અને એર કુલરની ડીમાંડમાં ખૂબ મોટો ઉછાળો આવ્યો છે.

માત્ર એપ્રિલ મહિનામાં જ એસીના અંદાજિત સાડા સત્તર લાખ યુનિટ વેચાયા હોવાના આંકડાઓ સામે આવી રહ્યા છે. ત્યારે રાજકોટના બજારોમાં એસી અને કુલરની માંગ વધે છે અને દુકાનોમાં પણ તેની ખરીદી માટે ભીડ જોવા મળે છે.ચાલુ વર્ષે માર્ચ મહિના બાદ જ ગરમીના પ્રમાણમાં વધારો શરૂ થઈ ગયો હતો.

એપ્રિલમાં જ ગરમીએ માઝા મૂકતા પારો ૪૨ ડિગ્રીને પાર કરી ગયો હતો. જ્યારે મે માહિનો પણ બરોબરનો તપી રહ્યો છે અને તાપમાન ૪૪-૪૫ ડિગ્રી જોવા મળી રહ્યું છે. આ તડકામાં ગરમીથી રાહત આપતા એસી, કુલરની



### એસીના યુનિટનો વપરાશ હવે મોબાઈલ મારફતે મેળવી શકાશેઃ અમિત લાઠીગરા



અબતક સાથેની વાતચીતમાં કિરણ ઈલેક્ટ્રોનિક ના સ્ટોર મેનેજર અમિત લાઠીગ્રાએ જણાવ્યું હતું કે, આ વર્ષે એસીમાં અવનવા મોડેલ આવ્યા છે જેમાં એસી નું લાઈટ બિલ યુનિટ નો વપરાશ સહિતના વિકલ્પો આપવામાં આવે છે આ ઉપરાંત પાવર સેવર ની સિસ્ટમ પણ જોરદાર આપવામાં આવે છે, એલજીના એસીમા કોમ્પ્રેસર ડ્યુઅલ ઈન્વર્ટર આવે છે.જેનાથી કૂલિંગ ઝડપથી થાય છે તેમજ કેટલી એનર્જી નો વપરાશ થયો તે પણ દેખાય છે ઓફર ની વાત કરીએ તો કેશબેક ની સાથે ક્રેડિટ કાર્ડ પર પણ તેમજ ઈએમઆઈ પર ઈલેક્ટ્રીક આઈટમની લોકો ખરીદી કરી રહ્યા છે.

### ટેલિકોમ ,બ્લુસ્ટાર,ગોદરેજ,આઈએફબી, સહિતની કંપનીઓમાં એસી-કુલર ઉપલબ્ધઃ દીપક પોપટ



અબતક સાથેની વાતચીતમાં પુજારા ટેલિકોમના હેડ ઓફિસ ના દિપક પોપટે જણાવ્યું હતું કે, આ વર્ષ એસીમાં ઉમદા ફિચર્સ સાથે દરેક કંપનીઓ અગ્રેસર આવવા પ્રયાસ કરી રહી છે ઈલેક્ટ્રિક બિલ અને કેટલા યુનિટનો વપરાશ કર્યો છે તે પણ ફિક્સ કરી શકીએ છીએ જેથી બિલ માં વધારો આવતો નથી આ ઉપરાંત જેટલા યુનિટ નો વપરાશ કરીએ છીએ તેનો મેસેજ મોબાઈલ મારફતે મેળવી શકાય છે અત્યારે એસીમા ૧ ટન,૧.૫ટન,૧.૬ટન,૨ ટન, ૨.૫ટન,૩ટન,ટાવર એસી,સપ્લીટ એસી,વિન્ડો એસી અમારે ત્યાં ઉપલબ્ધ છે, તથા એર કૂલરમા પણ અવનવી વેરાઈટી ઉપલબ્ધ છે જેમાં વોરંટી વધારે આપવામાં આવી છે આ ઉપરાંત એસીમા એક એવી ટેક્નોલોજી છે જેમાં સર્વિસની જરૂર પડતી નથી તેમાં ઓટો ક્લીનનું ઓપ્શન આવે છે જે થી તેની જાતે એસી સાફ થઈ જાય છે તેમજ રૂમના તાપમાન અને બહારના તાપમાનને અનુસંધાને કામગીરી કરે છે ઓફરની વાત કરીયે તો ઓછા ડાઉન પેમેન્ટ સાથે ઈએમઆઈ થકી પુજારા ટેલિકોમ, હાયર, લ્લોયડ, બ્લુસ્ટાર, ગોદરેજ, આઈએફબી, સહિતની અનેક કંપનીઓમાં એસી અને કુલર ઉપલબ્ધ છે આ ઉપરાંત ગયા વર્ષ કરતા આ વખતે ઘરાકી સારી એવી જોવા મળી રહી છે

### વાઈફાઈ વોઈસ કમાન્ડ સહિતના ફીચર્સ સાથે નવી ટેક્નોલોજીથી સજજ એસીની વધુ માંગઃ ઈશિત મણિયાર



અબતક સાથેની વાતચીતમાં મણીયાર એન્ટરપ્રાઈઝના ઈશિત મણિયારે જણાવ્યું હતું કે છેલ્લા છ વર્ષથી ઈલેકટ્રોનિક સાધનોનો વેપાર કરીએ છીએ અમારે ત્યા એસી ,ફ્રીજ,વોસીંગ મશીન, કૂલર, ટીવી આ બધી વસ્તુનો હોલેસેલમા વેચાણ કરીએ છીએ, તેમજ અમારી પાસે ૧૦ કંપનીના એસી છે જેમાં નવી ટેકનોલોજીમા વાઈફાઈ,વોઈસ કમાન્ડ એસી,ઈન્વર્ટર,નોન ઈન્વર્ટર,ફોર વે સ્વિંગ,ટુ વે સ્વિંગ અને કૂલરમા કેન્સ્ટર,બ્લુસ્ટાર નવી ટેક્નોલોજીના કુલર આવ્યા છે , ગયા વર્ષ કરતા ૨૦૦૦ રૂપિયાનો ભાવ વધારો નોંધાયો છે એસી મા ૦.૮ ટન, ૧ ટન, ૧.૫ ટન, ૨ ટન, ૨.૫ ટન એસી આવે છે. આ વખતે સપ્લીટ એસી વધારે માંગ છે, દરેક કંપની ૧વર્ષમા ૩ સર્વિસ ફ્રીમા આપે છે.ગયા વર્ષે કરતા સેલિંગમા વધારો થયો છે.



હવે,રાજકોટમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે અને તેની અસર હવે વર્તાઈ રહી હશે. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થતો હશે અને તાપમાન ધીમે ધીમે વધી રહ્યું હશે. લોકો ગરમીથી બચવા માટે એર કંડિશનર અને એર કૂલર જેવા ઉપકરણો ખરીદવાનું શરૂ કરે છે. જ્યારે એર કંડિશનર ઊંચા તાપમાન અને વધુ ભેજવાળા વાતાવરણમાં વધુ અસરકારક સાબિત થાય છે.આથી, ઉનાળાની શરૂઆત થતાં જ ડીમાંડમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે વર્ષની તુલનામાં આ વર્ષે સરેરાશ ૨૦ ટકા જેટલો એસીની બજારમાં ઉછાળો આવ્યો છે.

એસી ચાલુ વર્ષે ધુમ વેચાવાનો વેપારીઓનો આશીર્વાદરૂપ છે તેમજ એપ્રીલ અને મે માસમાં જે ઈન્કરવાયરી થતી હતી, તે માર્ચ અને એપ્રીલની શરૂઆતમાં જોવા મળી છે. ખરીદી માટે આવી રહેલ ગ્રાહકોને જરૂરત મુજબ એસી ખરીદવાની સલાહ વેપારીઓ દ્વારા આપવામાં આવી રહી છે.

### એસીમાં ઓટો ક્લીન ઓપ્શન આશીર્વાદ સમાનઃ રવજીભાઈ રામોલીયા



અબતક સાથેની વાતચીતમાં શ્રીજી ઈલેક્ટ્રોનિક ના રવજીભાઈ રામોલિયા એ જણાવ્યું હતું કે અમે છેલ્લા ૪૩ વર્ષથી ઈલેક્ટ્રોનિક્સ આઈટમો નું વેચાણ કરી રહ્યા છીએ જેમાં એસી, ફ્રીજ, વોશિંગ મશીન અને કુલર સહિતની તમામ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ રાખીએ છીએ, આ ઉપરાંત આ વર્ષે.એસીમા હવે ઓટો ક્લીનના ઓપ્શન અવી ગયા છે જેથી મેઈન્ટેનન્સ ઓછું આવે છે,તેમજ આપમેળે એસીની સાફ-સફાઈ થઈ જાય છે આ ઉપરાંત એસી માં વાઈફાઈ કનેક્ટિવિટી પણ આવી છે,ગયા વર્ષ કરતા ૩૦ ટકાનો વધારો છે ગ્રાહકોને ખરીદી બાદ પણ ઉત્તમ સર્વિસ આપવામાં આવે છે

### ગ્રાહકો જરૂરિયાત અને ભાવ પ્રમાણે ખરીદી કરતા હોય છેઃ અલ્પેશ પટેલ



અબતક સાથેની વાતચીતમાં વિજય ઈલેક્ટ્રોનિક્સના અલ્પેશ પટેલે જણાવ્યું હતું કે, અમે ૧૪ કંપનીના ડિસ્ટ્રીબ્યુટર છે, હવે અવનવી ટેકનોલોજી થી સજ એસી ઉપલબ્ધ છે તેમાં પણ ગવર્મેન્ટ ના રૂલ્સ ને ફોલો કરવામાં આવે છે આ ઉપરાંત બ્રાન્ડ ને પણ મહત્વ આપવામાં આવે છે, લોકો જરૂરિયાત પ્રમાણે એસી ખરીદીતા હોય છે તેમજ ભાવમાં કોઈ વધારે ફેરફાર નોંધાયો નથી આ ઉપરાંત પાવર સેવિંગ ને પણ મહત્વ આપવામાં આવે છે તેમજ ગ્રાહકો જરૂરિયાત અને ભાવ પ્રમાણે ખરીદી કરતા હોય છે અહીં બધી કંપની કેશબેક અને ડિસ્કાઉન્ટ આપે છે દરરોજ છ સ્ટોરમાં અંદાજિત ૫૦ એસી નું વેચાણ થાય છે.

### ૫૦થી માંડીને ૧૦૦ લીટરના કુલરનું ધૂમ વેચાણઃ સમશેરસિંહ



અબતક સાથેની વાતચીતમાં સમશેરસિંહે જણાવ્યું હતું કે,અમે વર્ષોથી ઈલેકટ્રોનિકસ વસ્તુઓનો વેચાણ કરીએ છીએ પરંતુ આ વખતે હાલના સમયમાં ઈન્વર્ટર એ.સીની બોલબાલા વધારે છે. આ વખતે એસી ની ગુણવત્તામાં નોંધનીય ફેરફાર આવેલ છે તેમજ હવે એસીમા વાઈફાઈ, ઑટોક્લીન, એઆઈ જેવા ફેચર્સ આવ્યા છે તેમજ કુલરમાં ૫૦ લિટર , ૫૫ લિટર,૯૦ લિટર,૧૦૦ લિટર ના કૂલરનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે તેમજ કુલર નું પણ એક સ્તર ઉભરી આવ્યું છે તેમાં ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયાનો ભાવ વધારો છે. હાલના સમયમાં એસી અને કુલર જીવન જરૂરિયાતની વસ્તુ માનવામાં આવે છે આવનારા દિવસોમાં નવા ફેચર્સ નો ઉમેરો થશે તેમ જ લોકોની માંગ વધશે.

# ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલયમાં યુવાનોના ભવિષ્યના બીજને વવાશે, ઉગારાશેઃ ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય સહકારી વ્યાવસાયિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે



**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલયની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય" ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ" લોકસભા અને રાજ્યસભા બંનેમા પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુંક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સમગ્ર વિશ્વ સહકારીતાના શ્વાસોશ્વાસથી સભર છે, સહકારના ઉદ્દમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમ છતા સને.૧૯૦૪ માં ઔપચારીક સમિતિઓના ગઠન સાથે નિતી-નિયમોના પ્રારંભનો પથ કહી શકાય. ભારત પાસે સહકારીતાનો જૂનો અને મજબૂત વારસો છે જે દેશના વિકાસને અને સામાજીક જીવનધોરણને સ્પર્શે છે.

વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેક્ટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે. તેનું એકમાત્ર કારણ સહકાર ને વેગ અને સહકારમા યુવાનોનું પર્દાપણ છે.

ગુજરાતની સહકારી પ્રવૃત્તિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃત્તિથી ઓજસ્વી છે. તેમા હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે. જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકારએ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વવિદ્યાલય સહકારી શિક્ષણને એક નવી ઊંચાઈ સુધી લઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક, આધુનિક અને અસરકારક બનશે.

૧૯૨૧ મા આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મૂલાકાત બાદ દુર્ગાબાઈના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યું, સ્વદેશી કપડા તૈયાર થયા, લોકો ખરીદી કરવા લાગ્યા, ગામડાને રોજગારી મળી અંતે સ્વદેશી કપડા એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુર્ગાબાઈને મળીને તેમનામાંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શક્તિશાળી સહકારી પ્રવૃત્તિ જને હવે સમગ્ર દેશમાં નવી દિશા આપવાનું કામ કરશે ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિ. જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે.

ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનુ કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. પ્રધાનમંત્રીનું સુત્ર "સહકારથી સમૃધ્ધી" ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શક્તિમા સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે.

### ગૃહિણીઓને મોંઘવારીનો વધુ એક માર

# અથાણા માટેની રાજાપુરી કેરી અને ગુંદામાં ભાવમાં ૨૦ ટકા વધારો

## ગત વર્ષ કરતા આ વર્ષે કેરી-ગુંદાની આવક સમય કરતા મોડી થઈઃ કેરી અને ગુંદાના કિલોએ ૬૦ થી લઈ ૧૨૦ રૂપિયા ભાવ!!!

**અબતક રાજકોટ**

ગુજરાતી લોકોની થાળી માં અથાણા વગરની અધૂરી કહેવામાં આવે છે બારેમાસ ચટાકેદાર અથાણાની સીઝન અપૂરતિ આવક ના કારણે મોડી શરૂ થઈ છે.

ઉનાળાની સીઝન દરમિયાન તમામ લોકોના ઘરમાં ભાતભાતના અથાણા બનતા હોય છે. ગૃહિણીઓ કેરી, ગુંદા, ગરમર, ડારાના અથાણા બનાવતી હોય છે. જેમાં દરેકની પ્રથમ પસંદ તરીકે રાજાપુરી કેરી હોય છે. પરંતુ આ વખતે ગૃહિણીઓને કેરીનું અથાણું રસોડાનું આર્થિક બજેટ ખોરવી નાખે તે પ્રકારનું છે.

### ગત વર્ષ કરતા આવકનું પ્રમાણ ઓછું : યાર્ડ ઈન્સ્પેકટર ચાવડા

અબતક સાથેની વાતચીતમાં માર્કેટિંગ યાર્ડ ઈન્સ્પેક્ટર ચાવડા સાથે જણાવ્યું હતું કે અથાણા માટેની સ્પેશિયલ રાજાપુરી કેરી ૧૦૦ થી ૧૨૦ રૂપિયા કિલો ભાવે બજારમાં જોવા મળી રહી છે ગત વર્ષના પ્રમાણમાં આ વખતે આવક ઓછી થતા ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે તેથી ગૃહિણીઓ દર વર્ષ કરતા જે બે કિલો લેતા હોય તે ૧કિલો - દોઢ કિલો લે છે ગત વર્ષના પ્રમાણમાં આ વર્ષે કેરીની આવક પણ ઘણી મોડી છે





રાજાપુરી કેરીના ભાવમાં ગત વર્ષ કરતાં આ વખતે ૨૦ ટકા જેટલો ભાવ વધારો જોવા મળી રહ્યો છે, જેનું મુખ્ય કારણોમાં કેરીનો ઓછો પાક, મોર મોડા આવવા અને ઝાકળ છે. રાજાપુરી કેરી મુખ્યત્વે વલસાડ અને માધવપુરથી આવતી હોય છે, આ ઉપરાંત જોઈએ તો કેસર કેરીના અથાણા પણ આ વખતે ગૃહિણીઓને પરવડે તેવા નથી, કારણ તે તેના ભાવમાં પણ ૨૦ ટકા જેટલો વધારો થયો છે.ગુંદા માં પણ ૨૦ ટકા જેટલો ભાવ વધારો જોવા મળી રહ્યો છે, આ ઉપરાંત આ વખતે ગૃહિણીઓમાં ગુંદાના અથાણાં બનાવવાની માંગ પણ વધુ જોવા મળી રહી છે. કેરીના ભાવ વધવાના કારણે અથાણીની ખરીદીમાં ગત વર્ષ કરતા આ વખતે તેની ખરીદી ઓછી થઈ રહી છે. કેરીના ઓછા પાક ના કારણે ભાવમાં વધારો થતા અથાણાના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે.



# વિદ્યાર્થીઓને નોકરી શોધનાર નહી, સર્જનાર બનાવવા કટીબધ્ધ: પ્રો.વોસ્ટ ડો.જાડેજા

## મારવાડી યુનિવર્સિટી ખાતે ડિપ્લોમાં એન્જિનિયરીંગ છાત્રો માટે પ્રોજેકટ ફેરમાં ૫૦થી વધુ વિવિધ ટેકનિકલ અને પ્રેક્ટિકલ પ્રોજેક્ટસ રજુ કરાયા








**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી, રાજકોટના ફેકલ્ટી ઓફ ડિપ્લોમા સ્ટડીઝ વિભાગ દ્વારા ડિપ્લોમા એન્જિનિયરિંગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સને રજૂ કરવાનો અનોખો કાર્યક્રમ - પ્રોજેક્ટ ફેર - ૨૦૨૫નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન યુનીવર્સીટીના એમયુઆઈઆઈઆર સેન્ટર અને એમયુઆરસી સેન્ટરમાં ડીપ્લોમાં એન્જીન્યરીંગની તમામ શાખાના સિલેક્ટેડ પ્રોજેક્ટ્સનો પ્રોજેક્ટ ફેર યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ શાખાઓના વિદ્યાર્થીઓએ ૫૦ થી વધુ વિવિધ ટેક્નિકલ અને પ્રેક્ટિકલ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા.

પ્રોજેકટ ફેરના ડીજીટલ અનાવરણ પ્રસંગે યુનીવર્સીટીના પ્રો-વોસ્ટ ડો.આર.બી.જાડેજા, રજીસ્ટ્રાર પિન્ટો મેમણ, પ્રિન્સીપાલ મિત્તલ જોયસર, શાખાઓના વડાઓ નવનીત પટેલ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, સ્મિત ઠાકર, જીતેશ જોશી, મૃદુરાજસિંહ ચુડાસમા અને સ્મિત કાચા ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોજેક્ટ ફેરના અનાવરણ બાદ તમામ મહેમાનોએ વિદ્યાર્થીઓએ રજૂ કરેલ પ્રોજેક્ટ્સની મુલાકાત કરી હતી. જેમાં, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઓનલાઈન બિલીંગ સિસ્ટમ, સેન્સર બેઝ હોમ ઓટોમેશન સિસ્ટમ, વેસ્ટ મટીરીયલમાંથી બનાવેલ ટકાઉ કોંક્રિટ, બિલ્ડિંગ બાય લોઝ અનુસાર બિલ્ડિંગ મોડેલ્સ, ઈલેક્ટ્રીક બેટરી વિષયક પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

મારવાડી યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો.આર.બી.જાડેજાએ વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સની પ્રસંશા કરી બિરદાવ્યા હતા અને જણાવ્યું હતું કે, 'ડિપ્લોમાના વિદ્યાર્થીઓ તરીકે, તમે ખૂબ સારો દેખાવ કર્યો છે. વિદ્યાર્થી તરીકે જો તમે તમારા વિચારને વ્યવસાયમાં રૂપાંતરિત કરવા તૈયાર છો, તો ડીપાર્ટમેન્ટના ફેક્લ્ટીઓ અને એમયુઆઈઆઈઆર સેન્ટર તમને જરૂર પડતી તમામ મદદ કરવા તૈયાર છે.

આજનો વિદ્યાર્થી નોકરી શોધનાર નહીં પણ નોકરી સર્જનાર બનવા માંગે છે જેના માટે મારવાડી યુનીવર્સીટી તમામ પ્રકારની મદદ માટે તૈયાર છે. આજના સમયમાં આગળ વધવા માટે હવે ભાષા કોઈ અવરોધ નથી. માટે ભણવામાં તમે કઠોર પરિશ્રમ કરો જેથી સમાજમાં શ્રેષ્ઠતમ યોગદાન આપી શકો. હું આ તકે તમામ વિભાગના વડા અને સ્ટાફને પણ વિદ્યાર્થીને માર્ગદર્શન પાઠવવા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.'

# રાજકોટ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન પદે મગનલાલ ઘોણીયાની વરણી

## વાઈસ ચેરમેન પદે નરેન્દ્ર એમ. બેરા, માનદમંત્રી પદે લઘુભા જાડેજાની બિનહરીફ વરણી



**અબતક, રાજકોટ**

સહકારી ક્ષેત્રના અડીખમ આગેવાન એવા ગુજરાત રાજ્યના પુર્વ કેબીનેટ મંત્રી, વિશ્વની પ્રથમ હરોળની રાસા.ખાતરો ઉત્પાદીત કરતી ઈફકો-ન્યુ દિલ્હીનાં ડિરેક્ટર તેમજ દેશની પ્રથમ નંબરની સહકારી બેંક રાજકોટ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.નાં ચેરમેન તેમજ રાજકોટ જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી.નાં અધ્યક્ષ જયેશભાઈ રાદડીયાની આગેવાની નીચે રાજકોટ જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લિ.ની વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની ચુંટણી થયેલ. તેમાં તાલુકા સંઘોના ૧૨ અને ખેતિ વિષયક મંડળીઓ વિભાગના-૦૬ તથા રૂપાંતર વિભાગની મંડળીઓ વિભાગના -૦૧, કુલ મળી -૧૯ સભ્યોની ચુંટણી યોજવામાં આવેલ. જેમાં તમામ બેઠકો બીન હરીફ થયેલ છે.

કલેકટર સાહેબ-રાજકોટનાં પ્રતિનિધિ તરીકે નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી(શહેર) -રાજકોટ ડી.વી.વાળાનાં અધ્યક્ષ સ્થાને બોર્ડનાં ૨૦ સભ્યોની હાજરીમાં હોદેદારો નિમવા ચુંટણીનું કાર્ય હાથ ધરવામાં આવેલ. જેમાં સતત ૯(નવ)મી ટર્મ માટે મગનલાલ પ્રેમજીભાઈ ઘોણીયા જીલ્લા સંઘના ચેરમેન તરીકે સર્વાનુમતે ચુંટાઈ આવેલ છે. રાજકોટ ડિસ્ટ્રીક્ટ કો-ઓપ.બેંક લિ.,ગોંડલ તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘ, ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ગોંડલ, નિયંત્રિત બજાર સંઘ વગેરે સંસ્થાઓમાં વર્ષોથી ડિરેક્ટર તરીકે સેવા બજાવે છે. તેમજ શૈક્ષણિક, સામાજીક અને ગૌશાળા સહિતની ઘણી સંસ્થાઓમાં સંકળાયેલ છે. ભુતકાળમાં ખાતરની રાષ્ટ્રિય કંપની ક્રિભકો દ્વારા ન્યુ દિલ્હી ખાતે ''સહકારીતા વિભુષણ એવોર્ડ''થી સન્માનીત કરવામાં આવેલ. આથી ખેડુતોના મુખે પીઢ અગ્રણી ''મગનબાપા'' ની છાપ ધરાવે છે.

આ ઉપરાંત વાઈસ ચેરમેન પદે નરેન્દ્રભાઈ એમ.બેરા તથા માનદમંત્રી તરીકે લઘુભા એમ.જાડેજા બીનહરિફ ચુંટાઈ આવેલ છે.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી

(અનુ. આઠમા પાને)

# ગુજરાત યોગ એસો.ના ચેરમેન શૈલેષ રાઠોડના સાનિધ્યમાં યોગ મહોત્સવ યોજાયો

## આ કાર્યક્રમનો ૬૦૦ લોકોએ લીધો લાભ



**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગુજરાત યોગ એસોસિયેશનના ચેરમેન અને આર્ટ ઓફ લિવિંગના આંતરરાષ્ટ્રીય સિનિયર યોગ શિક્ષક શૈલેષ રાઠોડના સાનિધ્યમાં યોગ મહોત્સવ યોજાયો

આર્ટ ઓફ લિવિંગ ના આંતરરાષ્ટ્રીય સિનિયર યોગ શિક્ષક અને ગુજરાત યોગ એસોસિયેશનના ચેરમેન શ્રી શૈલેષ જી રાઠોડ ના સાનિધ્ય માં અર્પિત હોમીયોપેથી કોલેજ- રાજકોટ ખાતે યોગ મહોત્સવ નું આયુષ મંત્રાલય અને ઈન્ડિયન યોગ એસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન યોગ એસોસિયેશન- ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શૈલેષ એ ઈન્ડિયન યોગ એસોસિએશન વિષે માહિતી આપી અને લોકો ને ઈન્ડિયન યોગ એસોસિએશન સાથે જોડાવવા અપીલ કરી હતી.

વિશ્વ યોગ દિવસના અનુસંધાનમાં તેઓ કહ્યું કે ઈન્ડિયન યોગ એસોસિએશન વિવિધ યોગ સંસ્થાન સાથે મળીને યોગનો વ્યાપ વધે માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે. વિશ્વ યોગ દિવસ ૨૦૨૫ માટે

(અનુ. આઠમા પાને)

# આંગણવાડીના શિક્ષણ દ્વારા દિવ્યાંગ બાળકોનું થાય છે ઘડતર: પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ



**અબતક, રાજકોટ**

દિવ્યાંગ બાળકો પણ આંગણવાડીમાં ભણી ગણીને, વિવિધ સમજ કેળવી સામાન્ય બાળકોની જેમ બાળ પ્રવૃત્તિઓ કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા આંગણવાડીના બહેનોને સમાવેશી શિક્ષણની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમમાં ડાઉન સિન્ડ્રોમ સહિતના દિવ્યાંગ બાળકોનો ઉછેર અને શિક્ષણ દ્વારા તેઓને યોગ્ય તાલીમ આપવામાં આવે છે. સરકારની આ નીતિ રાજકોટ સહિત રાજ્યના અનેક દિવ્યાંગ બાળકો માટે ઉપયોગી બની છે, જેનો હરખ આવા બાળકોના વાલીઓના ચહેરા પર જોવા મળી રહ્યો છે. આવા જ એક વાલી છે, પાયલબેન વાઘેલા, જેઓ મેડિકલ ફિલ્ડ સાથે જોડાયેલા છે. અધૂરા માસે જન્મેલી તેમની ચાર વર્ષની દીકરીને બોલવા, ચાલવાની તેમજ લેટ ડેવલપમેન્ટની સમસ્યામાંથી ઘણી રાહત મળી છે. આ કામ ડોક્ટર્સે નહીં પણ આંગણવાડીના બહેનોએ કરી બતાવ્યું છે. કદાચ એટલે જ આંગણવાડીના બહેનોને યશોદા માતાનું બિરુદ અપાયું છે.

બાળકીના માતા પાયલબહેન કહે છે કે, પ્રીમેચ્યોર બાળક હોવાથી મારી દીકરીને ખાનગી શાળામાં એડમિશન ન મળ્યું. દરેક માતા-પિતાની ઈચ્છા હોય કે, તેમનું બાળક યોગ્ય શિક્ષણ મેળવે, અને બાળક જો દિવ્યાંગ હોય તો તેમને

(અનુ. આઠમા પાને)

# મશીનરી ડીલર્સ એસો.ની ડિરેકટરીનું પૂર્વ મૂખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન

## નવા નાણાકીય વર્ષને આવકારવા એસો. દ્વારા વડીલ વંદના, સ્નેહમિલન સહિત પંચ વિધ કાર્યક્રમનું ગરીમાપૂર્ણ રીતે સંપન્ન: મોટી સંખ્યામાં સભ્ય પરિવારો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

તાજેતરમાં રાજકોટ મશીનરી ડીલર્સ એસોસીએશન, રાજકોટ દ્વારા નવું વેપારી વર્ષ એપ્રિલ-૨૦૨૫ ની સાલને વધાવવા સ્નેહ મિલન, એસોસીએશનની ડીરેકટરીનું પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હસ્તે વિમોચન, માર્ચ એન્ડીંગ ગેટ-ટુ-ગેધર, એસોસીએશનની સાડા સાત દાયકાની સફર નિર્વિધ્ને પુર્ણ કરી પ્લેટીનમ જયુબેલીયરની ઉજવણીના ભાગરૂપે ''વડીલ વંદના'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં રાભ્ય પરિવારની ઉપસ્થિતીમાં ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ સંપન્ન થયો.

ઉદઘાટક પદે ઉપસ્થિત પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે દિપ પ્રાગટય કરી વિધિવત ડીરેકટરી વિમોચન કાર્યક્રમનો પ્રારંભ કરેલ. મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રાજકોટ શહેર ભાજપના પુર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી (સંસ્થાપક-દિકરાનું ઘર-વૃધ્ધાશ્રમ, ઢોલેરા), રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવભાઈ, રાજકોટ મશીનરી ડીલર્સ એસોસીએશનના પુર્વ પ્રમુખ મનસુખભાઈ પટેલ

(અનુ. આઠમા પાને)

# પશ્ચિમ રેલવેમાંથી રાજકોટ ડિવિઝન ફરિયાદ નિવારણમાં ''ટોચ'' પર

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝન ફરી એકવાર તેના ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવામાં તેની ક્ષમતા સાબિત કરી છે. ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિનીકુમારના નેતૃત્વમાં રાજકોટ ડિવિઝનએ વર્ષ-૨૦૨૪-૨૫ દરમિયાન જાહેર ફરિયાદોના નિવારણમાં પશ્ચિમ રેલ્વેમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

મુંબઈમાં આયોજિત પશ્ચિમ રેલવેના ૭૦મા રેલ સપ્તાહ એવોર્ડ સમારોહ દરમિયાન પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્ર દ્વારા રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારને રેલ મદદ શિલ્ડ અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના પણ હાજર રહ્યા હતા.



પશ્ચિમ રેલવે જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા દ્વારા ડિવિઝનલ મેનેજર અશ્વિની કુમારને શિલ્ડ આપી સન્માનિત કરાયા

રાજકોટ ડિવિઝન દ્વારા ફરિયાદોના નિવારણને હંમેશા પ્રાથમિકતા આપવામાં આવે છે. આ ફરિયાદો રેલ મદદ એપના વિવિધ જાહેર ફરિયાદ પ્લેટફોર્મ પર દૈનિક ધોરણે પ્રાપ્ત થાય છે અને વિવિધ સ્તરે વરિષ્ઠ રેલવે અધિકારીઓ દ્વારા તેનું નિરીક્ષણ કરી ફરિયાદોનું ઝડપી નિવારણ કરવામાં આવે છે. જેથી રાજકોટ ડિવિઝનએ પશ્ચિમ રેલવેના તમામ ડિવિઝનોમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

મુસાફરો રેલ મદદ એપ હેઠળ ઉપલબ્ધ વિવિધ માધ્યમો જેમ કે સત્તાવાર સોશિયલમીડિયાહેન્ડલ્સ, હેલ્પલાઈન નંબર ૧૩૯, સેન્ટ્રલાઈઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસલ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ, મોબાઈલ એપ, વેબ, એસએમએસ, ઈ-મેલ વગેરે દ્વારા ફરિયાદ નોંધાવી શકે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રેલ મદદ દ્વારા પશ્ચિમ રેલવેમાં કુલ ૨.૩૭ લાખ ફરિયાદો મળી હતી, જેમાંથી રાજકોટ ડિવિઝનમાં માત્ર ૫.૭% એટલે કે લગભગ ૧૨ હજાર ફરિયાદો મળી હતી. આ ફરિયાદોના નિરાકરણમાં રાજકોટ ડિવિઝનનો સરેરાશ નિરાકરણ સમય ૨૨ મિનિટ હતો. જે પશ્ચિમ રેલવે ના અન્ય કોઈપણ ડિવિઝનની તુલનામાં સૌથી ઓછો છે. ઉપરાંત, ઉત્તમ પ્રતિસાદ મેળવવામાં રાજકોટ ડિવિઝન પશ્ચિમ રેલવેમાં ટોચ પર રહ્યું છે.

(અનુ. આઠમા પાને)

# શાપરવેરાવળ: જે ભગવાન ટ્રસ્ટ દ્વારા રવિવારે પ્રથમ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી



**અબતક, રાજકોટ**

શાપર વેરાવળ સ્થિત જે ભગવાન આશ્રમ સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર રહ્યું છે ત્યારે હવે,જે ભગવાન ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત સર્વ જ્ઞાતિઅ સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે, અબતક સાથેની મુલાકાતમાં જે ભગવાન આશ્રમના અરવિંદ બાપુ માકડીયા, હંસાબેન માકડીયા જયંતીભાઈ પરમાર, રામજીભાઈ ચૌહાણ, જયાબેન લાખાભાઈએ વધુ માહિતી આપી હતી,જેમાં પાંચ દીકરીઓને સાસરે વળાવવામાં આવશે , તા.૨૦ ને રવિવારે દાતાઓના સહયોગ થકી ભવ્ય આયોજન સાથે બ્લડ ડોનેશન કેમ્પનું સર્વોદય સોસાયટી શેરી નંબર ૨૪ પિતૃ કૃપા હોટલની પાછળ, પોસ્ટ ઓફિસની બાજુમાં કોમન પ્લોટ શાપર વેરાવળ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મુખ્યદાતા તરીકે દિનેશભાઈ

(અનુ. આઠમા પાને)

# ધો.-૯ની વિદ્યાર્થીની સાથે ભગવતીપરાના રાહુલે શારીરિક અડપલાં કરી બચકા ભર્યા

## પરીક્ષા પૂર્ણ કરી બહાર નીકળેલી સગીરાને બાઈક પર બેસાડી ઉઠાવી જનાર શખ્સે ન કરવાનું કરતા એ ડિવિઝન પોલીસમાં પોક્સો એક્ટ હેઠળ ગુનો

## તરૂણીને તેડવાં આવેલ રીક્ષાચાલકે માતાને જાણ કરતા પરિજનોએ પુત્રીની શોધખોળ શરૂ કરી : દરમિયાન નરાધમ મુકવા આવતા ભાંડો ફુટ્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એક સગીરા સાથે શારીરિક અડપલાં થયાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ધોરણ-૯માં અભ્યાસ કરતી સગીરાને શાળા ખાતેથી ઉઠાવી પોતાના ઘરે લઈ જઈ ભગવતીપરાના રાહુલે શારીરિક અડપલાં કરી છાતીના ભાગે બચકા ભરી લીધા હતા. મામલામાં સગીરાએ પરિવારને આપવીતી જણાવતા પીતાએ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

સમગ્ર મામલામાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર સગીરાના પીતાએ એ ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં ભગવતીપરા વિસ્તારના જયપ્રકાશનગરમાં રહેતા રાહુલ નામના શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેમની ૧૪ વર્ષીય સગીર પુત્રી હોસ્પિટલ ચોક નજીક આવેલી શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરે છે. ગત તા. ૧૭-૦૪-૨૦૨૫ના રોજ પુત્રી રાબેતા મુજબ દરરોજ લેવા-મુકવા જતી રીક્ષા મારફતે શાળાએ જવા માટે નીકળી હતી. સગીરાને હાલ પરીક્ષા ચાલતી હોય તેણે પરીક્ષાનું પેપર વહેલું પૂર્ણ કરી લીધું હોય તેણી શાળામાંથી વહેલા બહાર નીકળી ગઈ હતી.

દરમિયાન રાહુલ નામનો શખ્સ શાળાની બહાર જ આટાફેરા કરતો હોય અને અગાઉથી જ સગીરાના પરિચયમાં હોય આટો મારવા જવાનાં બહાને સગીરાને બાઈકમાં બેસાડી પોતાના જય પ્રકાશનગર સ્થિત મકાને લઈ ગયો હતો. જ્યાં નરાધમે સગીરાના શરીરે બધે હાથ ફેરવ્યો હતો. જેનો સગીરાએ ઈન્કાર પણ કર્યો હતો તેમ છતાં રાહુલે ન કરવાનું ચાલુ રાખ્યું હતું અને સગીરાના છાતીના ભાગે બચકા ભરી લીધા હતા. બીજી બાજુ તેડવાં આવેલ રીક્ષાચાલકે અમુક સમય સુધી રાહ જોયા બાદ પણ સગીરા શાળાની બહાર નહિ આવતા તેણે માતાને આ બાબતે જાણ કરી હતી. જેથી પરિજનો શાળા ખાતે દોડી આવ્યા હતા અને સગીરાની ભાળ મેળવવા પ્રયત્નો શરૂ કર્યા હતા. ત્યારે ભોગ બનનારી પેપર વહેલું પૂર્ણ કરી શાળામાંથી બહાર નીકળી ગયાનું જાણવા મળ્યું હતું. દરમિયાન માતા શાળાના ગેટ ખાતે હાજર હતી તે જ સમયે રાહુલ બાઈક પર સગીરાને ઉતારી નાસી ગયો હતો. જે બાદ માતાએ પુત્રીને આ બાબતે પુછાણ કરતા સગીરાએ તમામ હકીકત વર્ણવી હતી. જે બાદ સગીરાના પિતા એ ડિવિઝન પોલીસ મથકે દોડી ગયા હતા અને ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી નરાધમની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# પેરોલ જંપ કરી ફરાર કેદી ને ગીર સોમનાથ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો

## પેરોલ મુદ્દત પૂરી થવા છતાં બે મહિનાથી હાજર ન થયેલા ફારુક સોઢા ને દબોચી કર્યો જેલ હવાલે



**અબતક રાજકોટ**

રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા ભોગવતા પાકા કામના કેદીએ પેરોલ લીધા બાદ મુદત પૂરી થવા છતાં જેલમાં હાજર ન થતા ન થતા જુનાગઢ રેન્જ ડી આઈ જી નિલેશ ઝાઝડિયા ગીર સોમનાથ અધિક્ષક મનોહરસિંહ જાડેજા એ પેરોલ જંપ કેદી ને શોધવા ના આદેશના પગલે ગીર સોમનાથ એલસીબી રાજકોટ જેલના પેરોલ જમ્પર કેદીને કચ્છના માંડવી માંથી પકડી લીધો હતો.

રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા ભોગવતા ફારુક સલીમ સોઢા રહેવા બંદર ઈદગા વિસ્તાર જિલ્લો ગીર સોમનાથ વાળો પેરોલ લઈને સમયસર જેલમાં હાજર ન થતા પેરોલ જમ્પ જાહેર થયો હતો તેને ઝડપી લેવા બાદમીદારોને કામે લગાડતા તેનું પગેરું કચ્છ ભણી ગયું હતું પોલીસે માંડવી તરફ તપાસ કરતા ફારૂક સલીમ સોઢા માંડવી નજીકથી પકડાયો હતો આ કામગીરીમાં એલસીબી ઈન્ચાર્જ પીઆઈ એબી જાડેજા, પી,એસ,આઈ એ,સી સિંધવ, પેરોલ ફર્લો સ્કોડ ના એ.એસ.આઈ સુભાષભાઈ ચાવડા, હેડ કોસ્ટેબલ પ્રવીણભાઈ મોરી, એલસીબી એએસઆઈ રામદેવસિંહ જાડેજા, ભુપેન્દ્રસિંહ ચાવડા, કોન્સ્ટેબલ રાજુભાઈ પરમાર એ કામગીરી કરી હતી

# હથિયાર સાથે ઝડપાયેલા દિનેશ ભરવાડને શંકા નો લાભ આપી છોડી મુક્તિ કોર્ટ

## હનુમાન મઢી ચોક પાસે પિસ્તોલ સાથે ઝડપાયેલા શખ્સને ત્રણ માસની સજા અને દંડ સામે સેશન્સ કોર્ટેમા અપીલ કરી તી



એડવોકેટ જીજ્ઞેશ સભાડ | એડવોકેટ રણજીત મકવાણા

**અબતક, રાજકોટ**

રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે ગેરકાયદે હથિયાર સાથે ઝડપાયેલા દિનેશ બોળીયાને નીચેની કોર્ટે દંડ અને સજાના હુકમ સામે થયેલી અપીલ ચાલી જતા નીચેની કોર્ટનો હુકમ રદ કરી દિનેશ બોળીયા ને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના રૈયા રોડ હનુમાન મઢી ચોક પાસે દિનેશ ખેંગારભાઈ બોળીયા નામના ભરવાડ શખ્સને પિસ્તોલ સાથે ગાંધીગ્રામ પોલીસે ઝડપી લીધો હતો.

જે ગુનાની તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજુ કરવામાં આવ્યું હતું.બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઇ અદાલતે ૧૦,૦૦૦ નો દંડ અને ત્રણ માસની સજા દિનેશ બોળીયા ને ફટકારી હતી.સદરહું હુકમથી નારાજ થઈ આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરેલી જેમાં પંચ સાહેદ અને એફ.એસ.એલ. અધિકારીને નીચેની કોર્ટ સમક્ષ તપાસવા માટે રીમાન્ડ કરેલો જેના અનુસંધાને નીચેની કોર્ટ દ્વારા કેસની કાર્યવાહી ફરીથી શરૂ કરી આ બન્ને સાહેદોને સમન્સ કરવામાં આવેલા જેના અનુસંધાને પંચ સાહેદ અને એફ.એસ.એલ. અધિકારીની કોર્ટ સમક્ષ જુબાની નોંધાઈ જતા કોર્ટ દ્વારા આરોપીનો એફ.એસ.લઈ ફરીથી અગાઉ થયેલ સજાનો હુકમ કાયમ રાખેલો હતો. જેથી આરોપીએ બીજી વખત સેશન્સ કોર્ટમાં નીચેની કોર્ટના ચુકાદાને પડકારવામાં આવેલો જેમાં આરોપીના એડવોકેટે સેશન્સ કોર્ટમાં કરેલી દલીલો અને ગુજરાત હાઈકોર્ટ અને વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓ ધ્યાનમાં રાખી સેશન્સ જજ વી.એ.રાણા આરોપીને આ ગુન્હાના કામ સબબ સજાનો તથા દંડનો હુકમ રદ કર્યો છે. આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ , મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા રોકાયેલા હતા.

# કોઠારીયાની તસ્કર ત્રિપુટી ઝડપાઈ, ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

## રીબડા સમૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ ઝોનમા બે, શાપર વેરાવળ ના એક કારખાનામાં અને વાંકાનેરમા બાઇક ચોરી કર્યાની કબુલાત

**તાલુકા પોલીસે લોખંડના સાધનો , તાંબા પિત્તળનો ભંગાર ,સીએનજી રીક્ષા અને બાઈક મળી ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો**



**અબતક, રાજકોટ**

રાજકોટ ગોંડલ ધોરી માર્ગ પર આવેલા રીબડા ખાતે સમૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા માં આવેલા ગંગા ફોર્જિંગ અને તેની બાજુમાં આવેલા કારખાનામાં તસ્કરોએ નિશાન બનાવી રૂપિયા ૧.૨૦ લાખની મતાની ચોરીક્ષ્ઞ તાલુકા પોલીસ મથકના સ્ટાફે વેદુકેલી તસ્કર ત્રિપુટીને ઝડપી લઈ અને વધુ બે ચોરીના ગુના નો ભેદ ઉકેલ ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. રાજકોટ જિલ્લામાં વધતા જતા ચોરીના બનાવો અટકાવવા જિલ્લા પોલીસવાળાએ આપેલી સૂચનાને પગલે ગોંડલ તાલુકા પોલીસ મથકના પ્રોબેશનલ આઈપીએસ ડોક્ટર નવીન ચક્રવર્તી ના માર્ગદર્શન હેઠળ એએસઆઈ કુંદનભાઈ મકવાણા દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે મૂળ સુલતાનપુર ગામનો વતની અને હાલ રાજકોટ રહેતો મુન્ના લાખા વાળા સંજય સગરામ પરમાર અને ગોવિંદ રમેશ પરમાર નામના ત્રણેય શકશો લષ ૩ બઢ ૬૨ ૭૭ નંબરની રીક્ષામાં અને એક શખ્સ જીજે ૩૬ એકે ૪૬ ૧૮ નંબરના બાઈકમાં શંકાસ્પદ હાલતમાં નીકળતા તેને ભોજપરા ગામના પાટીયા પાસે અટકાવી આખરી પૂછપરછ કરતા રીબડા ખાતે આવેલી સમૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ ઝોનમા શ્રીગંગા ફોર્જિંગ નામના કારખાનામાં અને તેની બાજુમાં જ આવેલા કારખાનામાં થી રૂપિયા ૧.૨૦ લાખની માતાની ચોરી ની કબુલાત આપી હતી તેમજ આખરી પૂછપરછ કરતા તેણે ૨૦ દિવસ પૂર્વે સાપર વેરાવળ વિસ્તારમાં આવેલા શીતળા માતાજીના મંદિરની સામે કારખાનામાંથી ૩૦૦ કિલો લોખંડની ચોરી અને વાંકાનેર સીટી પોલીસમાં બાઈક ચોરી કર્યાની કબુલાત આપતા તેની ત્રણેયની અટકાયત કરી બાઈક રીક્ષા રોકડ અને ભંગાર મળી ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ચેક રીટન કેસમાં ધર્મિષ્ઠાબેન ગોંડલીયાને ૧ વર્ષની જેલ

## શ્રી ખોડલ ક્રેડિટ સોસાયટીને ચેક મુજબનું વળતર સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ છ માસની કેદ

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલ સામે ટાઈમ સ્કવેર કોમ્પ્લેક્સ માં આવેલી ખોડલ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જૅન લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક રિટર્ન થવાનો કેસ ચાલી જતા અદાલતે લોન ધારક ગોંડલીયા ધર્મિષ્ઠાબેનને એક વર્ષની સજા ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં રહેતા ધર્મિષ્ઠાબેન લલીતભાઈ ગોંડલીયા નામની મહિલાએ શ્રી ખોડલ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જે લીધેલી રૂપિયા ૪ લાખની લોન હતી. હપ્તા ચૂકવવા માટે આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા જે અંગે કાયદાકીય જોગવાઈ મુજબ ફરિયાદી મંડળી દ્વારા લોનધારક ધર્મિષ્ઠાબેન ગોંડલીયાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. જે ફરિયાદની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મંડળીના એડવોકેટ રિતેશ કોટેચા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આરોપીને કાયદા મુજબની મહત્તમ સજા અને ફરિયાદી ને વળતર અપાવું જોઈએ જે તમામ હકીકત અને સંજોગો ધ્યાને લઈ અદાલતે ધર્મિષ્ઠાબેન ગોંડલીયાને ૧ વર્ષની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કરેલ છે. જો વળતર એક માસમાં ચૂકવેલ તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો છે.

# માતા પુત્રીને વચગાળાનું ભરણપોષણ ચૂકવવા હુકમ

## પરણીતા એ પોતાનું અને માસુમ સંતાન નું જીવન નિર્વાહ ચલાવવા માટે અદાલતમાં દાદ માંગતા તી

**અબતક, રાજકોટ**

૧૦ વર્ષના લગ્નજીવન બાદ પતિ સાસરિયા સાથે અણબનાવો બાબતે પુત્રીને સાથે રિસામણે બેઠેલી પરિણીતા અને એની પુત્રીનું ભરણ પોષણ મેળવવા ફેમિલી કોર્ટમાં કરેલી અરજી સાથે વચગાળાની રકમની અરજીમાં કોર્ટે પત્ની સગીર પુત્રીને માસિક રૂપિયા ૫૦૦૦ ભરણપોષણ ચૂકવવા હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, સોનલબેન બટુકભાઈ ખીંટના લગ્ન વિમલ પુનાભાઈ ભુંડીયા સાથે આશરે ૧૧ વર્ષ પહેલા થયા બાદ એક સંતાન પુત્રી હેત્વી છે. ત્યારબાદ બંને વચ્ચે અણબનાવને કારણે છેલ્લા એકાદ વર્ષથી બંને અલગ રહે છે. સ્ત્રીધન જુગારની લતને કારણે પતિએ વેચી નાખવા સહિતના ત્રાસથી કંટાળી પુત્રી સાથે પિતાના ઘરે આવી ગઈ હોવાનું જણાવીને ગઈ તારીખ ૨૧/ ૬/ ૨૦૨૪ ના રોજ પતિ પાસેથી પોતાનું અને સગીર પુત્રીનું ભરણપોષણ મેળવવા ફેમિલી કોર્ટમાં તેના વકીલ મારફત ફરિયાદ અરજી કરી હતી. તે અરજી અન્વયે ચાલુ કેસ દરમિયાન વચગાળાનું ભરણપોષણ મળવા પણ માગણી કરી હતી. તેમાં અરજદારના વકીલ દ્વારા રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ, રજૂઆતો અને દલીલો ધ્યાને લઈને ફેમિલી કોર્ટ જજ એચ.એન. દેસાઈ દ્વારા કેસ ચાલતા દરમ્યાન અરજદાર સોનલબેનને માસીક રૂા. ૩૦૦૦ તથા સગીર પુત્રી હેત્વીને માસીક રૂા. ૨૦૦૦ લેખે મળી કુલ રૂા.૫૦૦૦ વચગાળાના તબકકે મુળ અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હાલની અરજીની તારીખથી એટલે કે તા. ૬/ ૯/ ૨૦૨૪ના રોજથી નિયમીત ચડયે ચડયા ચુકવી આવા હુકમ ફરમાવવામાં આવ્યો છે. આ કામમાં અરજદારો વતી વકીલ કિશન આર.મેવાડા, જીગર એચ. કણજારીયા રોકાયા હતા.

**-: જાહેર નોટીસ :-**

જ.મ.રજી નં.૫૦/૨૦૨૫

પતાણી લિલા આલાભાઈ
ઠે.ગુલાબનગર ટેકરી, પોરબંદર રોડ,
મું. ખંભાળીયા, તા.ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા ........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી ખંભાળીયા નગરપાલીકા,
મું. ખંભાળીયા, તા.ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા .....સામાવાળા

**વિષય :- જન્મ/મરણની નોંધ થવા અંગે**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોક્ત અરજદારે તેમના દાદાનો ''પતાણી ખીમાણંદ નારણભાઈ''નું મરણ તા.૨૪/૦૯/૨૦૨૨ ના રોજ ખંભાળીયા મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી મરણની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય તે અંગે કોઈને વાંધો/તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ ૧૬-૦૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહ્યે, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૮, માર્ચ - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

(કે.કે.કરમટા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ખંભાળીયા

**-:: જાહેર નોટીસ કમ ચેતવણી ::-**

આથી અમો નીચે સહી કરનાર ઈશ્વરભાઈ સોમાભાઈ બગડા, રહે. ગ્રામ લક્ષ્મી સોસાયટી, પશુ દવાખાના પાછળ, પેડક રોડ, રાજકોટના આ જાહેર નોટીસથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવીએ છીએ કે અમારો પુત્ર 'અભિષેક ઈશ્વરભાઈ બગડા' ઉ.વ.૩૬ જે મારો પુત્ર થાય છે જે છેલ્લા ૬(છ) વર્ષથી અમારી સાથે રહેતો નથી અને હાલ પણ અમારા કહ્યામાં નથી. જેથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે મારો પુત્ર અભિષેક ઈશ્વરભાઈ બગડા સાથે અમારા નામે કોઈએ કોઈપણ જાતનો આર્થિક, સામાજિક, કૌટુંબીક તેમજ ધંધાકીય વ્યવહાર કરવો નહી તેમ છતા કોઈએ અભિષેક ઈશ્વરભાઈ બગડા સાથે વ્યવહાર કરેલ હશે કે કરશે તો તે અંગેની અમારી જવાબદારી રહેશે નહી આથી તમામ લાગતા વળગતા તમામએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ
તારીખ : ૧૮/૦૪/૨૦૨૫

અમારી સુચનાથી તથા અમારા મારફત
ઈશ્વરભાઈ સોમાભાઈ બગડા

જયસુખ પી. બારોટ (એડવોકેટ)
''આશીર્વાદ'' શ્રી માલુ-મંગલ સોસા., ઘનશ્યામ નગર, અમીન માર્ગ, રાજકોટ. મો.નં.૯૮૨૪૨ ૨૫૧૫૯

**ચોરાલી મોલી ગ્રામ પંચાયત કચેરી- જાહેર નિવિદા**
**તા.ગીરગઢડા જી.ગીર સોમનાથ**

આથી રસ ધરાવતા તમામ વેપારી આસામીઓને જાણ કરવામાં આવે છે કે, ચોરાલી મોલી ગ્રામ પંચાયત દ્વારા નાણાપંચની ગ્રાન્ટ તેમજ આગામી વર્ષ માટે આવનાર નાણાપંચ ગ્રાન્ટ તેમજ અન્ય અલગ-અલગ યોજનાગત હેઠળની ગ્રાન્ટ તેમજ MLA-MP-ATVT તેમજ સ્વભંડોળમાંથી તેમજ રાષ્ટ્રી ફંડની ગ્રાન્ટોમાંથી વિકાસ કામો કરવાના થતા હોય નીચે વિગતેના માલ સામાન મજુરીના ભાવો સમયાંતરે ચોરાલી મોલી ગ્રામ પંચાયત કચેરી ખાતે જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાનાં ૭ દિવસમાં રૂબરૂ અથવા પોસ્ટ રજીસ્ટરથી પહોંચતા કરવા અથવા સમયાંતરે ભાવો મંગાવવામાં આવે ત્યારે મોકલાવવા જાણ કરવામાં આવે છે. નીચે મુજબના માલ સામાનના ભાવો ૩૧/૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૧. LED તેમજ સોલાર પેનલ ૨૪ વોટથી ૧૨૦ વોલ્ટ તથા ૨.૭૨થી ૫.૪૫ વોલ્ટ પોલ તથા પોલ વગર હાઈ પોલ સાથે નંગ ૧ ભાવ.
૨. પેવર બ્લોક 60 MM થી 80 MM એક ચો.મી. ભાવ રૂા...
૩. તમામ સાઈઝના રસો-પાઈપ પીવીસી પાઈપ મીટર એકના ભાવ રૂા...
૪. લોખંડ ISI ના બ્રાન્ડ ૫ એમ.એમ.થી ૨૦ એમએમ. કી.ગ્રામના ભાવ રૂા...
૫. રેતી સાદી ચાળેલી ચોખી એક ધન મીટરના ભાવ રૂા...
૬. બેલા પથ્થર એક નંગના ભાવ રૂા...
૭. ISI સારી કંપનીની સિમેન્ટ થેલી ૧ ના ભાવ રૂા...
૮. કપચી 6 MM 20 MM - 40 MM ૧મે ટન/૧બ્રાસ/૧ ફેરાનો ભાવ રૂા...
૯. મેટલ એક ફેરાના ભાવ રૂા...
૧૦. મજુરીના તમામ ભાવો રૂા...
૧૧. ઘન કચરાના નિકાલના સાધનો (દરેક સાઈઝના ડસ્ટબીન) સાથે નંગ એકના ભાવ રૂા...
૧૨. બારી દરવાજા એંગલ તેમજ કાચ-જારી, ગ્રીલ એક ચો.મી.ના ભાવ રૂા...
૧૩. વિટ્રીફાઈડ ટાઈલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા...
૧૪. ડીસ્ટેમ્પર (કલર) તેમજ ઓઈલ પ્રિન્ટ કલર તથા તેના ઉપયોગમાં લેવાતા કેમીકલ અન્ય સાધનોના ભાવો ૧ લીટર ભાવ રૂા...
૧૫. લાઈટીંગ (ઈલેક્ટ્રીક) તથા ઈલેક્ટ્રોનીક જોબવર્કના ભાવ રૂા...
૧૬. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૭. ગેલ્વેનાઈઝ પાઈપ ISI 75.90 MM તથા તમામ સાઈઝના પાઈપ વાલ્વના ભાવ રૂા...
૧૮. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ નંગ મુજબ ભાવ રૂા...
૧૯. HDP પાણીની પાઈપલાઈન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મીટરનો ભાવ રૂા...
૨૦. 300 MMD પાઈપ ૧ મીટરનો ભાવ રૂા...
૨૧. 450x450x775 MM ચેમ્બરનો ભાવ રૂા...
૨૨. ગટર લાઈન ખોદાણ, બુરાણ, ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા...
૨૩. પાણીનો બોર કેસીંગ પાઈપ વાયર વાલ સાથે ૧ મીટરનો ભાવ રૂા...
૨૪ કુવાનું ખોદાણ, કામ મજુરીના રીંગ સાથે બાંધવા તેમજ ખાલી કુવો ખોદાણ ભાવ રૂા...
૨૫. ઈલેક્ટ્રીક પાણીની મોટર ISI, 5HP, 3HP, 7HP, 7.5 HE, 1HP, 2HP, 1HP, 10HP ફીટીંગ માલ સામાન સાથેનો ભાવ રૂા...
૨૬. પાણીનો I.S.I. પ્લાસ્ટિકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા...
૨૭. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા...
૨૮. ગટર લાઈન તથા પાણીની લાઈન માટે સીમેન્ટના તમામ સાઈઝના પાઈપના ૧ મી.નો ભાવ રૂા...
૨૯. જે.સી.બી. ખોદાણ બુરાણનો ૧ કલાકનો ભાવ રૂા...
૩૦. દિવસ-૧ મિક્ષર ભાડાનો ભાવ રૂા...
૩૧. ઓફિસ, ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, સ્ટેશનરી વિગેરેના ભાવ રૂા...
૩૨. I.S.I. કોમ્પ્યુટર સેટ તથા વાયર સાધનોનો ભાવ રૂા...
૩૩. I.S.I. ઈલેક્ટ્રીક તમામ માલ સામાનનો ભાવ રૂા...
૩૪. ચાઈના મોજેક (ફ્લોરીંગ)ના માલ સામાનના ૧ બ્રાસનો ભાવ રૂા...
૩૫. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સીસ્ટમ, પ્રોજેક્ટર સીસ્ટમનો કમ્પ્લીટ ભાવ રૂા...
૩૬. કાકરી ગ્રીડ ૮ એમ.એમ. તથા ૧૨ એમ.એમ. તથા ૨૦ એમ.એમ. તથા ૪૦ એમ.એમ. ૧ ફુટના ભાવ રૂા...
૩૭. PVC પાઈપ 6 Kg / 10 Kg (ISI) ૫૦ ડાયા / ૧૬૦ ડાયા / ૧૮૦ ડાયા / ૨૦૦ ડાયા
૩૮. સીમેન્ટ પાઈપ (ભૂંગળા) RCC-MP3 200 mm, 400 mm, 600 mm, 900 mm
૩૯. રીંગદાર ડ્રીલીંગ ૬ ઈંચ તથા ૮ ઈંચના ભાવ કેસીંગ સાથે / કેસીંગ વગર એક ફુટના ભાવ રૂા...
૪૦. કંટ્રોલ પેનલ બોર્ડ થ્રી ફેઈઝ (ISI) કંપની ભાવ (સ્ટાર્ટર) રૂા...
૪૧. HDPE પાણીનો રસ્સો પાઈપ 25 mm, 50 mm ૧ મીટરના ભાવ રૂા.
૪૨. ગેલ્વેનાઈઝ / સિમેન્ટ / લોખંડ પતરાનો ભાવ ૧ મીટર / ફૂટના ભાવ રૂા...
૪૩. ગેલ્વેનાઈઝર ચેનલ માટે ૧ કિલોના ભાવ રૂા...
૪૪. જંતુનાશક દવા તથા દવા છાંટવાની મજૂરીના ભાવ રૂા...
૪૫. સાફ સફાઈ મજૂરીના ભાવ રૂા...
૪૬. મારબલ તક્તી 2x1 તથા 1x2 ના ભાવ (કોતરીને બનાવવાના) રૂા...
૪૭. માટી, મોરમ / રેતી / કાંકરી એક ટ્રેક્ટરના ભાવ રૂા...
૪૮. ચણતર / પ્લાસ્ટર / સ્લેબ / પેવર બ્લોક ફીટીંગ / વેલ્ડીંગ / ખોદાણ / બુરાણ વગેરે મજૂરીના ભાવો તથા મિલરના એક કલાકના ભાવ રૂા...
૪૯. રિવોલ્વીંગ ખુરશી / બેસવા માટેના બાકડા / પાણીના ટાંકાના ભાવ રૂા...

**નોંધઃ** GEM પોર્ટલ પરથી થતી ખરીદીના કારણોસર ઉપરોક્ત ભાવો ધ્યાને લેવામાં આવશે નહિં.

ઉપર મુજબની વિગતોનાં ભાવો જાહેર નિવિદા પ્રસિદ્ધ થયા બાદ ૭ દિવસ તેમજ જરૂરીયાત મુજબ સમયાંતરે ભાવો મંગાવવામાં આવશે તે મુજબ વિગતોના ભાવો મોકલવાના રહેશે. ભાવ મંજૂર નામંજૂર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે. આ ભાવો સાઈડ ઉપર પહોંચતા કરવાના ટેક્ષ સાથેના આપવાના રહેશે.

ઉપરોક્ત જાહેર નિવિદા તા.૧-૪-૨૦૨૫ થી ૩૧-૩-૨૦૨૬ સુધી માન્ય રહેશે.

**તલાટી કમ મંત્રી,** ચોરાલી મોલી ગ્રામ પંચાયત | **સરપંચશ્રી** ચોરાલી મોલી ગ્રામ પંચાયત

# ન્યારી નદીમાં ન્હાવા પડેલા પિતાની નજર સામે પુત્રનું મોત

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલા રૈયાધાર નજીક રહેતો અજય રાજુભાઈ સમેચા નામનો ૨૫ વર્ષથી યુવાન ગઈકાલે તેના મિત્રો અને પિતા સાથે લોધિકા તાલુકાના જશવંતપુર ગામે આવેલી ન્યારી નદીમાં નાહવા પડ્યા હતા. જ્યાં અજય સામેચાનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. બનાવની જાણ પોલીસ અને ફાયર વિભાગ ને કરતા ગઈકાલે અજયનો મૃતદેહ મળ્યો નહતો. ત્યારબાદ આજે સવારે નદીમાંથી અજયના મૃતદેહને શોધી બહાર કાઢ્યો હતો. લોધીકા પોલીસના ખોડાભાઈ સહિતના સ્ટાફે , અજયના મૃતદેહને લોધીકા હોસ્પિટલે પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.


ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. તુષાર પ્રભુદાસ માટલીયા
સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર

દેહથી ભલે વિલય થયા પણ આત્માથી સમીપ છો, દેહ માટીમાં મળે છે પણ માનવીનું નામ જીવે છે.
આપનું નામ કાયમ અમારા જીવનમાં પ્રેરણાદાયી બની રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

PM આંગડીયા પરિવાર

ADMEDIA

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. તુષાર પ્રભુદાસ માટલીયા
સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર

આપનું અસ્તિત્વ અમારી પ્રેરણા હતી,
અને અમારા આદર્શ માર્ગદર્શક હતા,
આપનો સ્નેહભર્યો, લાગણીશીલ, માયાળુ સ્વભાવ,
કુટુંબ ભાવના સદા યાદ રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના... ૐ... શાંતિ... ૐ... શાંતિ

RP આંગડીયા પરિવાર

ADMEDIA

તંત્રી લેખ

# પંચાયતોનું સશક્તિકરણ લોકશાહીનો પાયો મજબૂત બનાવશે

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમતાથી ડગ માંડી રહ્યું છે દેશ આઝાદી નો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ભારતની લોકશાહી વિશ્વના અનેક દેશો માટે પ્રેરણા અને આદર્શ બની રહી છે ત્યારે ભારતમાં પણ લોકતંત્રને પંચાયતીરાજને વધુને વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવી છેવાડાના લોકો અને ખાસ કરીને ગ્રામ્ય લોકોને પ્રાથમિક સુવિધાઓ અને વહીવટી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવવા માટેના પ્રયાસો હવે પરિણામદાય બની રહ્યા છે,

ભારત કૃષિ પધાન દેશ ગણાય છે અને ૮૫% થી વધુ ગ્રામ્ય પ્રજા ખેતી સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલી છે બીજી તરફ ભારતની મોટાભાગની વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં વસે છે ત્યારે લોકતાંત્રિક વ્યવસ્થા અને છેવાડાના નાગરિકોને પહોંચાડવાની સુવિધા ગ્રામ પંચાયત સુધી પહોંચાડવી અનિવાર્ય અને આદર્શ લોકશાહી માટે પાયાની જરૂરિયાત છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય નું માળખું મજબૂત કરવા માટે આ કારણે જ સરકારે કવરકશી છે ગ્રામ પંચાયતને ૪૦ લાખ તાલુકા પંચાયતને પાંચ કરોડ અને જિલ્લા પંચાયતને ૫૨ કરોડ સુધીની આર્થિક સહાય કરી માળખાગત સુવિધા વધારવાના સરકારના પ્રયાસો ગ્રામીણ નાગરિકને સુખ સમૃદ્ધને સુવિધા સંપન્ન બનાવવાનો ઉદ્દેશ છે જે લોકતંત્ર ની આદર્શ નેમ ને સાર્થક કરશે, ગ્રામ પંચાયત થી લઈ તાલુકા અને જિલ્લા પંચાયત ને માળખાગત સુવિધા માટે રૂપિયાની ક્યારે ય કચાશ ન રહે તેવા રાજ્ય સરકારના પ્રયાસો ના પરિણામો ગ્રામ્ય વિકાસના રૂપમાં મળી રહેશે. ગ્રામ્ય ક્ષેત્ર કૃષિ ઉત્પાદન અને વિકાસ માટે પાયાની ભૂમિકા ની ગરજ સારે છે ત્યારે પંચાયત ક્ષેત્રને માળખાગત સુવિધા માટે સરકારે તેજુરીના કમાડ જેવી આર્થિક સહાય ગ્રામ્ય વિકાસ ને વધુમાં વધુ વેગમાન બનાવશે અને ગામડાના વિકાસની સીધી અસર અર્થતંત્રના વિકાસ પર પડશે અને દેશને આર્થિક મહાસત્તા બનવાનું સપનું ગ્રામ્ય વિકાસ થતી જલ્દીથી જલ્દી સાકાર થશે તેમાં બે મત નથી

# ખોડીયાર મિત્ર મંડળ દ્વારા ૨૬મીએ માતાજીનો નવરંગો માંડવો

## સામૈયું, મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજનઃ ધર્મેશ રાવળ માતાજીની ભક્તિમાં ભક્તોને લીન કરશે

**અબતક, રાજકોટ**

ખોડીયાર મિત્ર મંડળ દ્વારા આઈશ્રી ખોડીયાર માતાજીના રૂડા નવરંગા માંડવાનું ૨૪ કલાકનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાનાર છે.ખોડીયાર માતાજીનું મંદિર,મોરબી રોડ, નવા જકાતનાકાની બાજુમાં તા. ૨૬ એપ્રિલને શનિવારે યોજાનાર આ પ્રસંગે સવારે થાંભલી રોપવામાં આવશે. ત્યારબાદ માતાજીનું સામૈયું કરવામાં આવશે સાંજે ૭ થી ૧૧ કલાક સુધી માતાજીના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાવળદેવ ધર્મેશ રાવળ માતાજીની ભક્તિમાં ભક્તોને લીન કરશે.




માતાજીના માંડવે પંચના ભુવાઓ જેમાં મુળજીભાઈ ઉકાભાઈ બજાણીયા, મુકેશભાઈ કાઠીયા, ગોવિંદભાઈ માત્રાણીયા, મનસુખભાઈ બહુકીયા, જેન્તીભાઈ વાટીયા, જયેશભાઈ વિરસોડીયા, રણછોડભાઈ, રઘુભાઈ, મહેન્દ્રભાઈ, ઘુસાભાઈ, પાંચાભાઈ, મનસુખભાઈ, રમાજીભાઈ, રમેશભાઈ, નવઘણભાઈ અને રજાકભાઈ ઉપસ્થિત રહેશે.

આ ધાર્મિક પ્રસંગે વિશે વધુ માહિતી મેળવવા ઉદયભાઈ ટોળીયા- ૮૦૦૦૦ ૦૦૨૨૪, બાબુભાઈ અજાણી, મહેશભાઈ આતવાણી, ભટ્ટીભાઈ, રાજુભાઈ કુંભરવાડીયા અને સંજયભાઈ ભાનુશાળી ૯૭૨૩૯ ૪૮૩૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.વધુમાં વધુ માઈ ભક્તોને આઈ શ્રી ખોડીયાર માતાજીના રૂડા નવરંગા માંડવાના દર્શન કરવા તથા મહાપ્રસાદ લેવા માટે ખોડિયાર મિત્ર મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

# શ્રીમાળી બ્રહ્મસમાજના મેરેજ બ્યુરો શનિ-રવિ કાર્યરતઃ ૨૦૦૦થી વધુ બાયોડેટા એકત્રીત

## ‘અબતક’ સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહીતી આપી

**અબતક, રાજકોટ**

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ રાજકોટ દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ, રાજકોટના તમામ બ્રાહ્મણો માટે એક મેરેજ બ્યુરો કાર્યરત કરેલ છે. આ મેરેજ બ્યુરોમાં સમસ્ત ભારતભરમાંથી બ્રાહ્મણ જ્ઞાતિના યુવક-યુવતિઓ લાભ લઈ શકશે. આ મેરેજ બ્યુરો તદ્દન ફ્રી રાખેલ છે. દર શનિવારે સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દર રવિવારે સવારે ૧૦ થી ૧ ના સમય દરમિયાન મેરેજ બ્યુરો કાર્યરત રહેશે. ‘અબતક’ સાથેની મુલાકાતમાં કમલેશભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ ઓઝા, જનાદનભાઈ આચાર્ય, હશીરભાઈ ત્રિવેદી, ગૌરાંગભાઈ ઓઝા, ધનજયભાઈ દવે, કૌશિકભાઈ દવે, સગુણાબેન ઓઝા, અનીલભાઈ ત્રિવેદી, રહેન્દ્રભાઈ ત્રિવેદીએ વધુ વિગતો આપી હતી. હાલમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજના લગભગ ૧૨૦૦ યુવકોના તથા ૮૦૦ જેટલા યુવતિઓના બાયોડેટા એકત્રિત કરવામાં આવેલ છે. જેમાં ડોક્ટર, એન.આર.આઈ. તેમજ છુટાછેડા યુવક-યુવતિઓના બાયોડેટા અલગથી તારવવામાં આવેલ છે. ભારતભરના બ્રાહ્મણો સંપર્ક કરી પોતાનો બાયોડેટા શ્રીમાળી બ્રાહ્મણ સમાજમાં જમા કરાવી શકે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટના સમસ્ત બ્રહ્મ સમાજના તડગોડના પ્રમુખ- મંત્રીઓ સાથે અને સહકાર આપે છે. આ કાર્યને સફળ બનાવવા માટે શ્રીમાળી બ્રાહ્મણ સમાજની ટીમ અથાક પરિશ્રમ કરી રહેલ છે. બ્રહ્મ સમાજના વરિષ્ઠ જ્ઞાતિજનો તરફથી હાલના સમાજમાં આ સૌથી જટીલ પ્રશ્ન હોવાથી શ્રીમાળી બ્રાહ્મણ સમાજના આ કાર્યક્રમને સરાહના કરેલ છે.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

# સીટીબસ દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરતું કોંગ્રેસ




**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તાજેતરમાં સીટી બસ દુર્ઘટનામાં ચાર વ્યક્તિના થયેલા મોત અંગે સવારે કમિશનરને આવેદનપત્ર આપ્યા બાદ બનાવના સ્થળે યુનિવર્સિટિ રોડ પર ઈન્દિરા સર્કલ કેન્ડલ માર્ચ દ્વારા મૃતકોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જે કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, ડો. હેમાંગભાઈ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, દીપ્તિબેન સોલંકી, ગાયત્રીબા વાઘેલા, સંજયભાઈ અજુડીયા, કનકસિંહ જાડેજા, પ્રવીણભાઈ કાકડીયા, હરભમભાઈ મોઢવાડિયા, નવનીતભાઈ ચૌહાણ, નયનાબા જાડેજા, પ્રતિમાબેન વ્યાસ, કલ્પેશભાઈ કુંડલીયા, અશોકસિંહ વાઘેલા, નરેન્દ્રભાઈ સોલંકી, આદિત્યસિંહ ગોહિલ, હરપાલ સિંહ જાડેજા, ભાવેશભાઈ બોરીચા, તુષારભાઈ નંદાણી, યુનુસભાઈ જુણેજા, સલીમભાઈ કારિયાણી, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત્તભાઈ રાવલ, નાગજીભાઈ વિરાણી, લાખાભાઈ ઊંધાડ, ડી.પી મકવાણા, હેમલ પેશીવાડીયા, દિનેશભાઈ માલકીયા, ચિંતનભાઈ દવે, ગેલાભાઈ મુછડીયા, અજીતભાઈ વાંક, ગૌરવભાઈ પુજારા, હબીબભાઈ કટારીયા, મહેન્દ્રસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ ઝાલા, દિલીપભાઈ આસવાણી, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, શાંતાબેન મકવાણા, મકસુદભાઈ ચાવડા, જગદીશભાઈ ડોડીયા, ગિરીશભાઈ પટેલ, નિલેશભાઈ મારુ, રમેશભાઈ તલાટીયા, નિલેશભાઈ વિરાણી, જગદીશભાઈ સખીયા, પ્રફુલાબેન ચૌહાણ, હિરલબેન રાઠોડ, કિંજલબેન જોશી, બિંદિયાબેન તન્ના, જયાબેન ટાક, જયાબેન ચૌહાણ, મેરુનબેન કુરેશી, પુનમબેન રાજપૂત, કલાબેન રાઠોડ, જશુબેન વાંક, સરોજબેન રાઠોડ, વિજયાબેન, લક્ષ્મીબેન સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




# જૈન શ્રેષ્ઠી અને સુપ્રસિધ્ધ ધારાશાસ્ત્રી કમલેશ શાહનો આજે જન્મદિવસ



શહેરના સુપ્રસિધ્ધ એડવોકેટ, જૈન શ્રેષ્ઠી અને ભાજપ અગ્રણી કમલેશભાઈ શાહનો આજે તા.૧૮ એપ્રિલના રોજ જન્મદિવસ છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં સિનીયર એડવોકેટ તરીકે આગવી નામના ધરાવતા કમલેશભાઈ શાહ અગાઉ રાજકોટ બાર એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે પ્રશંસનીય કામગીરી કરી ચુક્યા છે. વકીલાતના વ્યવસાયમાં ૩૫ વર્ષની સફળ અને સુદીર્ઘ કારકિર્દી ધરાવતા કમલેશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ અનેક જુનિયર વકીલો તૈયાર થયા છે. ભાજપના લિગલ સેલમાં વર્ષોથી સક્રિય છે અને રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી સહિતની ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારોના ફોર્મ ભરવા અને ચકાસવામાં તેમનું અમૂલ્ય માર્ગદર્શન રહે છે. જૈન વણિક સમાજની સંસ્થાઓ, પાંજરાપોળ તેમજ એનિમલ હેલ્પલાઈન સહિતની જીવદયા સંસ્થાઓમાં તેઓ સેવા આપી રહ્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધિ-પ્રસિધ્ધીના નવા સોપાનો સર કરે તેવી જન્મદિવસ પ્રસંગે અબતક દૈનિક પરિવારે શુભેચ્છાઓ પાઠવી છે. આજે તેમના જન્મદિવસે મોબાઈલ નંબર ૯૮૯૮૨ ૧૮૯૩૨ અને ૯૮૨૫૨ ૯૩૨૭૮ ઉપર રાજકોટ સહિત રાજ્યભરમાંથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# જય વેલનાથ માંધાતા ટ્રસ્ટ દ્વારા ૧૭ મેએ કોળી ઠાકોર સમુહ લગ્નોત્સવ

**અબતક, રાજકોટ**

જય વેલનાથ માંધાતા ટ્રસ્ટ નવાગામ પ્રેરિત તાલુકા ચુંવાળીયા કોળી ઠાકોર સમુહલગ્ન સમીતી આણંદપર નવાગામ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૭-૫ ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે આણંદપર નવાગામ મેઈન રોડ લાડવાવાડી ખાતે ૧૦મો શાહી સમુહ લગ્નોત્સવનુ ભવ્ય આયોજન રાખેલ છે. સમાજના તમામ કાર્યકરોની મહેનતથી તેમજ દાતાઓના સહકારથી આ સમુહલગ્નમાં ભાગ લેનાર નવદંપતિઓને કરિયાવરમાં ઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવશે. આ સમુહલગ્નમાં દશ હજાર જ્ઞાતિજનો માટે ભોજન સમારંભની વ્યવસ્થા રાખેલ છે. રાજકોટ તાલુકા લેવલે નવાગામમાં સતત ૧૦ વર્ષથી ચુંવાળીયા કોળી સમાજના સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ સમુહલગ્નમાં જોડાવા માટે ના ફોર્મ મેળવવા માટે ૩૦ એપ્રિલ સુધી સંસ્થાના કાર્યાલય આણંદપર નવાગામ મેઈન રોડ, ઉર્જા કોમ્પ્લેકસ ખાતે રુબરુ અથવા મો. નં. ૯૨૬૫૪ ૭૦૯૨૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.



# ગોંડલઃ લાલ મંદિરે સંત લાલાબાપાનો રવિવારે ૮૪મો પુણ્યતિથિ મહોત્સવ

## કળશ સ્થાપન, સંતોના આર્શિવચન, શોભાયાત્રા, સંતવાણી સહિતના કાર્યક્રમોનું આયોજન

**અબતક, રાજકોટ**

સંત શિરોમણી મોચી જ્ઞાતિ રત્ન ભકતરાજ લાલાબાપાનો ૮૪મો પૂણ્યતિથી મહોત્સવ લાલાબાપા મંદિર ધામ-ગોંડલ નિજધામ ખાતે રવિવાર તા.૨૦ ના રોજ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હોવાનું શ્રી લાલ મંદિર મહંત પરસોતમદાસજીની યાદીમાં જણાવેલ છે. લાલ મંદિર દેવપરા ખાતે સવારે ૭-૩૦ કલાકે સનાતન ધજા આરોહણ, કળશ સ્થાપન, વડવાળી જગ્યાના સંતો-મહંતો દ્વારા થશે. સવારે ૮-૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ રાજ માર્ગો ફરી બાપાની ૮૪મી પૂણ્યતિથીના આ જીવન ભોજન સમારંભ દાતા સ્વ.વિરજીભાઈ મેઘજીભાઈ ચાવડા પરિવાર (યુ.એસ.એ.)ના પરિવારજનો પધારશે.



આ ઉપરાંત બપોરે ૨-૩૦ કલાકે ધર્મસભા, રામધુન સત્સંગ શ્રી રામજી મંદિર જેતપુર કિશોરબાપુ દ્વારા ધર્મસભા, રામધુન યોજાશે. ભક્તિ સંધ્યા કાર્યક્રમ પનઘટ ભક્તિ સંગીત મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ભજનનું રસપાન કરાવશે. દાસીજીવણના આરાધક ડો.નિરંજનભાઈ રાજ્યગુરુ, આનંદ આશ્રમ (ઘોઘાવદર) પધારશે. સમગ્ર મહોત્સવનું સંચાલન લાલાબાપા મંદિર ધામ-ગોંડલ મહંત પરસોતમબાપાના વડપણ હેઠળ તથા ગોંડલ મોચી સમાજ, લાલ સેવક મંડળ ગોંડલ, લાલ સ્મારક ટ્રસ્ટ - ગોંડલ તથા શ્રી રામજી મંદિર સેવા સમિતિ તથા સમસ્ત પૂ.બાપાના ભાવિક ભકતજનોના સહકાર દ્વારા મહોત્સવ ઉજવાશે ભાવિકોને ઉપસ્થિત રહેવા લાલ મંદિરના વ્યવસ્થાપક ભરતભાઈ પી. ચુડાસમા તથા પત્રકાર સુરેશભાઈ ચૌહાણએ જણાવેલ છે.

# અધેવણુ ટ્રસ્ટ દ્વારા રવિવારે બાંસુરી વાદનનો નિઃશુલ્ક સેમીનાર

**અબતક, રાજકોટ**

શહેરમાં રાષ્ટ્રીય શાળા ખાતે અખિલ ભારતીય ગાંર્ધવ મહાવિદ્યાલયના માન્યતા પ્રાપ્ત કરેલ શિક્ષક, વિષારદ જીજ્ઞેશભાઈ લાઠીગરા દ્વારા બાંસુરીની શિક્ષા આપવામાં આવે છે અને અધરવેણુ દ્વારા બાંસુરી શીખવા ઈચ્છતા રસીકો માટે અવાર-નવાર જુદા-જુદા સેમીનાર દર વર્ષે રાખવામાં આવતા હોય છે. અધરવેણુની સ્થાપનાથી આજદિન સુધી બાંસુરીના તજજ્ઞનોને આમંત્રીત કરી બાંસુરી વાદનના સેમીનાર કરવામાં આવેલ છે અને તેમા બહોળી સંખ્યામાં બાંસુરી શીખવા માટે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે.

તેવી જ રીતે આ વખતે અધરવેણુ દ્વારા બાંસુરીના પ્રસાર-પ્રચાર કરવા અને બાંસુરીના અભ્યાસ અર્થે ભારત વિકાસ પરિષદ, નટરાજનગર શાખાના ઉપક્રમે શહેરમાં ‘‘સત્વ‘‘, જલારામ-૨, યુની. રોડ ખાતે આગામી તા.૨૦/૪/૨૦૨૫, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ કલાકે રાખેલ છે જેમા બાંસુરી દ્વારા શાસ્ત્રીય સંગીતમાંથી ફીલ્મી સંગીત અને ફીલ્મી સંગીતમાંથી રાગ સંગીત કઈ રીતે વગાડી શકાય તે દર્શાવવામાં આવશે. આ સેમીનાર બાંસુરીના રસીકો માટે નિશુલ્ક છે પરંતુ તેમા ભાગ લેવા અર્થે રજીસ્ટ્રેશન માટે ફોન નં. - ૦૨૮૧ ૨૨૩૧૦૦૧, માં રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે.

# સહકાર ભારતીના નવનિર્વાચીત રાષ્ટ્રીય પદાધિકારીઓએ ‘અપના બજાર’ની મુલાકાત લીધી

## કન્ઝયુમર કો.ઓપરેટીવ સેકટર અંગે ચર્ચા કરી સંસ્થાની પ્રવૃત્તિને મહેમાનોએ બિરદાવી

**અબતક, રાજકોટ**

ગ્રાહક પ્રવૃતિ સાથે સાડા છ દાયકાથી સતત કાર્યરત રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. અપના બજારનાં મુખ્યાલય ખાતે સહકાર ભારતીનાં નવનિર્વાચીત રાષ્ટ્રીય પદાધિકારીઓ ઉદય જોષી- રાષ્ટ્રીય અધ્યક્ષ, રાષ્ટ્રીય મહામંત્રી સંજય પાચપોર, સહકાર ભારતી પૂર્વ અધ્યક્ષ- આરબીઆઈ ડિરેક્ટર સતીષ મરાઠે, ગુજરાત પ્રાંત સંગઠન મંત્રી જીવનભાઈ ગોલે, પ્રાંત પ્રકોષ્ટ પ્રમુખ ચીમનભાઈ ડોબરિયા દ્વારા રૂબરૂ મુલાકાત લઈ સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવી હતી. સંસ્થાની પ્રવૃત્તિનો સવિસ્તર ચિતાર રજૂ કરતાં ચેરમેન ભાગ્યેશ વોરાએ પ્રતિનિધિ મંડળ સમક્ષ અનેક આયામો રજૂ કર્યા હતા.



આરબીઆઈ ડિરેક્ટર- વરિષ્ઠ અધિકારી સતીષ મરાઠેનું ભવિષ્યની દ્રષ્ટિએ ગ્રાહક સહકારી ભંડારે સહકારી પ્રવૃત્તિમાં ટકી રહેવા અસ્તિત્વને ટકાવી રાખવા કેવા અભિગમ કેળવવા પડશે તે અંગે માર્ગદર્શન આપેલ.

આ પ્રસંગે સહકારી અગ્રણીઓ જુનાગઢની કેશવ ક્રેડીટ કો. ઓપ. સોસાયટીનાં અધ્યક્ષ રમેશભાઈ સાવલિયા, બોર્ડ ઓફ ડિરેક્ટરનાં સદસ્યો નંદકિશોરભાઈ ગરાચ, ચીમનભાઈ ડોબરિયા, ભીખુભાઈ પાંભર, નયનાબેન મકવાણા આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થા ડિરેક્ટર સહકારભારતી પ્રાંત ઉપાધ્યક્ષ નયન મકવાણાએ કરી કાર્યક્રમને સફળ બનાવેલ. આભાર દર્શન વહીવટી અધિકારી નરેશભાઈ શુકલએ કરેલ.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા એસ.ટી. ડેપોમાં બે હજારથી વધુ મુસાફરોને છાસ વિતરણ

**અબતક,રાજકોટઃ** શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા મીનાબેન વિરેન્દ્રભાઈ દોશી પરિવારના મુખ્ય સહયોગથી જૈન શ્રેષ્ઠી સ્વ વિરેન્દ્રભાઈ દોશીના સ્મરણાર્થે ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરા તાપમાં બસમાં મુસાફરી કરતા યાત્રાળુઓને ગરમીમાં રાહત થાય તે માટે એસ. ટી.બસ પોર્ટમાં-રવિવારે સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટના પૂર્વ પ્રમુખ જનાર્દનભાઈ આચાર્ય અને એસ.બી.આઈ. પેન્શનર્સ એસોસિએશનના અગ્રણી શરદભાઈ દવેના હસ્તે ’છાસ વિતરણનો પ્રારંભ કરવામાં આવેલ જેનો અંદાજે ૨૧૦૦ થી વધુ લોકોએ લાભ લીધેલ.

સંસ્થાના સેવાભાવી કાર્યકર્તાઓએ યાત્રાળુઓને પીવડાવેલ કાર્યકર્તાઓ અનુપમ દોશી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલિયા, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, મહેશભાઈ જીવરાજાની, મહેશભાઈ વ્યાસ, દક્ષિણભાઈ જોષી, વિજય કુંભાણી, ઉદયભાઈ ગાંધી, હરેનભાઈ મહેતા, અશ્વિનભાઈ સોનગરા, પ્રદીપભાઈ ઉનડકટ, હાર્દિક સૂચક, કિરીટભાઈ જોશી, વિમલભાઈ રાચ્છ, સંજય ગાંગાણી, ભાર્ગવી વ્યાસ સેવા કાર્યમાં સહભાગી બનેલ, છાસ વિતરણ પ્રવૃત્તિના સેવાકાર્યમાં સ્ટેટ બેંક નિવૃત સ્ટાફ પરિવારના જે.કે.શેઠ, અશ્વિનભાઈ ત્રિવેદી, એડવોકેટ હિરલબેન જાની, શહેર ભાજપ મહિલા મોરચાના મંત્રી વૈશાલીબેન મહેતા ઉપસ્થિત રહેલ.

# સરદાર પટેલ કર્મચારી મંડળ રવિવારે ગવરીદડ ખાતે સર્વ રોગ નિદાન અને મેગા બ્લડ ડોનેશન કેમ્પ

## દવાઓનું નિઃશુલ્ક વિતરણ, બ્લડ ડોનેટ કરનાર ડોનરને આકર્ષક ભેટ આપવામાં આવશે

**અબતક,રાજકોટ**

સરદાર પટેલ કર્મચારી મંડળ રાજકોટ છેલ્લા ૨૯ વર્ષથી સેવાકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક અને પર્યાવરણ બચાવો જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, જેના ભાગરૂપે તારીખ ૨૦-૪-૨૦૨૫ ને રવિવારે, ‘‘ગવરીદડ પ્રાથમીક શાળા‘‘ ગવરીદડ ખાતે સર્વરોગ નિદાન અને મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં રાજકોટ ના ૧૪ નિષ્ણાંત તબીબો દ્વારા નિઃશુલ્ક સેવા આપશે જેમાં નાક - કાન - ગળા, મેડિસિન, બાળરોગ, હાડકાં, ચામડી, હ્રદયરોગ, આંખ, સ્ત્રી રોગ, દાંત, જનરલ સર્જન, ફિઝિશિયન ના નિષ્ણાંત ડોક્ટરો નિઃશુલ્ક સારવાર આપશે અને દરેક દર્દીઓને દવાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આ સેવાનો લાભ ગવરીદડ, જારીયા, ખોરાણા, હડાળા, રતનપર, વિજયનગર, બેડી, સણોસરા વગેરે ૮ ગામોના લોકોને સારવાર નો લાભ મળશે.

આ સાથે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રેડક્રોસ બ્લડ બેંક ની સેવાઓ લેવા માં આવી છે. બ્લડ ડોનેટ કરનાર ને આકર્ષક અને ઉપયોગી ભેટ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં સહકારી મંડળી ના પ્રમુખ, મંત્રી અને દરેક હોદ્દેદારો અને સભ્યો, ગ્રામ પંચાયત ના સરપંચ અને સભ્યો ત્થા સર્વે જ્ઞાતિના સમાજ આગેવાનો અને કાર્યકરો ખાસ હાજર રહેશે. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ખાસ જહેમત ઉઠાવી રહ્યા છે.

સરદાર પટેલ કર્મચારી મંડળ રાજકોટ ના પ્રમુખ કુમનભાઈ વરસાણી, મંત્રી જયેશભાઈ દુધાત્રા તથા સર્વે મંડળ ના કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

ભારતીયો માટે ગર્વની ક્ષણ


# ભગવદ ગીતા અને નાટ્યશાસ્ત્રનો યુનેસ્કોની યાદીમાં સમાવેશ


## ગીતા અને નાટ્ય શાસ્ત્રે સદીઓથી સભ્યતા અને ચેતનાનું પોષણ કર્યું છે, તેમની આંતરદષ્ટિ વિશ્વને પ્રેરણા આપતી રહે છે: પીએમ મોદી

**અબતક, નવી દિલ્હી**

આજે વર્લ્ડ હેરીટેજ ડેના દિવસે ભારતીયો માટે ખુશીના સમાચાર છે. ભગવદ ગીતા અને ભરત મુનિના નાટ્યશાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન પ્રધાન ગજેન્દ્ર સિંહ શેખાવતે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ અંગે જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીએ આ અંગે ખુશી વ્યક્ત કરી. તેમણે તેને વિશ્વભરના દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ ગણાવી.વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન પ્રધાન







ગજેન્દ્ર સિંહ શેખાવતની એક્સ પોસ્ટ શેર કરી હતી. વડાપ્રધાન મોદીએ લખ્યું કે આ દુનિયાભરમાં ફેલાયેલા દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ છે. યુનેસ્કોના મેમોરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં ગીતા અને નાટ્ય શાસ્ત્રનો સમાવેશ એ આપણા શાશ્વત જ્ઞાન અને સમૃદ્ધ સંસ્કૃતિની વૈશ્વિક માન્યતા દર્શાવે છે. ગીતા અને નાટ્ય શાસ્ત્રએ સદીઓથી સભ્યતા અને ચેતનાનું પોષણ કર્યું છે. તેમની આંતરદષ્ટિ વિશ્વને પ્રેરણા આપતી રહે છે.યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં પેઢીઓથી સમાજ પર અસર રહ્યા હોય એવા મહત્વપૂર્ણ ઐતિહાસિક ગ્રંથો, હસ્તપ્રતો અને દસ્તાવેજોને સામેલ કરવામાં આવે છે.યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં ભગવાન કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો પવિત્ર સંવાદને ભગવદ ગીતામાં સમાવવામાં આવ્યો છે, આ ગ્રંથને સદીઓથી ભારતીય સમાજ માટે આધ્યાત્મિક અને દાર્શનિક આધારસ્તંભ છે.

### વૈશ્વિક સન્માન ભારતના શાશ્વત શાણપણ અને કલાત્મક પ્રતિભાની ઉજવણી કરે છે: મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ટ્વિટર પર લખ્યું કે, આ ભારતની સભ્યતા વારસા માટે એક ઐતિહાસિક ક્ષણ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ભરત મુનિના નાટ્યશાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે. આ વૈશ્વિક સન્માન ભારતના શાશ્વત શાણપણ અને કલાત્મક પ્રતિભાની ઉજવણી કરે છે. ભગવદ ગીતા એક આદરણીય ધાર્મિક ગ્રંથ અને આધ્યાત્મિક માર્ગદર્શક છે. નાટ્ય શાસ્ત્રએ કલા પરનો એક પ્રાચીન ગ્રંથ છે. તે લાંબા સમયથી ભારતની બૌદ્ધિક અને સાંસ્કૃતિક ઓળખનો મુખ્ય આધારસ્તંભ રહ્યો છે.

તેમણે કહ્યું કે, આ કાલાતીત કૃતિઓ ફક્ત સાહિત્યિક ખજાના કરતાં વધુ છે. તે દાર્શનિક અને સૌંદર્યલક્ષી પાયા છે જેણે ભારતના વિશ્વ દૃષ્ટિકોણ અને આપણે જે રીતે વિચારીએ છીએ, અનુભવીએ છીએ, જીવીએ છીએ અને પોતાને વ્યક્ત કરીએ છીએ તેને આકાર આપ્યો છે. આ સાથે હવે આપણા દેશના ૧૪ રેકોર્ડ આ આંતરરાષ્ટ્રીય રજિસ્ટરમાં સામેલ થયા છે.

---

સીએનજી પુરાવા મામલે

# અગાઉ થયેલા ડખ્ખાનો બદલો લેવા પિતા-પુત્રનો ટેક્સી ડ્રાયવર પર હુમલો

## ધોકા-પાઈપ વડે તૂટી પડનાર આઠ શખ્સોં વિરુદ્ધ એરપોર્ટ પોલીસમાં ગુનો : સીસીટીવી વાયરલ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ બેટી ગામે અગાઉ સીએનજી રીફીલ કરાવવા મામલે થયેલા ડખ્ખાનો બદલો લેવા પિતા-પુત્ર સહીત આઠ શખ્સોએ ટેક્સી ડ્રાયવર પર હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. એક સપ્તાહ પૂર્વે જ ક્રિષ્ના કાઠિયાવાડી રેસ્ટોરેન્ટ નજીક આવેલ પેટ્રોલ પંપ ખાતે સામસામે મારામારી થતાં ત્રણ ઈજાગ્રસ્ત થયાં હતા જયારે આઠ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જે ડખ્ખાનો બદલો લેવા વધુ એકવાર પિતા-પુત્ર સહીતની ટોળકીએ ધોકા-પાઈપ વડે હુમલો કરતા એરપોર્ટ પોલીસમાં ગુનો નોંધાયો છે. મારામારી અને વાહનમાં તોડફોડની ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

મામલામાં ફરિયાદી કિશન લાલદાસભાઈ દુધરેજીયા (ઉ.વ.૨૫)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, રાજકોટ હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ટેકસી ચલાવી પરીવારનું ગુજરાન ચલાવું છું. ૫ દિવસ પહેલા હું મારી સ્વીફ્ટ ડીઝાયર કાર લઈને કુવાડવા ગામ પાસે સીએનજી પંપ ખાતે ગેસ પુરાવવા માટે ગયો ત્યારે મયુર બોસરીયા ત્યા આવ્યો હતો અને મારી કાર આડી તેની કાર ઉભી



રાખતા અમારી વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ હું ત્યાથી નીકળી ગયો હતો અને કુવાડવા જીજે.૦૩ હોટલ પાસે પહોંચ્યો ત્યારે આ મયુર તથા તેના પિતા રેવાભાઈ બોસરીયા ત્યા આવી અને મારી સાથે ઝગડો કરવા લાગ્યા હતા જે અંગે મેં કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

૧૬ એપ્રિલે સાંજના ૪ વાગ્યાના આસપાસ રાજદીપ રાજગોર, અજય, નયન અને જયેશ પલાણી અમે બધા અજયની સ્વીફ્ટ ડીઝાયર કાર લઈ એરપોર્ટ ત્રણ રસ્તાથી રાજકોટ બાજુ જતા હતા. ત્યારે પાછળથી બે સ્વીફ્ટ કાર કાળા કાચવાળી અમારી પાછળ આવી અને અમારી

### અગાઉ થયેલ સામસામી મારામારીમાં ત્રણ ઈજાગ્રસ્ત થતાં આઠ વિરુદ્ધ કુવાડવા પોલીસમાં ગુનો નોંધાયો'તો

કારને સાઈડમાં દબાવવા લાગ્યા હતા. અજય ડ્રાઈવીંગ કરતો હતો તેને પોતાની કાર બેટી નદીનો પુલ ચડતા જલારામ હોટલ પાસે ઉભી રાખી તો પાછળ આવતી સ્વીફ્ટ કારમાંથી મયુર બોસરીયા તથા રેવાભાઈ ધનાભાઈ બોસરીયા અને તેની સાથેના અજાણ્યા પાંચ-છ લોકો ધોકા સાથે નીચે ઉતરી જેમ ફાવે તેમ ગાળો બોલી મારા મિત્ર જયેશને મયુર તથા રેવાભાઈ તેમજ સાથે આવેલ અજાણ્યા શખ્સોએ ધોકા વડે માર માર્યો હતો.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, હું ત્યાથી ભાગવા જતા મને મયુરે પકડી લીધો હતો અને તેની પાસે છરી હોય જે છરી મને ડાબા હાથમાં મારી અને સાથેના બીજા અજાણ્યા શખ્સોએ મને ધોકા વડે હાથ પગમાં માર માર્યો હતો અને જતા જતા મયુર મને ધમકી આપવા લાગ્યો હતો કે હવે પછી જો અમારી વચ્ચે આવીશ તો તને જાનથી મારી નાખીશ. જેથી મે ૧૦૦ નંબરમા ફોન કરેલ હતો અને મને હાથ પગમાં ઈજા થતા મે ૧૦૮મા પણ ફોન કરી દીધો હતો.

૧૦૮ આવી જતા પહેલા કુવાડવા સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ ગયા હતા અને ત્યાથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં યુવકને ડાબા પગમાં ઢીચણથી નીચેના ભાગે ફેકચર થયું છે અને ડાબા હાથમાં કોણી પાસે બે ટાકા આવેલા હતા. તથા જમણા હાથના પંજા પાસે મૂઢ મારની ઈજાઓ થયેલ છે. આ ઉપરાંત મિત્ર જયેશ પલાણીને શરીરે મુંઢ ઈજાઓ થયેલ હતી. હાલ સમગ્ર મામલે યુવાન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા એરપોર્ટ પોલીસે ઈગજની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૧(૩), ૩૫૨, ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

---

# ડાર્ક વેબ પરથી ગાંજાયુક્ત ઈ-સિગરેટ મંગાવી નશાનું વેચાણ કરતી ગેંગ ઝડપાઈ

## રાજ્યમાં પહેલીવાર ઝોમ્બી ઈ-સિગરેટનો ગુનો દાખલ કરતી એસએમસી

## રૂ.૨૮ લાખના મુદ્દામાલ સાથે બેલડીની ધરપકડ, વાપીના શખ્સની શોધખોળ

**અબતક, રાજકોટ**

ડાર્ક વેબ પરથી ગાંજાયુક્ત ઝોમ્બી ઈ-સિગરેટ મંગાવી વેચાણ કરી યુવાધનને નશાના રવાડે ચડાવતી ગેંગને એસએમસીએ ઝડપી લીધી છે. એસએમસીએ નવસારીના વાસંદા તાલુકામાં દરોડો પાડી હાઈબ્રિડ ગાંજો, ઈ-સિગરેટ સહીત રૂ. ૨૮.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોંની ધરપકડ કરી છે. જયારે વાપીના શખ્સની શોધખોળ શરૂ કરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયના સુપરવિઝન હેઠળ રાજ્યમાં એનડીપીએસની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખ્સોં ઉપર વોચ રાખી એનડીપીએસ એક્ટ હેઠળ કેસ શોધવા આપવામાં આવેલી સૂચનાને પગલે ડીવાયએસપી કે ટી કામરીયાના માર્ગદર્શન હેઠળ એસએમસીનિ અલગ અલગ ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન એસએમસી પી.આઈ. ચંદ્રશેખર પનારાની ટીમને બાતમીદાર મારફત હકીકત મળી હતી કે, નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ચાપલ ધરા ગામ, વચલું ફળિયું, અંબે માતાજીના મંદિર પાછળ મિલન ધનગર નામનો શખ્સ પોતાના મળતીયા સાથે ભેગા મળી એક મકાનમાં હાઈબ્રીડ ગાંજાનો જથ્થો તથા ડિસ્પોઝેબલ ઈ-સિગરેટ જેને ઝોમ્બી ઈ-સિગરેટ તરીકે પણ ઓળખવામાં આવે છે જેમાં



ગાંજાનો ખૂબ વધુ જથ્થો હોય છે તે ઈ-સિગરેટનો જથ્થો છુપાવી રાખેલ છે.

જે માહિતીના આધારે એસએમસી પીએસઆઈ વી સી જાડેજાની ટીમના કર્મચારીઓએ સરકારી પંચોને હાજર રાખી દરોડો પાડી તનમ્યકુમાર સુમનભાઈ પટેલ અને મિલનકુમાર દીપકભાઈ ધનગરને વનસ્પતિજન્ય હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ૮૦ ગ્રામ જેની કિંમત રૂ.૮ લાખ તથા ગાંજાના સક્રિય ઘટકની હાજરીવાળા ઈ-સિગરેટ નંગ ૨૦ જેની કિંમત રૂ. ૨૦ લાખ તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૨૮.૧૫ લાખ સાથે પકડી પાડ્યા હતા.

ઝડપાયેલા શખ્સોંની પૂછપરછ કરતા તેઓ પ્રતિબંધિત હાઈબ્રિડ ગાંજો વાપી ખાતેથી આતિફ નામના શખ્સ પાસેથી લઈ આવ્યાનો ખુલાસો થયો હતો. જેથી એસએમસીએ ત્રિપુટી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. વધુમાં આરોપીઓની પૂછપરછમાં ખુલાસો થયો છે કે, ગાંજાના સક્રિય ઘટક સાથેની ઈ-સિગરેટ નંગ ૨૦ તેમણે ડાર્ક વેબ પરથી ઓનલાઈન મંગાવેલ હતું ઉલ્લેખનીય છે કે ઝોમ્બીએ સિગરેટ અંગેનો પ્રથમ ગુનો ગુજરાત રાજ્યમાં એસએમસી દ્વારા દાખલ કરવામાં આવ્યો છે.

---

GETCO ની અવળચંડાઈ

# વાંકાનેરના જાલસીકા ગામે હાઈ વોલ્ટેજ લાઈન ખેતીની જમીનમાંથી પસાર કરાતા ખેડૂતોનો વિરોધ

## બંને બાજુ સરકારી ખરાબો હોવા છતાં ખેડૂતોની જમીનમાંથી લાઈન પસાર કરવાનો જેટકોના નિમ્ન અભિગમ : અનેક વખત ખેડૂતોની રજૂઆતો ને કરવામાં આવી નજર અંદાજ

### રાજ્યના કેબિનેટ મંત્રી, સાંસદ અને ધારાસભ્યોને પણ કરવામાં આવી અનેક વખત રજૂઆત

ખેડૂતોની ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ આ અંગે રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, લોકસભાના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય જીતુભાઈ સોમાણી તથા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ સહિત અનેક રાજકીય આગેવાનો તથા નેતાઓને આ અંગે લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે એટલું જ નહીં આ તમામ નેતાઓ દ્વારા પણ આ મુદ્દે અનેક વખત આદેશો પણ આપ્યા છે અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા પણ જણાવ્યું છે છતાં જેટકો તંત્ર અવરચંડાઈ કરતું હોય તેવું ચિત્ર ઊભું થયું છે કારણ કે તમામ નેતાઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને આદેશને પણ તેઓ ગ્રાહ્ય રાખતા નથી. ઊલટું ખેડૂત ખાતેદારોએ જણાવ્યું કે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ જેટકોના અધિકારીઓને ખખડાવીને કહ્યું હતું કે ખેડૂતો પર દાદાગીરી ન ચલાવો અને તેમની વ્યથા સમજો છતાં પણ જેડકોની અવરચંડાઈ ઓછી થતી જ નથી.

### જેટકોના અધિકારીઓ સ્થળ ઉપર આવી ખેડૂત ખાતેદારોને ધમકાવતા હોવાનો આક્ષેપ

જાલસીકા ગામના ખેડૂતોએ આક્ષેપ કરતાં જણાવ્યું કે આ અંગે જ્યારે કલેક્ટર સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી અને તેનો કોઈ જવાબ આજ દિન સુધી આવ્યો નથી ત્યારે અરજી પેન્ડિંગ હોવા છતાં જેટકોની અવરચંડાઈ આસમાને પહોંચી છે કારણ કે જેટકોના અધિકારીઓ સ્થળ ઉપર આવી ખેડૂત ખાતેદારોને ધાક ધમકી આપી ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપતા હોવાનો આક્ષેપ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો છે . આ તમામ ઘટનાઓથી ખેડૂત ખાતેદારો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આ મુદ્દે તેઓને ઝડપી ન્યાય મળે તે માટે ખાસ સરકારને અપીલ પણ કરી રહ્યા હોવાનું માલુમ પડ્યું છે.

**અબતક, મોરબી**

કહેવાય છે કે સરકાર પ્રજાનું રક્ષણ કરે છે પરંતુ સરકારી વિભાગ પ્રજાનું દુશ્મન બને તો તેને શું કહેવું. વાંકાનેર તાલુકામાં આવેલા જાલસીકા ગામમાં ૨૨૦ કેવીની લાઈન પસાર કરવા માટે ખાસ તખતો તૈયાર કરી લેવામાં આવ્યો છે. પરંતુ ત્યાંની સાંપ્રત પરિસ્થિતિને જેટકોના અધિકારીઓ દ્વારા જાણે ધ્યાને લેવામાં આવી ન હોય અથવા તો પોતાની મનસુફી મુજબ કામ કરવામાં માનતી હોય તેવું ઉદાહરણ જેટકો એ ઊભું કર્યું છે. મચ્છુ એક ડેમથી પસાર થતી હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રીક લાઈન કે જે નાના નાના ખેડૂતોની જમીનોમાંથી પસાર થાય તો તેને લઈ ખેડૂતોને આજીવિકા માટે ગલા તલા કરવા પડે છતાં પણ નિંભર તંત્ર કોઈ પણ પ્રકારે તેમની લાગણી અને વ્યથા સમજવામાં માનતું ન હોય તેવું ચિત્ર પણ ઉભું થયું છે. પ્રજાના સેવકો જેવા કે ધારાસભ્યો, સાંસદો દ્વારા પણ આ અંગે અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં જેટકો દ્વારા કોઈ પણ પ્રકારનું હકારાત્મક વલણ અપનાવવામાં આવ્યું નથી અને તેને લઈ જાલસીકા ગામના ખેડૂતોને ઘણી ખરી હેરાનગતિનો પણ સામનો કરવો પડી રહ્યો છે

મળતી માહિતી મુજબ વાંકાનેર તાલુકામાં હોલ માતાજીનું મંદિર આવેલું છે અને આ મંદિરના નિભાવ માટે જાલસીકા ગામમાં ખેતીની જમીન આવેલી છે અને જ્યાં સાડા ચારસો જેટલી ગાયો પણ રાખવામાં આવેલી છે. કેન્દ્ર સરકારની જે કિસાન સૂર્યોદય યોજના છે તે અંતર્ગત જેટકો દ્વારા ઘીયવડ સાપર ૨૨૦ કે.વીની લાઈન પસાર કરવામાં તૈયારીઓ શરૂ કરી દીધી છે અને હાલ આ ષડયંત્ર ને ખેડૂતો દ્વારા અટકાવવામાં પણ આવ્યું છે પરંતુ જો આ લાઈન તેમના ખેતરોમાંથી

### આગામી સમયમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો ખેડૂત ખાતેદારોએ ઉચ્ચારી આંદોલનની ચીમકી

પસાર કરવામાં આવે તો તે ખેડૂતો માટે નડતરરૂપ બનશે. એટલું જ નહીં તે ગામમાં આવેલી આશરે ૧૩ જમીનના ખાતેદારો દ્વારા લેખિતમાં આ અંગે જાણ કરવામાં આવી અને જણાવવામાં આવ્યું કે હાલ જે ખેતરો માંથી લાઈન પસાર કરવામાં આવશે તો તે અયોગ્ય છે ખરા અર્થમાં ખેતરોની બંને બાજુ સરકારી ખરાબો છે જો આ હાઈ વોલ્ટેજ લાઈનને સરકારી ખરાબ માંથી પસાર કરવામાં આવે તો ખેડૂતો માટે સાનુકૂળતા રહે અને જે સાડા ચારસો ગાયોનું જે ભરણપોષણ કરવામાં આવી રહ્યું છે તે પણ સુચારું રૂપથી શક્ય બને.

આ અંગે અનેકવિધ વખત રજૂઆત કરવામાં આવી પરંતુ સરકારી તંત્ર દ્વારા કોઈ હકારાત્મક જવાબ આપવામાં આવ્યો નથી સામે ખેડૂતોનું કહેવું છે કે જે લાઈન પસાર કરવાની વાત ચાલી રહી છે. તેને જો સરકારી ખરાબાની જમીનમાંથી પસાર કરવામાં આવે તો લંબાઈ પણ ટૂંકી થઈ જાય છે. બીજી તરફ જે સાડા ચારસો ગાયો માટે જે ઘાસચારાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે તે ખેતરો માંથી જ થાય છે ત્યારે અન્ય ખાતેદારોની જમીનમાં પણ આ લાઈન પસાર થાય તો વ્યાપક નુકસાન થાય તેવી ભીતિ સર્જાય છે અને ખેડૂતોમાં આ અંગે ભારે રોષ વ્યાપી ઉઠ્યો છે. બીજી તરફ ખેડૂતોએ એવી પણ માંગ અને રજૂઆત કરી છે. ત્યારે ખેડૂતોની એકમાત્ર માંગ છે કે સરકારી ખરાબાની જમીનમાં ટાવર ઉભા કરવામાં આવે જેથી ખેડૂતોની જમીનમાં નુકસાની ન પહોંચે.

બીજી સૌથી મોટી ચિંતાનો વિષય છે કે આ ખેડૂતો જે છે તે નાના ખાતાના ખેડૂતો છે જેની પાસે માત્ર પાંચ કે ૧૦ વીઘા જેટલી જગ્યા હોય અને તે પણ તેની મરણમુળી સમાન હોય જ્યારે આટલી મોટી હાઈ વોલ્ટેજ લાઈન તેમના ખેતરોમાંથી પસાર થાય તો તેમની જમીનની કિંમત શૂન્ય થઈ જાય છે ત્યારે આ તમામ બાબતે રાજ્ય સરકારે અને ખાસ જેટકોએ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે તો બીજી તરફ ખેડૂતો આંદોલનના પણ મંડાણ માટે તૈયાર થઈ ચૂક્યા છે કારણકે અનેકવિધ લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી છતાં જેટકોના નિમ્ભર અધિકારીઓ આ અંગે સહેજ પણ ગંભીર થયા નથી જેના ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ નાયબ કલેક્ટર વાંકાનેર દ્વારા આ અંગે હુકમ કરવામાં આવ્યો હતો જેની સામે નારાજ થઈ ખેડૂત અરજદારો દ્વારા કલેક્ટર સમક્ષ પણ અપીલ કરવામાં આવી હતી છતાં આજ દિન સુધી આ મામલે કોઈપણ પ્રકારનું નિરાકરણ આવ્યું નથી.

### મિટિંગમાં બોલાવી અધિકારીઓએ ખેડૂતોના હસ્તાક્ષર લઈ તેમની સંમતિ હોવાનું ખપાવી દીધું

જ્યારે પ્રજાના રક્ષક પ્રજાના જ ભક્ષક બને ત્યારે અન્ય કોઈ અપેક્ષા રાખી ન શકાય હાલ જાલસીકા ગામે જે ૨૨૦ કેવીની હાઈ વોલ્ટેજ લાઈન ખેતીની જમીનોમાંથી પસાર કરવામાં આવી રહી છે તેના વિરોધમાં અનેકવિધ ખેડૂતો જોડાયેલા છે ત્યારે ખાસ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા ખેડૂત ખાતેદારોને બોલાવવામાં આવ્યા હતા અને ખાસ મિટિંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું ત્યારે ઉપસ્થિત ખેડૂતોના હસ્તાક્ષર લઈ તેમની સંમતિ હોવાનું જણાવી ખેડૂતો વિરુદ્ધ હુકમ થયો હોવાની વાત સામે આવી છે જે ઘટનાને ખેડૂત ખાતેદારો દ્વારા વખોળવામાં આવી અને તેઓએ જણાવ્યું કે તેઓને માત્ર મિટિંગના નામે જ બોલાવવામાં આવ્યા હતા અને તેઓ પાસેથી હસ્તાક્ષર લઈ ત્યારબાદ એવું જાહેર કરવામાં આવ્યું કે તેઓની સંમતિ છે જે ખેડૂતો સાથે ચીટીંગ થયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

### ઘી આવડના ખેડૂતોને પણ આ જ પ્રકારે હેરાન ગતિ કરી મોટા આર્થિક ખાડામાં ઉતારવાની જેટકોની નફટાઈ

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર હાલ હોલમઢ ગામ ખાતે આ લાઈન નાખી દેવામાં આવી છે ત્યારબાદ જાલસીકાના ખેડૂતોના વિરોધ વચ્ચે હજુ આ લાઈન ત્યાં નાખવામાં આવી નથી ત્યારે હવે ઘીઆવડના ખેડૂતોને પણ આ જ પ્રકારે હેરાનગતિ કરી મોટા આર્થિક ખાડામાં ઉતારવાની નફ્ફટાઈ જેટકો કરી રહ્યું છે. બીજી તરફ આ અંગે ડ્રોન સુટ પણ કરાવવામાં આવ્યું છે કે બીજા કયા વિકલ્પ ઊભા થઈ શકે જેને તંત્ર સુધી પણ પહોંચાડવામાં આવ્યું છે.

### સીટી બસે અકસ્માત સર્જ્યા દરમિયાન

# પોલીસમેન પર ટપલીદાવ કરનાર ચોથા શખ્સની ધરપકડ

## અગાઉ ત્રણ આરોપી પકડાયા બાદ રૈયાધારના લક્ષ્મણ ભુંડિયાને દબોચ્યો: યુનિવર્સીટી પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં મોતના તાંડવમાં ઈન્દિરા સર્કલ પાસે યમદૂત બની ધસી આવેલ સીટી બસના ચાલકે સાતેક વાહનોને હડફેટે લઈ ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દિધા હતાં, જે બનાવમાં પોલીસ પર ટપલી દાવ કરનાર ટોળા સામે પણ ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીની શોધખોળ આદરી ત્રણ શખ્સોની અટકાયત કર્યા બાદ વધું એક શખ્સની ધરપકડ કરી હતી.

બનાવ અંગે રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતાં અજયભાઈ ભીખાભાઈ ડાભી (ઉ.વ.૪૦) એ યુની. પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ટોળામાં રહેલ ૧૫ થી ૨૦ લોકોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ફરજ પર ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ ઈન્દીરા સર્કલ પાસે ટ્રાફિક નિયમનની કામગીરી કરતા હતા, તે દરમ્યાન સવારના આશરે દસેક વાગ્યાના અરસામાં કોટેચા ચોકથી આકાશવાણી ચોક તરફ જવાનું સિગ્નલ ખુલતા તે બાજુની સાઈડ ઉપર ઉભી ટ્રાફિક નિયમન કરતા હતા. તે દરમ્યાન એક આરએમસીની સીટી બસ જીજે-૦૩-બીઝેડ-૦૪૬૬ પુરપાટ ઝડપે કોટેચા ચોકથી સિગ્નલ ખુલતા અચાનક આવી જતા બસના ચાલકે રસ્તાના રાહદારીઓ, બાઈક ચાલકો તથા કાર ચાલકોને અડફેટે લઈ આઠ લોકોને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. દરમિયાન રોષે ભરાયેલ ટોળાએ ચાલક શિશુપાલસિંહને બહાર કાઢી માર મારવાનું ચાલુ કરી દેતા ટ્રાફિક પોલીસકર્મીએ ચાલકને બચાવી એમ્બ્યુલન્સમાં બેસાડી સારવાર અર્થે ખસેડી દેતા ટોળાંમાં કેટલાક શખ્સોંએ હાથાપાઈ કરવા લાગેલા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ફરજમાં રૂકાવટ, સરકારી વાહનમાં તોડફોડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીને પકડવા તજવીજ આદરી હતી. જેમાં પહેલાં મનીષ ઉર્ફે માન કાળુ સભાડ ભરવાડ (ઉ.વ.૧૯, રહે. રૈયાધાર સ્લમ ક્વાર્ટર્સ મ.પરા જશોદાચોક ઠાકરમંદિર પાછળ) અને કરણ કિશોર વિશ્વકર્મા (ઉ.વ.૨૪, રહે.ઈન્દિરા સર્કલ અર્જન્ત કોમ્પલેક્ષ નીચે ઓરડીમા) ને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું. જે બાદ યુની. પોલીસ મથકના પીઆઈ હરેશ પટેલ અને ટીમે વધું એક આરોપી લક્ષ્મણભાઈ પોલા સિંઘવ ભૂંડીયા (ઉ.વ.૧૮, રહે-રેયાધાર સ્લમ ક્વાર્ટર- ૭૧૩) ની ધરપકડ કરતાં ટોળામાંના કુલ ચાર આરોપી ઝડપાયા હતાં.

# ગુજરાત સમાચારનાં ડિરેક્ટર સ્મૃતિબેન શાહની ચિરવિદાય

## ગુજરાતી અખબારી જગતની વિરલ સંચાલક નારી પ્રતિભાનો એક યુગ અસ્ત થયો

**અબતક રાજકોટ**

ગુજરાત સમાચારનાં ડિરેક્ટર અને ગુજરાતી પત્રકારત્વનાં સંચાલક મંડળમાં તેજસ્વી તારલાની જેમ ચમકતા તથા પોતાની વિશિષ્ટ નિર્ણયશક્તિ અને મેનેજમેન્ટ કુશળતાના કારણે વિવિધ આવૃત્તિઓનું સંચાલન કરીને મેનેજમેન્ટ સંભાળતા સ્મૃતિબેન શાહે ગુરુવારે સાંજે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની ચિરવિદાયની સાથે ગુજરાતી અખબારી સંચાલકોમાં વિરલ પ્રતિભા તરીકે સદાય પ્રતિષ્ઠિત અને પોતાની ગુજરાત સમાચાર પ્રત્યેની નિષ્ઠા માટે સતત પ્રવાસ કરતા અને વિશાળ લોકસંપર્ક



ધરાવતા નારી પ્રતિભાની જગ્યા પણ ખાલી પડી છે.

તેમની અંતિમ યાત્રા આજે સવારે ૮.૩૦ વાગે જી.એસ.ટી.વી. હાઉસ, ઈસ્કોન મંદિરની બાજુમાંથી નીકળી થલતેજ સ્મશાનગૃહ ખાતે પહોંચી હતી. તેમનો પાર્થિવ દેહ પંચ મહાભૂત માં વિલીન

ગુજરાત સમાચારનાં લોકપ્રિય મહિલા સામાહિક 'શ્રી'ના તેઓ સતત ચાર દાયકા સુધી તંત્રી રહ્યા અને ગુજરાતી લેખિકાઓનું નવું સર્જક મંડળ તેમણે સાહિત્ય અને પત્રકારત્વને ભેટ ધર્યું. ગુજરાત સમાચારની મહિલા પૂર્તિનાં સંપાદક તરીકે પણ તેમણે વર્ષો સુધી માર્ગદર્શન આપ્યું. ગુજરાત સમાચારનાં મેનેજમેન્ટની વિવિધ શાખાઓ માટેની વિશિષ્ટ વ્યવસ્થાપન વિદ્યા અને આધુનિક પ્રણાલિકા તેઓએ પોતાની આત્મસૂઝથી વિકસાવી.

### મોટામવા ઓમકાર ટ્રસ્ટ

# મોટામવા અને મવડી સ્મશાન ગૃહમાં સામુહિક અસ્થિ પુજન કાર્યક્રમ

## ચૈત્રી અમાસ હરિદ્વાર ખાતે ગંગાજીમાં પ્રમુખ અને ટ્રસ્ટીઓ દ્વારા અસ્થિઓનું શાસ્ત્રોક વિધી પૂજન કરી વિસર્જન કરાશે

**અબતક, રાજકોટ**

મોટા મવા ઓમકાર ટ્રસ્ટ મોટા મવા અને મવડી સ્મશાન ગૃહમાં સામુહિક અસ્થિ પુજનનો કાર્યક્રમ વિજય કોરાટ મોટા મવા ઓમકાર ટ્રસ્ટ સંચાલિત સ્મશાન ગૃહ મોટામવા કાલાવડ રોડ શાંતિધામખાતે તા. ૧૯ ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે તેમજ મવડી શિવધામ ખાતે તા. ૨૦ ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે પ્રમુખ વિજય કોરાટના માર્ગદર્શન હેઠળ અસ્થિ પુજનનો કાર્યક્રમ રાખેલ છે.

મોટામવા સ્મશાનમાં ૫૧૭ મૃત આત્માઓનું અસ્થિ પુજન તેમજ મવડી સ્મશાન ખાતે ૧૧૭૬ મૃત આત્માઓનું પુજન તેઓના પરિવારોએ બ્રાહ્મણો દ્વારા વિધિવત રીતે કરવામાં આવશે. આગામી તા. ૨૭ ને રવિવારને ચૈત્રિ અમાસ (પિતૃ અમાસ)ના રોજ હરિદ્વાર ખાતે કનખલઘાટ ગંગાજીમાં સવારે ૮ કલાકે પ્રમુખ અને અને ટ્રસ્ટીઓ દ્વારા અસ્થિઓનું બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક વિધી પુજન કરાવી અમે બધા જ અસ્થિઓ ગંગાજીમાં વિસર્જન કરીશું.

# સુરતમાં હીરા કારીગરે પરિવાર સાથે નદીમાં મોતની છલાંગ લગાવી: ત્રણેયના મોત

## આર્થિક સંકડામણથી કંટાળી પગલું ભરી લીધાનું પ્રાથમિક તારણ: તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સુરતના કામરેજ તાલુકામાં કરૂણ ઘટના ઘટી છે. સુરતથી કામરેજના ગળતેશ્વર મહાદેવ નજીક તાપી નદીમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ લોકોના મોત નીપજ્યા છે. મૃતકોમાં માતા-પિતા અને પુત્ર સામેલ છે. આર્થિક સંકડામણના લીધે એક જ પરિવારના ત્રણ સભ્યોએ તાપી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજ તાલુકાના ટીંબા ગામ પાસે આવેલા ગળતેશ્વર મહાદેવ મંદિર નજીક એક જ પરિવારના ત્રણ સભ્યોએ તાપી નદી પર બનેલા બ્રિજ પર કૂદકો મારી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રેસ્ક્યૂ કરી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. ઉલ્લેખનીય છે કે મહિલાનો મૃતદેહ ગત રાત્રે બહાર કાઢવામાં આવ્યો હતો. જ્યારે બે પુરુષના મૃતદેહને આજે સવારે બહાર કાઢવામાં આવ્યા છે. તો બીજી તરફ સ્થાનિક પોલીસને બનાવની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો મૂળ સૌરાષ્ટ્રના છે અને હાલ સુરતમાં રહેતા હતા. મૃતક વિપુલભાઈ હીરાના ધંધા સાથે સંકળાયેલા હતા અને આર્થિક સંકડામળના પરિવારે આત્મહત્યા કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મોતનું કારણ સામે આવ્યું છે. પોલીસે જણાવ્યું કે, મૃતક હીરાના કારીગર તરીકે છૂટક મજૂરી કરતો હતો. હીરા ઉદ્યોગમાં મંદીના કારણે પરિવારને આર્થિક સંકડામણનો સામનો કરવો પડ્યો હતો. આ સિવાય મૃતક પત્ની પણ માનસિક બીમારીથી પીડાતી હોવાનું સામે આવ્યું છે.

(પહેલા પાનાનું ચાલુ)

**ભારતનું અહિત...**

કર્યું હતું. બાંગ્લાદેશી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ સચિવ એમ જશીમ ઉદ્દીને કર્યું હતું.

બાંગ્લાદેશની રાજ્ય સંચાલિત બીએસએસ સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, બંને પક્ષોએ વેપાર સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરીને દ્વિપક્ષીય મુદ્દાઓની સંપૂર્ણ શ્રેણીની ચર્ચા કરી હતી. છેલ્લી એફઓસી ૨૦૧૦ માં યોજાઈ હતી.બલોચે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ અને વિદેશ બાબતોના સલાહકાર એમ તૌહીદ હુસૈન સાથે પણ સૌજન્ય મુલાકાતો કરી હતી.

હવે બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંબંધોની ભારત પર પડતી અસરો તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો હાલ ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં તિરાડ પડી છે. યુનુસના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રે ચીન અને તેના "લોખંડી ભાઈ" પાકિસ્તાન સાથે રાજદ્વારી સંબંધોમાં વધારો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ બખૂબી જાણે છે કે, ભારતને આર્થિક, રાજકીય, આતંકવાદવાદ, સીમા સહિતના વિવાદો પાકિસ્તાન અને ચીન સાથે ચાલી રહ્યા છે.

ગત ઓગસ્ટમાં ભારત તરફી હસીના સરકારને પદભ્રષ્ટ કર્યા પછી ભારતે બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતીઓ પર વધતા અત્યાચારનો મુદ્દો વારંવાર ઉઠાવ્યો છે. યુનુસના નેતૃત્વ હેઠળના વચગાળાના વહીવટના વધતા ભારત વિરોધી વલણથી નારાજ ભારત સરકારે તાજેતરમાં ઢાકાને અનેક દેશોમાં વિવિધ વસ્તુઓની નિકાસ માટે ઓફર કરેલી ટ્રાન્સ-શિપમેન્ટ સુવિધા રદ કરી દીધી છે. જેની સામે બાંગ્લાદેશે ભારતમાંથી યાર્નની આયાત પર પ્રતિબંધ મૂકી વળતો પ્રહાર કરવાની કોશિશ કરી છે. જો કે, પ્રારંભિક તબક્કે બાંગ્લાદેશના પગલાંને આત્મઘાતી પગલાં તરીકે નિષ્ણાંતો જોઈ રહ્યા હતા પણ હવે બાંગ્લાદેશ ચીન અને પાકિસ્તાનમાથી યાર્નની આયાત કરે તેવી પ્રબળ શક્યતા છે.

બાંગ્લાદેશે જમીન બંદરો દ્વારા ભારતમાંથી યાર્નની આયાત બંધકરીને વળતો પ્રહાર કર્યો.

**યમન બંદરનો ખાત્મો...**

જણાવ્યું હતું કે, યુએસ સેનાએ ઈરાન સમર્થિત હુથી આતંકવાદીઓ માટે બળતણના આ સ્ત્રોતને નાબૂદ કરવા અને તેમને ગેરકાયદેસર આવકથી વંચિત રાખવા માટે આ કાર્યવાહી કરી છે. જે ૧૦ વર્ષથી વધુ સમયથી સમગ્ર પ્રદેશમાં આતંક મચાવનારા હુથીઓના પ્રયાસોને ભંડોળ પૂરું પાડી રહી છે. તેમણે કહ્યું કે, આ હુમલાનો હેતુ યમનના લોકોને નુકસાન પહોંચાડવાનો નહોતો. યમનના લોકો ખરેખર હુથી શાસનથી મુક્તિ ઈચ્છે છે અને શાંતિથી રહેવા માંગે છે.

**જમાઈ બાબુ...**

અને ભંડારીને તાજનો સાક્ષી બનાવી દેવામાં આવે તો ગાંધી પરિવારની મુશ્કેલીઓમાં વધારો થવાની શક્યતા હતી પણ ભંડારીના પ્રત્યાર્પણ પર લગાવવામાં આવેલી રોક બાદ વૈકલ્પિક રસ્તા તરીકે હવે રોબર્ટ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી ચાર્જ ફ્રેમ કરવાનો રસ્તો અપનાવી લેવામાં આવ્યાનું સૂત્રો જણાવી રહ્યા છે. ઉલ્લેખનીય બાબત છેકે, ઈડી જેવી એજન્સીને મની લોન્ડરીંગ દ્વારા મેળવેલી સંપત્તિના પુરાવા એકત્ર કરવા કામે લગાડી દેવામાં આવ્યા છે.

ઈડી દ્વારા વાડ્રાની પૂછપરછ જે ગુરુવાર સુધી ૧૬ કલાક સુધી લંબાવવામાં આવી હતી. તે એજન્સી દ્વારા નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કર્યાના થોડા દિવસોમાં જ આવી હતી.

આ બંને પર યંગ ઈન્ડિયન દ્વારા ભૂતપૂર્વ કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ) ની ૫,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિનું ઉચાપત કરવાનો આરોપ છે. જ્યાં તેમનો ૭૬% હિસ્સો નિયંત્રિત હતો. વાયઆઈના બાકીના ૨૪% શેર પાર્ટીના ભૂતપૂર્વ ખજાનચી મોતીલાલ વોરા અને ઓસ્કાર ફર્નાન્ડિસ પાસે હતા. જેઓ મૃત્યુ પામ્યા ત્યારથી ગાંધી પરિવાર કોંગ્રેસના પદાધિકારી હતા અને આ વ્યવહારોના સમયગાળા દરમિયાન અને ત્યારબાદ ૨૦૨૨ સુધી પાર્ટીના પ્રમુખ તરીકે સેવા આપી હતી.

ગુડગાંવ કેસ સિવાય વાડ્રાની મુશ્કેલીઓની જો વાત કરવામાં આવે તો જ્યાં તેમના પર ૭.૫ કરોડ રૂપિયામાં જમીનનો ટુકડો ખરીદવાનો અને થોડા મહિનામાં તેને ૫૮ કરોડ રૂપિયામાં વેચવાનો આરોપ છે તે તેમના નજીકના સહાયક સીસી થમ્પી અને ભંડારી સાથેના તેમના કથિત જોડાણને કારણે છે. ઈડીએ અગાઉ દાખલ કરેલી ચાર્જશીટમાં થમ્પી અને ભંડારી સામેના તેના નાણાંના ટ્રાયલનું દસ્તાવેજીકરણ કર્યું છે અને તેમને સ્વિસ કંપની પિલાટસ પાસેથી ૭૫ ટ્રેનર એરક્રાફ્ટ ખરીદવા સહિત અનેક સંરક્ષણ સોદાઓમાં મળેલા કથિત ચૂકવણી સાથે જોડ્યા છે.

બિકાનેર જમીન સોદામાં વાડ્રા પર સહયોગીઓ દ્વારા બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને વિસ્થાપિત લોકો માટે જમીન ખરીદવાનો આરોપ છે. ઈડીએ તેમની દિલ્હી મિલકતો જપ્ત કરી હતી અને આરોપ લગાવવામાં આવ્યો કે ૨૭૫ વિઘા જમીન સ્કાયલાઈટ હોસ્પિટાલિટી દ્વારા ૭૨ લાખ રૂપિયામાં ખરીદવામાં આવી હતી અને ૫.૨ કરોડ રૂપિયામાં વેચવામાં આવી હતી.

બીજા કેસમાં ૨૧ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ દાખલ કરાયેલ પૂરક ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે વાડ્રા, પ્રિયંકા ગાંધી અને થમ્પીએ ૨૦૦૫-૦૮ દરમિયાન દિલ્હીના રિયલ્ટર એચ એલ પાહવા પાસેથી ફરીદાબાદમાં ૫૩૧ એકર જમીન ખરીદી હતી. યુપીના ગૌતમ બુદ્ધ નગરમાં ૧૨ એકરના સોદામાં પણ વાડ્રા અને થમ્પીની તપાસ ચાલી રહી છે.

ઈડીએ જણાવ્યું હતું કે ત્રણેયે પાછળથી જમીન પાહવાને પાછી વેચી દીધી હતી, જેમણે તે જમીન ડીએલએફ ગ્રુપ કંપનીઓને વેચી દીધી હતી. કોર્ટે ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ ચાર્જશીટ પર ધ્યાન આપ્યું હતું અને ચાર્જ-ફ્રેમિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ વાડ્રા અને પ્રિયંકા કેસમાં આરોપી નહોતા.

**ધો.૧૨ પાસ પણ પ્લેન...**

રહ્યું છે. આ ફેરફારનો મુખ્ય હેતુ આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે પણ પાઈલટ બનવાનો માર્ગ ખોલવાનો છે, જેથી ભારત પણ આ બાબતે વિશ્વના અન્ય દેશોની જેમ આગળ વધી શકે.

જો આ દરખાસ્ત મંજૂર થાય છે, તો ટૂંક સમયમાં જ આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ પણ કોમર્શિયલ પાઈલટની તાલીમ લઈ શકશે. ડીજીસીએ ધોરણ ૧૨માં ભૌતિકશાસ્ત્ર અને ગણિતની ફરજિયાત જરૂરિયાતને દૂર કરવા પર વિચાર કરી રહ્યું છે, જો કે પાઈલટ બનવા માટેની તબીબી તપાસ બધા ઉમેદવારો માટે યથાવત રહેશે. નિષ્ણાતો અને ફ્લાઈંગ સ્કૂલના સંચાલકો પણ આ જૂના નિયમને બિનજરૂરી ગણાવે છે અને માને છે કે ૧૨મા ધોરણના ભૌતિકશાસ્ત્ર અને ગણિતનું જ્ઞાન કોમર્શિયલ પાઈલટ માટે એટલું મહત્વનું નથી હોતું. આ ફેરફારથી ઘણા એવા વિદ્યાર્થીઓને ફાયદો થશે જેઓ પાઈલટ બનવા માંગે છે પરંતુ આ નિયમના કારણે અટકી ગયા હતા.

જેથી હવે ઉડ્ડયન મંત્રાલય ભારતના વિકાસ પામતા એરલાઈન ઉદ્યોગની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પાઈલટ તાલીમને સરળ બનાવવાના વિકલ્પો શોધી રહ્યું છે, જેના ભાગરૂપે આ નિયમ દૂર થઈ શકે છે. ડીજીસીએ ફ્લાઈંગ સ્કૂલોને તેમની સલામતી અને તાલીમ પૂર્ણ થવામાં લાગતા સમય જેવા પરિમાણોના આધારે રેન્કિંગ આપવા પર પણ કામ કરી રહ્યું છે, જેથી તાલીમ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓ યોગ્ય પસંદગી કરી શકે. આ બે મુખ્ય કારણોસર ઘણા ભારતીય વિદ્યાર્થીઓ તેમની સીપીએલ તાલીમ માટે વિદેશ જાય છે.

**માનસરોવર યાત્રા...**

રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે ટૂંક સમયમાં કૈલાસ માનસરોવર યાત્રા અંગે જાહેર નોટિસ જારી કરીશું અને ટૂંક સમયમાં યાત્રા ફરી શરૂ થવાની શક્યતા છે. આ વર્ષે યાત્રા યોજાશે અને અમે તૈયારીઓ કરી રહ્યા છીએ. વધુ માહિતી ટૂંક સમયમાં જાહેર જનતા માટે પ્રકાશિત કરવામાં આવશે. નોંધનીય છે કે, ૨૦૨૦થી કૈલાશ માનસરોવર યાત્રા થઈ નથી. ફ્લાઈટ સેવાઓ ફરી શરૂ કરવા અંગે જયસ્વાલે કહ્યું હતું કે, સૈદ્ધાંતિક રીતે બંને દેશો સંમત થયા છે. ફ્લાઈટ ઓપરેશન્સ ફરી શરૂ થશે. બંને પક્ષોની ટેકનિકલ ટીમો ફ્લાઈટ સર્વિસ ફરી શરૂ કરવા માટેની ટેકનિકલ વ્યવસ્થાઓ પર વિચાર કરી રહી છે.

**'નકલી' નોટ...**

ધરપકડ કરવામાં આવી હતી તેના જામીન મેળવવા માટે જઈ રહ્યા હતા, ત્યારે તેમની પાસે નકલી ચલણી નોટો હતી.

ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે તેઓ બિહાર અને નેપાળથી નકલી ચલણી નોટો લાવ્યા હતા. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) ની એક ટીમે છટકું ગોઠવ્યું હતું. બંનેની ધરપકડ કરી અને તેમની પાસેથી નકલી નોટો મળી હતી. હળવદના તેમના મકાનમાલિક પણ દરોડા પાડતી પાર્ટીનો ભાગ હતા.

સુરેન્દ્રનગરની સેશન્સ કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા અને માર્ચ ૨૦૧૩ માં તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. તેમણે દોષિત ઠેરવવા સામે અપીલ કરી હતી. હાઈકોર્ટના ન્યાયાધીશ ઈલેશ વોરા અને ન્યાયાધીશ સંદીપ ભટ્ટની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષનો દાવો કે તેમના સાથીદારની માત્ર ૧૦ દિવસ પહેલા ધરપકડ થયા પછી પણ તેઓ નકલી નોટોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા તે પચાવી શકાય તેવું નથી.

હાઈકોર્ટે દરોડા પાડતી ટીમમાં તેમના મકાનમાલિકની હાજરી અંગે પ્રશ્નો ઉઠાવ્યા અને કહ્યું હતું કે, તપાસ અધિકારીએ આરોપીની તાત્કાલિક ધરપકડ કરી હતી અને જે રીતે તેમણે પીડબ્લ્યુ-૮ ભાવેશ (મકાનમાલિક) ને ફોન કર્યો તે અનુમાન લગાવશે કે અપીલકર્તાઓને પોલીસ દ્વારા ફસાવવામાં આવ્યા હતા.

હાઈકોર્ટને આ કેસમાં બંનેનો વાસ્તવિકતાનો કોઈ ખ્યાલ નહોતો અને કહ્યું હતું કે, આરોપીઓને નકલી નોટો મળી હોવાના કોઈ પૂરતા પુરાવા નથી. જેનો હેતુ અસલી નોટોનો ઉપયોગ કરવાનો હતો અને સંબંધિત સમયે તેઓ જાણતા હતા કે નોટો નકલી હતી.

(ચોથા પાનાનું ચાલુ)

**રાજકોટ જિલ્લા સહકારી...**

ખરીદ વેંચાણ સંઘ લિ.-રાજકોટ, જીલ્લા કક્ષાની સંસ્થા છે. માન.ગૌ.વા. વિઠ્ઠલભાઈ રાદડીયાના સુ વિચારોથી રાસા.ખાતર વેચાણ અને વહીવટી સંબંધે ગુજરાત રાજ્યમાં મોખરાનું સ્થાન ધરાવે છે. હાલમાં આ સંસ્થાના વિકાસમાં જયેશભાઈ રાદડીયા તેમજ મગનભાઈ વડાવીયાનો મોટો સિંહ ફાળો છે. આર.સી.પટેલ તેમજ સ્ટાફે અભિનંદન પાઠવેલ હતા. સંસ્થાની પ્રગતિમાં ચેરમેન મગનલાલ ઘોણીયાએ ભારે જહેમત ઉઠાવેલ છે.

**યોગ એસોસિયેશન...**

યોગા ફોર વન અર્થ વન હેલ્થ રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન યોગ એસોસિએશન ના સેક્રેટરી રાજીવ મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા. એ ઉપરાંત મીતલ કોટિયા શાહ, જોઈન્ટ એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી, પ્રોજેક્ટ લાઈફ અને સિનિયર વાઈસ ચેરપર્સન, ઈન્ડિન યોગ એસોસિએશન ગુજરાત ચેપ્ટર, ભકિતબેન શાહ, કન્વેનર મૌલી બાવીસ્કર, વોઈસ ચેરપર્સન તથા વિક્રમ મિસ્ત્રી, ટ્રેજરરની ખાસ ઉપસ્થિતિ રહી હતી.

આ કાર્યક્રમનો લાભ ૬૦૦ લોકોએ લીધો હતો.

**આંગણવાડી...**

શિક્ષણ સાથે જીવન જરૂરી પાયાની સમજ પણ મળે તેની ચિંતા હોય છે. ખાનગી શાળામાં એડમિશન ન મળતા અમે પતિ-પત્ની ચિંતાતુર હતા. ત્યારે મારી સોસાયટીમાં રહેતા આંગણવાડીના બહેને મારી દીકરીને આંગણવાડી કેન્દ્રમાં મૂકવા અપીલ કરી હતી. પોપટપરા રેલનગર આંગણવાડી કેન્દ્રના કિરણબહેન અને લાખુબહેને શરૂ શરૂમાં મારી દીકરીની ગભરામણ દૂર કરી જે અઘરૂ કામ હતું. ત્યારબાદ નોર્મલ બાળકો સાથે કંઈ રીતે વાતો કરવી, આંગણવાડીની એક્ટિવિટીમાં ભાગ લેવો સહિતની પ્રવૃત્તિ શીખી છેલ્લા બે વર્ષમાં મારી દીકરી એબીસીડી બોલવી, કલર્સ ઓળખવા, એકડા બોલવા સહિતની પ્રવૃત્તિ કરે છે જેથી હવે મને કોઈ ચિંતા નથી.

સરકાર અને આઈ.સી.ડી.એસ. વિભાગની કામગીરીને બિરદાવતા અન્ય એક દિવ્યાંગ બાળકના માતા પૂનમબહેન સરવૈયાએ જણાવ્યું હતું કે, મારો પુત્ર મનવીર ડાઉન સિન્ડ્રોમથી પીડાય છે. પુત્રને આંગણવાડીમાં એડમિશન મળતા હવે અમે ખુશ છીએ. આંગણવાડીમાંથી તે ઘણું શીખ્યો છે.

રાજકોટના ખોડીયાર નગર આંગણવાડીમાં ભણતો ચાર વર્ષીય મનવીર માનસિક દિવ્યાંગ છે. આંગણવાડીમાં પ્રવેશ મળતા છેલ્લા એક વર્ષમાં મનવીરને ટોયલેટ બાથરૂમની સભાનતા રહે છે, જમવાનું અને રમવાનું શીખવાની સાથે પક્ષીઓ, ફુલ વગેરેને ઓળખી વિવિધ પ્રવૃત્તિઓમાં સામાન્ય બાળકો સાથે પણ જોડાય છે. ત્યારે મનવીરના માતા પુનમ બહેને આંગણવાડીના કાર્યકર શીતલબહેન તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગ અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સી.ડી.પી.ઓ. પૂજાબહેન જોશી કહે છે, "આંગણવાડીની મુલાકાત દરમિયાન આ પ્રકારના બાળકોના વાલીના ચહેરા પર જે સંતોષ જોવા મળે તે જ અમારી નોકરીને સાર્થક કરે છે".

**પશ્ચિમ રેલવે...**

રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે આ સિદ્ધિ બદલ એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબે, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના, ડિવિઝનલ કોમર્શિયલ ઈન્સ્પેક્ટર વિકાસ અધિયારૂ અને રેલ મદદ રાજકોટની સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતા.

**જે ભગવાન ટ્રસ્ટ...**

પરમાર, રાજુભાઈ મોજેક સહિતના દાતાઓએ સહયોગ આપેલો છે, આ ઉપરાંત તા. ૧૯ ને શનિવારે રાત્રે ૯:૦૦ કલાકે ડાંડિયારાસ તેમજ તા. ૨૦ ને રવિવારે જાન આગમન થશે. આ ઉપરાંત સંતો -મહંતો તેમજ રાજકીય -સામાજિક આગેવાન ઉપસ્થિત રહેશે તેમજ નવદંપત્તિઓને આશીર્વાદ પાઠવશે, જેમાં દીકરીઓને સમૃદ્ધ કરિયાવર આપી સાસરે વળાવવામાં આવશે, સમૂહ લગ્ન થકી સામાજિક સમરસતા અને જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

(અગીયારમા પાનાનું ચાલુ)

**આર્ચી વૈષ્ણવ...**

છે. જેથી પીવાના પાણીની પણ અછત સર્જાય છે. ત્યારે જો આ પ્રોજેક્ટનું અમલીકર કરવામાં આવે તો ગ્રામ્ય કક્ષાએ ખેતી અને પીવાના પાણીની સમસ્યા મહદઅંશે હલ કરી શકાય. આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય કક્ષાએ જ્યુરી મેમ્બરે વખાણ્યો હતો. જ્યારે વરાન પરસાણા અને જહાન વિરડાએ કાર્બન કેપ્ચર યુનિટની વૈજ્ઞાનિક રીતે સમસ્યા કેમ ઉકેલી શકાય તેની છણાવટ કરતો પ્રોજેક્ટ રજુ કર્યો હતો. જેને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. આ બન્ને ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ઉતિર્ણ થતા હવે તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ સ્પર્ધા દોહા અને કતાર ખાતે યોજાશે. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ માટે સીએસ સ્ટેમલેબ પ્રિતેશ રાણવાએ અને તેની ટીમે તાલીમ આપી હતી. આમ, રાજકોટના વિદ્યાર્થીઓ અને શિક્ષક પ્રિતેશ રાણવાએ રાજકોટનું ગૌરવ વધાર્યુ છે.

**અદાણી...**

નિયંત્રણ કરવાના ઉપાયો, તેમજ અગમચેતીના પગલાઓ વિશે પણ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

સમાહિક કાર્યક્રમોમાં સમુદ્ર ટાઉનશીપ ખાતે ફાયર સેફ્ટી બેનરોનું પ્રદર્શન, કર્મચારીઓ અને સહયોગી સ્ટાફ માટે ટેબલ ટોપ કસરત, ઓનલાઈન ક્વિઝ, આગ નિવારણ અને કટોકટીમાં બચાવ અંગે તાલીમ, કામદારોને અગ્નિશામક તાલીમ, ખાતે અગ્નિશામક કવાયત, ઈવેક્યુએશન અને ફાયર ફાઈટીંગ ડ્રિલ, ઉત્પાદક અને સપ્લાયર્સ દ્વારા અગ્નિ નિવારક જીવનરક્ષા ઉત્પાદનોનું પ્રદર્શન, ઈવેક્યુએશન અને ફાયર ફાઈટીંગ ડ્રીલ, અલ્ટીમેટ ફાયર ફાઈટર ચેલેન્જ વગેરે સામેલ છે.

(૧૨માં પાનાનું ચાલુ)

**દેશ-વિદેશના પ્રવાસીઓ માટે**

છે.યુનેસ્કોએ વર્ષ ૨૦૧૭માં અમદાવાદના કોટ વિસ્તારને ધ્યાનમાં રાખીને ભારતના પ્રથમ હેરિટેજ વર્લ્ડ સિટીનો દરજ્જો એનાયત કરાયો હતો.

ગૂર્જરધરા ઉપર સાબરમતી નદીકિનારે વસેલું અમદાવાદ મૂળભૂત પ્રાચીન આશાવલ (આશાપલ્લી) હતું. ૧૧મી સદીમાં રાજા કર્ણદેવ સોલંકીએ કર્ણાવતી નામ આપીને લશ્કરી થાણું સ્થાપ્યું હતું. સુલતાન અહમદશાહે વર્ષ ૧૪૧૧માં પોતાનું પાટનગર વસાવવા માટે માણેક બુરજથી બાંધકામ શરૂ કરી, કિલ્લો બંધાવ્યો. મરાઠાયુગમાં ગાયકવાડની હવેલી બંધાઈ હતી.અમદાવાદ શહેરનો ઈતિહાસ રોમાંચક છે. અમદાવાદમાં છેલ્લાં ૬૦૦થી વધુ વર્ષોનાં ઘણાં ઐતિહાસિક સ્થાપત્યો કોટ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવે છે. વળી તેની સાથે શહેરમાં હિંદુ, જૈન, મુસ્લિમ અને અન્ય ધર્મોનાં સ્થાનકોનો વૈભવભર્યો વારસો પણ છે.અમદાવાદનું હવેલી સ્થાપત્ય માણવા કાલુપુર સ્વામિનારાયણ મંદિરની હવેલી, સારાભાઈ પરિવારની હવેલી, હરકુંવર શેઠાણીની હવેલી, શેઠ હઠીસિંહની હવેલી, દીવેટિયાની હવેલી, દોશીવાડાની પોળની વિશાળ લાંબી હવેલી, મંગળદાસ શેઠની હવેલી અને વૈષ્ણવ સંપ્રદાયનાં હવેલી મંદિરો વગેરે જોવાં મળી રહ્યાં છે. ગાંધીજીનો આશ્રમ જોવા દેશપરદેશથી ઘણા લોકો અમદાવાદ આવે છે. આજે ગાંધીઆશ્રમ ગ્લોબલ ડેસ્ટિનેશન બન્યું છે.ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખદિર બેટમાં આવેલું ગામ છે. સ્થાનિક લોકો તેને 'કોટડો' કે 'કોટડા ટીંબો' કહે છે. આ ગામની બાજુમાં હડપ્પન સંસ્કૃતિનું લુપ્ત થયેલું પ્રાચીન મહાનગર મળી આવ્યું છે .૧૯૬૭-૬૮ના સમયમાં ભારતીય પુરાતત્ત્વવિદ્ જગતપતિ જોષી દ્વારા આપણને આ વિરાસતની માહિતી મળી હતી. યુનેસ્કોએ ધોળાવીરાને વર્ષ ૨૦૨૧માં વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કર્યું છે.ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત ભારતના આવા કુલ ૫૦ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે સ્થળો ધોળાવીરા અને દ્વારકાની પસંદગી થયેલી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ગ્રામ પંચાયત...**

લાખની મહત્તમ મર્યાદા નિયત કરી છે. ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી વાળા ગામોમાં આવા પંચાયત ઘરો બનાવવા માટેની મહત્તમ યુનિટ કોસ્ટ ૨૨ લાખના સ્થાને રૂ. ૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો માટે નવીન પંચાયત ઘર નિર્માણ માટે વધુમાં વધુ રૂપિયા ૧૭ લાખની સહાયના સ્થાને રૂપિયા ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે.મુખ્યમંત્રીએ રાજ્યના તાલુકા પંચાયતોની કચેરીઓના બાંધકામ માટેની પ્રવર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરીને રૂપિયા ૩ કરોડ ૧૦ લાખને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા પંચાયત કચેરીઓના મકાનના બાંધકામ માટેની યુનિટ કોસ્ટમાં પણ વધારો કર્યો છે.જિલ્લા પંચાયતને તેના નવીન મકાનના નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ણયને પરિણામે ગ્રામીણ સ્તરથી લઈને જિલ્લા પંચાયત સ્તર સુધી વધુ સુવિધા સભર કચેરીઓનું નિર્માણ થતાં લોકોને પણ સરળતા થશે અને વધુ સુદ્રઢ સેવા માળખું મળતું થશે.મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણયો અંગે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે વિધિવત ઠરાવો પણ જારી કરી દીધા છે.

**ભુપત બોદર...**

કરવામાં આવી રહ્યા છે. અને આવા સતત પ્રયાસોના સારા પરિણામો પ્રાપ્ત થયા છે. ગુજરાત વિકાસ મોડલ નો આધાર "જન ભાગીદારી" છે. કે જે એના વાક્ય "સૌનો સાથ સૌનો વિકાસ" માં પ્રતિબિંબિત થાય છે. ગ્રામ્ય વિકાસની જે ગાથાઓ ગુજરાતમાંથી ઉદ્દભવી રહી છે એ બતાવે છે કે રાજ્ય સરકાર આ મોડેલ દ્વારા લોકોના જીવનધોરણને ઉંચુ લાવી શકાશે.

**ટેકાના ભાવે ખરીદી...**

સરકાર કુલ મળીને રૂ. ૨,૬૭૦ કરોડથી વધુના મૂલ્યના ચણા અને રાયડાની ખરીદી કરશે.સરકારના આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને સીધો લાભ થશે. તેમને તેમના પાકના વાજબી ભાવ મળશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. ટેકાના ભાવે ખરીદીની આ વ્યવસ્થા ખેડૂતોને બજારના ભાવમાં થતા અણધાર્યા ઘટાડાથી સુરક્ષા પ્રદાન કરે છે અને તેમને તેમની મહેનતનું યોગ્ય વળતર મળે છે. રાજ્ય સરકાર ખેડૂતોની આવક વધારવા માટે સતત પ્રયત્નશીલ છે અને આ દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. ખેડૂતોને વાવેતર પહેલાં ટેકાના ભાવની જાણકારી મળવાથી તેઓ પાકનું આયોજન પણ સારી રીતે કરી શકે છે, જે કૃષિ ક્ષેત્રના વિકાસ માટે અત્યંત જરૂરી છે.

**આંગડિયા પેઢી...**

લાગેલ તથા નોટ અસલ જણાતી ન હોય અને અમુક નોટોમાં એક તરફનો કલર ઘાટો તથા બીજી તરફનો કલર આછો જોવામા આવેલ હતો.

જે બનાવટી નોટો હોવાનુ પ્રાથમીક દ્રષ્ટ્રીએ જણાય આવેલ હતું.

બાદમાં આરોપીને બનાવટી નોટ બાબતે પુછપરછ કરતા જણાવેલ કે, ધોરાજીનો મારો મિત્ર અગાઉ રૂપીયા દસ લાખનુ આંગડીયુ કરી આવેલ હતો અને તેણે અમુક નોટો બંડલમાં બનાવટી નાખેલ હોય જે નોટોના બંડલો મને કોઈને કાંઈ કહ્યા વગર, કાંઈ બોલ્યા વગર બદલી લાવવાનું કહેલ જેથી બનાવટી નોટો વાળા બંડલ બદલવા માટે હું આવેલ છુ.

તેમજ હાજર આંગડીયા પેઢીમાં કામ કરતા નીકેશભાઈ ચંદનાણીએ જણાવેલ કે, આ દસ લાખ રૂપીયામાંથી ૫૦૦ ના દરના પાંચ બંડલમાં અગાઉ પણ બનાવટી નોટો નીકળેલ હતી જેથી ધોરાજીના શખ્સને ફોન કરેલ હતો અને તેનો ધોરાજીનો મીત્ર બદલી ગયેલ હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર ધોરાજીના શખ્સ સહિત ત્રણેયની ધરપકડ કરી પૂછતાછ આદરી હતી.

# દુ:ખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** સોની વિનોદરાય કાનજીભાઈ ઘુટલા (અકોલવાડી ગીરવાળા) (ઉ.વ.૭૫) નું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું આજે ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સોસાયટી, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન રાખેલ છે.



**રાજકોટ:** લાભશંકર રેવાશંકર ઉદાણી પરિવારના અતુલભાઈ નટવરલાલ ઉદાણી- રાજુલબેન ઉદાણીની પુત્રી કૃપાલી (ઉ.વ.૨૫) તે પ્રતિક ઉદાણીની નાની બહેન, જીનલબેનના નણંદ, દિવ્યેશ નટવરલાલ ઉદાણી, અશ્વિનાબેન લલીતકુમાર મહેતા, જયશ્રીબેન બિપીનભાઈ અદાણી (કોલ્હાપુર), બીનીતાબેન કમલેશભાઈ ની ભત્રીજી તે હિતેષભાઈ વસંતલાલ મહેતા (વાંકાનેર) વાળાની ભાણેજનું તા. ૧૭ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતની અંતિમ યાત્રા તા. ૧૮ ને શુક્રવારના રોજ બપોરે ૪ વાગ્યે તેમના નિવાસ સ્થાનથી કિરણ સોસાયટી, ગેલેકસી ટોકીઝ પાળથી નીકળશે.

**રાજકોટ:** સુદાન નિવાસી સ્વ. શાંતિલાલ એન. ગાંધીના પુત્ર સ્વ. ડો. રૂપેશભાઈ ગાંધી હાલ રાજકોટ જે રીનાબેનના પતિ, પાવનના પિતા, શૈફાલીબેનના ભાઈ, ઉપલેટા નિવાસી મહાસુખભાઈ વાલાણીના જમાઈનું તા. ૧૮ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૯ ને શનિવારના રોજ બપોરે ૪.૩૦ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટ:** જામનગર નિવાસી હાલ રાજકોટ સ્વ. રસિકલાલ મણિલાલ ટોળીયાના પુત્ર જયેન્દ્રભાઈ (ઉ.વ.૭૫) જે સ્વ. જયોતિન્દ્રભાઈ, દિલીપભાઈ, જાગૃતિબેનના ભાઈ, સ્વ. દલસુખરાય વનમાલી શાહ, ઉપલેટા વાળાના જમાઈ, સંકેતભાઈ, તોરલબેનના પિતા, ધર્મેશભાઈ દોશી, નિકિતાબેનના સસરાનું તા. ૧૮ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૯ ને શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી ઋષભદેવ ઉપાશ્રય, ૧- તિરૂપતિનગર મેઈન રોડ, કેન્સર હોસ્પિટલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**જુનાગઢ:** કુતિયાણા નિવાસી હાલ જુનાગઢ સ્વ. લક્ષ્મીચંદ ભોવાનભાઈ શાહના નાના દિકરા ભાઈ સંદીપભાઈ એલ. શાહ (ઉ.વ.૮૦) તે પ્રતિમાબેનના પતિ, હેમલભાઈ, હર્ષલભાઈના પિતા, અનંતરાય એલ શાહ (બેગ્લોર), પ્રમોદરાય એલ. શાહ (રાજકોટ), હરિબેન, પ્રભાબેન, સવિતાબેન, ઈન્દુબેન, જયોત્સનાબેન, સરલાબેનનાં લધુબંધુનું તા. ૧૮ નેશુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું - પ્રાર્થનાસભા તા. ૧૯ ને શનિવારે સાંજે ૫ થી ૬ કલાકે ભુતનાથ મહાદેવ મંદિર સત્સંગ હોલ, ભુતનાથ મહાદેવ મંદિર, જુનાગઢ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી દલસુખભાઈ ઓતમચંદ વોરાના પુત્ર ચંદ્રેશભાઈ દલસુખભાઈ વોરા તે પૂર્વબેન (પ્રતિભાબેન) ના પતિ, ધૈરવ, સન્નીના પિતા, મુકેશભાઈ, પરેશભાઈ, ભાવેશભાઈ, ઈલેશભાઈ, પ્રતિભાબેન, અશોકભાઈ મહેતાના ભાઈ, સ્વ. વ્રજલાલ રાયચંદ મહેતાના જમાઈનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૯ ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે - પ્રાર્થના સભા સવારે ૧૧ કલાકે વિરાણી વાડી, કોઠારીયા નાકા ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી સ્વ.નટવરલાલ લીલાધરભાઈ જોબનપુત્રાના ધર્મપત્ની વિમળાબેન (ઉ.વ.૭૫) તે સ્વ.કેશવલાલ ધરમશીભાઈ સૂચકના પુત્રી અને કિર્તિભાઈ, વિરલભાઈ તથા રૂપલબેન મોનીક કુમાર ગોકાણીના માતા રક્ષાબેન તથા સોનલબેનના સાસુ, કેયૂર, તન્વી અને ચાર્મીના દાદી અને ધૈર્યના નાનીનું તા.૧૭/૦૪ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી શુક્રવાર તા.૧૮/૦૪ના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ ગીતા મંદિર, જંક્શન પ્લોટ ખાતે રાખેલ છે.


Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વડાપ્રધાન મોદીએ એલન મસ્ક સાથે ફોન પર વાત કરી કહ્યું "જલ્દી વાયદા મુજબ આગળ વધો"

## ભારતમાં ઈન્ટરનેટ ટેકનોલોજી સુવિધાની સેવા આપવા એલોન મસ્ક "તત્પર"

**અબતક, રાજકોટ**

ડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક સાથે ફોન પર વાત કરી વડાપ્રધાને પરસ્પરના સહકાર અને ભાગીદારીના વાયદા પર જલ્દીથી આગળ વધવા ભાર મૂક્યો હતો વડાપ્રધાન. મોદીએ મસ્ક સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી આ વર્ષની શરૂઆતમાં વોશિંગ્ટન ડીસીમાં તેમની મુલાકાત દરમિયાન ચર્ચા થયેલા વિષયો પણ આવરી લેવામાં આવ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે તેમણે મસ્ક સાથે ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સહયોગની અપાર શક્યતાઓ પર ચર્ચા કરી. આ સાથે, વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત આ ક્ષેત્રોમાં અમેરિકા સાથે તેની ભાગીદારીને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.પીએમ મોદી અને મસ્કે આજે ટેકનોલોજી, અવકાશ સંશોધન, આર્ટિફિશિયલ



ઈન્ટેલિજન્સ અને વિકાસ જેવા ક્ષેત્રોમાં ભારત અને અમેરિકા વચ્ચે સહયોગની અપાર શક્યતાઓ પર ચર્ચા કરી. પીએમ મોદીએ મસ્કને ભારતની 'લઘુત્તમ સરકાર, મહત્તમ શાસન' નીતિ પર ભાર મૂક્યો હતો તેમણે ખાસ ભાર મૂક્યો છે કે પરસ્પરના સહકાર મુજબ કાર્યવાહી આગળ વધારવા જેમ બને તેમ જલ્દીથી યોજનાઓનો અમલ શરૂ કરી દેવો જોઈએ. વોશિંગ્ટન ડીસીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈલોન મસ્ક વચ્ચે ફેબ્રુઆરી મહિનામાં વાતચીત થઈ હતી. ત્યારબાદ મસ્કે મોદીને સ્પેસએક્સના સ્ટારશિપ ફ્લાઈટ ટેસ્ટમાંથી હીટશીલ્ડ ટાઈલ ભેટમાં આપી હતી. પીએમ મોદીએ મસ્કના બાળકોને રવિન્દ્રનાથ ટાગોર, આરકે નારાયણ અને પંચતંત્રના પુસ્તકો ભેટમાં આપ્યા હતા. આ બેઠકમાં, ભારતમાં ટેસ્લાના ઉત્પાદન અને સ્ટારલિંકની નિયમનકારી મંજૂરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. એલન મસ્ક સાથેની મુલાકાત પછીની એક પોસ્ટમાં,પીએમ મોદીએ લખ્યું, "વોશિંગ્ટન ડીસીમાં એલોન મસ્ક સાથે ખૂબ જ સારી વાતચીત થઈ. અમે અવકાશ, ગતિશીલતા, ટેકનોલોજી અને નવીનતા સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી જે બધામાં એલન ખાસ રસ ધરાવે છે. મેં તેમને ભારતના સુધારાઓ અને 'લઘુત્તમ સરકાર, મહત્તમ શાસન' ની નીતિ વિશે પણ માહિતી આપી.

### મસ્કે ભારતમાં ઈન્ટરનેટ સેવા જલ્દીથી શરૂ કરવા એ લોન મસ્ત તત્પર


મસ્કે ભારતમાં સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં પોતાની રુચિ સાથે તત્પરતા વ્યક્ત કરી છે , જે હાલમાં નિયમનકારી મંજૂરીની રાહ જોઈ રહી છે. મસ્કે પીએમ મોદી સાથે ટેસ્લા દ્વારા ભારતમાં ઉત્પાદન આધાર સ્થાપવા અને ઈલેક્ટ્રિક વાહનો પર આયાત ડ્યુટી ઘટાડવા અંગે પણ ચર્ચા કરીહતો.

# કેન્દ્રીયમંત્રી ડો.મનસુખ માંડવીયા કાલથી સુદામાનગરીના પ્રવાસેઃ સેવાસેતુ કાર્યક્રમમાં આપશે હાજરી

## મોટી મારડ, ધોરાજી, ફટાણા તેમજ ભાયાવદર ખાતે સંડેઓન સાયકલમાં ભાગ લેશે

**અબતક, રાજકોટ**

૧૧-પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા કાલે અને ૨૦ એપ્રિલના રોજ રાજકોટ અને પોરબંદરના પ્રવાસ અર્થે આવનાર છે. આ પ્રવાસ દરમિયાન તેઓ તા.૧૯ એપ્રિલ ૨૦૨૫, શનિવારના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે મોટી મારડ, ધોરાજી ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમ ખાતે હાજરી આપશે. ત્યારબાદ તેઓ બપોરે ૦૩-૦૦ વાગ્યે મજીવાણા ખાતે પીજીવીસીએલ સબડીવીઝન ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાંજે ૦૪-૦૦ વાગ્યે ફટાણા, પોરબંદર ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં હાજરી આપશે.



તા. ૨૦ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ સવારે ૭ વાગ્યે ભાયાવદર ખાતે 'સંડેઓન સાયકલ' ખાતે સ્થાનિકો સાથે સાયકલીંગ કરશે. ત્યારબાદ ૦૯-૩૦ ખાતે ઉપલેટા એસટી બસ સ્ટેન્ડ ખાતે ઉપલેટા અને ધોરાજી ખાતે નિર્માણ પામનારા નવા એસટી ડેપોનું તથા ઉપલેટા રેવેન્યુ ભવનનું ખાતમુહુર્ત કરશે. ઉપલેટા પાટણવાવ રોડ રાજકોટ અને જૂનાગઢ જીલ્લા ને જોડતો અગત્યનો રસ્તો હોય આ રસ્તા પર રાજાશાહી વખતના ૫ જૂના બ્રિજ આવેલ છે. જે હાલ જર્જરિત હોય સરકાર દ્વારા ૫ નવા મેજર બ્રિજ ૩૩.૧૧ કરોડ ના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. આ રોડતથા મેજર બ્રીજનું મંત્રી દ્વારા ખાતમુહુર્ત કરવામાં આવશે.

# મ્યાનમારમાં ૩.૯ની તીવ્રતાનો ભૂકંપ

**અબતક, નવી દિલ્હી**

ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી હચમચી ઉઠી. આજે વહેલી સવારે મ્યાનમાર અને ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા. ભારતના મેઘાલય જિલ્લામાં ભૂકંપના આંચકાથી લોકો હચમચી ગયા હતા. ૨૯ માર્ચે આવેલા વિનાશક ભૂકંપ પછી મ્યાનમારમાં સતત ભૂકંપ આવી રહ્યા છે.

વહેલી સવારે ભૂકંપના આંચકાને કારણે ધરતી ફરી ધ્રુજી ઉઠી. આજે સવારે મ્યાનમાર અને ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા. મ્યાનમારમાં વહેલી સવારે ૩ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ મ્યાનમારમાં જ જમીનથી ૧૦ કિલોમીટર નીચે જોવા મળ્યું હતું. આ ભૂકંપથી કોઈ જાનહાનિ કે માલમત્તાનું નુકસાન થયું ન હતું, પરંતુ ૨૯ માર્ચના ભયાનક ભૂકંપ પછી લોકોમાં ગભરાટનું વાતાવરણ છે, કારણ કે તે દિવસથી સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે.

ગઈકાલે પણ મ્યાનમારમાં ભૂકંપ આવ્યો હતો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪ માપવામાં આવી હતી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, મ્યાનમાર પહેલા, ભારતના મેઘાલય જિલ્લામાં જમીન ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી હતી. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૭ માપવામાં આવી હતી. મેઘાલયના પૂર્વ ગારો હિલ્સ વિસ્તારના લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા. ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીથી ૧૦ કિલોમીટર નીચે ઊંડાઈએ જોવા મળ્યું.

# રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેન દોડશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને ખાસ કરીને ઉનાળા દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ (૧૭-૧૭ ટ્રિપ્સ)ટ્રેન નં. ૦૯૦૦૬ રાજકોટ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે રાજકોટ થી સાંજે ૬.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૨૨ એપ્રિલથી ૨૯ મે, ૨૦૨૫ સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૦૫ મુંબઈ સેન્ટ્રલ - રાજકોટ સ્પેશિયલ મુંબઈ સેન્ટ્રલથી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે ૨૩.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧.૪૫ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૨૧ એપ્રિલથી ૨૮ મે, ૨૦૨૫ સુધી ચાલશે.આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ હશે. ટ્રેન નંબર ૦૯૦૦૫ અને ૦૯૦૦૬ નું બુકિંગ ૧૯.૦૪.૨૦૨૫ થી તમામ પીઆરએસ પર ખુલ્લું રહેશે. કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે દફતરી પરરવારનો પારણા મહોત્સવ

**અબતક, રાજકોટ**

આચાયય પ્રવર ડુંગર ગુરુ અને આચાર્ય પ્રવર અજરામરજી મ. સા. એવમ ગાદીપતિ નરેન્દ્રમુનિ મ. સા. ગુરુકૃપા સહ સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણ-રતિ શિષ્યરત્ન વિશ્વ વિખ્યાત આગમ દિવાકર ગુરુદેવ જનકમુનિ મ.સા.ની અંતરીક્ષ થી અંતર પ્રેરણાના પરિબળે, સ્વ.શાંતિલાલ ટપુભાઈ દફતરીની દેવગુરુધર્મ શ્રધ્ધાના બળે, આદિનાથ ઋષભદેવ પ્રભુની તપ શૃંખલાની એક કડી બનવાનું પરમ સૌભાગ્ય શ્રેયા સંદીપભાઈ દફતરીને પ્રાપ્ત થયું છે. તો આ લાડલીના ઈક્ષુરસપાન એટલે કે પારણાનો અવસર દફતરી પરિવારને પ્રાપ્ત થયો છે. આ અવસરને માણવા અનુભવવા અને અનુમોદના સ્વરૂપે ચિ. શ્રેયાના વર્ષિતપના પારણા ઝીલવા શ્રી સંઘ ને પ્રેમ પ્લાવિત પવિત્ર આમંત્રણ આપવામાં આવેલ છે.

ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂ. ગિરીશચંદ્રજી સ્વામીના સુશિષ્ય ગુજરાત રત્ન સુશાંતમુનિ મ. સા. એવમ મહામંત્ર પ્રભાવક પૂ. જગદીશમુનિ મ. સા. ના સુશિષ્ય સદ્ગુરુદેવ પારસમુનિ મ. સા. તથા ગોંડલ સંઘાણી સંપ્રદાયના શાસન દિપક ગાદીપતિ નરેન્દ્રમુનિ મ. સા. ના સુશિષ્ય ગાદીપતિ પંથકમુનિ મ. સા. આદિ તથા પૂ. જશ-ઝવેર-ઉતમ-પ્રાણ તેમજ સંઘાણી સંપ્રદાય એવમ અજરામર સંપ્રદાયના સવે મહાસતીજીઓની નિશ્રામાં આ પારણા મહોત્સવનું



આયોજન શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે રાખવામાં આવેલ છે. ત્રણ પૂ. ગુરુભગવંતો તથા ૪૫ ઉપરાંત પૂ. મહાસતીજીઓ ૩ દિવસીય પારણા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.


કળશ પ્રત્યાખ્યાન 'મંદિરના શિખર પર જેમ કલશ ચઢે તેમ વર્ષિયતપના પૂર્ણાહુતિ અઠમ તપથી મઢે' આજે ઋષભદેવ આપની શોભા શી કહું તથા શ્રી શેઠ ઉપાશ્રય અને રોયલ પાર્ક્ય ઉપાશ્રયના મંડળના બહેનો દ્વારા તપ ગુણ ગુંજવતી તપસ્વીની સાંજી સરપ્રાઈઝ પ્રોગ્રામ સાથે બપોરે ૩:૩૦ થી ૫:૦૦ કલાકે, કાલે આલોચના વર્ષીતપનું અવલોકન સાથે આત્મ શુધ્ધિ રૂપ આલોચના સવારે ૯:૦૦ થી ૧૦:૩૦ કલાકે ફેમિલીનો ટેલેન્ટ શો તપ તથા વર્ષિતપને લગતો મનપસંદ ટેલેન્ટ શો બપોરે ૩:૩૦ થી ૫:૦૦ કલાકે વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. કાલે સાંજે ૮:૦૦ કલાકે ભાવ ભકિત ભાવનાનો કાર્યક્રમ બાવન જિનાલય, આત્મીય કોલેજ સામે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. તા.૨૦/૪/૨૫ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે શેઠ ઉપાશ્રય જૈન સંઘ, પ્રસંગ હોલની બાજુમાં, ૧૫૦ ફૂટ રરંગ રોડ થી મંગળ શરૂઆત શોભયાત્રા સંપન્ન થય, સવારે ૧૦:૩૦ કલાકે પવિત્ર વર્ષિતપની પૂર્ણાહૂતી કરકમળ દ્વારા, ઈક્ષુરસથી પારણા કેશરીયા લોહાણા મહાજન વાડી, પલ્લવ હોટલ પાસે, કે.કે.વી ચોક ખાતે રાખવામાં આવેલ છે. આપ સવેને ચંદ્રકાંતભાઈ દફતરી અને શેઠ ઉપાશ્રય જૈન સંઘ ના ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠ દ્વારા હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કાતાબેન દેસાઈની પ્રાર્થનાસભામાં પુષ્પાંજલી અર્પણ કરતાં ધાર્મિકઃ રાજકીય-સામાજીક અગ્રણીઓ

**અબતક, રાજકોટ**

મુળ જેતપુર અને હાલ રાજકોટ નિવાસી સ્વ. રમણીકલાલ અંબાવીદાસભાઈ દેસાઈના પત્નિ કાંતાબેન રમણીકલાલ દેસાઈ (ઉ.વ. ૯૮) તે નાલિનભાઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા), ડો. કિશોરભાઈ (સિનિયર બાળરોગ નિષ્ણાંત), દિલીપભાઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા) તથા અનિલભાઈ (સીનિયર એડવોકેટ) તથા હંસાબેન એશ્વર્યકુમાર દાસના માતા તેમજ ધરતિ, ન્િરવ, કૃતિ, ક્રિષ્ના, રાજન, કુરંગી, મલયના દાદીમાં અને અવલોકીતા તથા દેવાંશીના નાનીમા તા.૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.

મુળ જેતપુર હાલ રાજકોટના પ્રતિષ્ઠીત દેસાઈ કુટુંબના મોભી કાંતાબેન રમણીકલાલ દેસાઈ ખુબ જ ધાર્મિક અને પ્રેમાળ સ્વભાવના હતા. તેમણે પરિવારને હંમેશા પ્રેમ અને ધાર્મીક સંસ્કારોથી સીંચ્યો હતો, તેમના નિધનથી પરિવારને મોટી ખોટ પડેલ છે. ગઈકાલ પારસ હોલ નિંમળા કોન્વેટ રોડ રાજકોટ ખાતે યોજાયેલ પ્રાર્થનાસભામાં



રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, જાહેર જીવનના મોભીઓ, ડોકટરો, વકિલો, ઉદ્યોગપતિઓ અને સમાજના શ્રેષ્ઠીઓએ તથા સર્વજ્ઞાતિ સમુદાયના અગ્રણીઓએ સ્વ. કાંતાબેન રમણીકલાલ દેસાઈને પુષ્પાંજલી અર્પણ કરીશ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજ સાહેબ પુજય, પારસમુનિ મહારાજ સાહેબ, ભુતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહીતનાઓએ તથા અન્ય સામાજીક સંસ્થાઓ તથા અગ્રણીઓ દ્વારા શોક સંદોશાઓ પાઠવેલા હતા. સ્વ. કાંતાબેન રમણીકલાલ દેસાઈની પુષ્પાંજલી પ્રાર્થનાસભામાં રાજકોટ શહેર ભાજપના પ્રમુખ ડો.માધવભાઈ દવે, કર્ણાટક રાજયના પુર્વ રાજયપાલ વજુભાઈ વાળા, સાંસદ રામભાઈ મોકરીયા, પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ડી.વી. મહેતા સહીત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહીને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ હતી. આ પ્રાર્થના સભામાં રાજકોટના વિવિધ અખબારોના વરીષ્ઠ તંત્રી કિરીટભાઈ ગણાત્રા (અકિલા), સતિષભાઈ મહેતા ('અબતક' મેનેજીક તંત્રી) જવલંતભાઈ છાયા (ફુલછાબ), સીનીયર પત્રકારો ઉપસ્થિત રહીને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ હતી.

# રાજકોટ મશીનરી સ્ટોર્સ સપ્લાય એસો.એ નવા નાણાકીય વર્ષને આવકાર્યું



## વાર્ષિક સાધારણ સભા સ્નેહ મિલન સહિતના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સભ્ય પરિવારોની ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

તાજેતરમાં રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાયર્સ એસો. રાજકોટ દ્વારા નવા વેપારી વર્ષ એપ્રિલ-૨૦૨૫ વધાવવા એન્યુઅલ જનરલ મીટીંગ સાથે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ,

કાર્યક્રમના પ્રથમ ચરણમાં વિનોદભાઈ અકબરી એ પ્રાર્થના ગાન કરી ને મીટીગનો પ્રારંભ કરાવેલ ત્યારબાદ પ્રમુખ સમીરભાઈ ચંદે સભ્યો મિત્રોને આવકારી ઉપરોકત મિટીંગમાં સહભાગી થયા તે બદલ આભારની લાગણી પ્રદર્શિત કરી. એસોસીએશન મજબુત કરવા અનુરોધ કરેલ. મુખ્ય મહેમાત પદે વિજયભાઈ ડોબરીયા (સદભાવના વૃધ્ધાશ્રમ), ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની ગરીમામાં વધારો કરેલ તેમનું પૂર્વ પ્રમુખ મેઘજીભાઈ ઘેલાણી અને પૂર્વ ટ્રેઝરર પ્રમોદભાઈ મહેતાએ સ્વાગત સાથે સન્માન કરેલ. વિજયભાલ ડોબરીયાને રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાય એસો.ના સભ્યોએ મોમેન્ટો તથા એસો.ના પુરી કારોબારીના સહયોગથી માતબર રોકડ રકમનું કવર સદભાવના વૃધ્ધાશ્રમને અર્પેલ. ટ્રેઝરર પરેશભાઈ અઢીયા તથા સેજલબેન અઢીયા એ જ્ઞાન વર્ધક રમત રમાડેલ તેમાં વિજેતાઓને હોદેદારો દ્વારા રોકડ પુરસ્કારના કવર એનાયત કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ સમીરભાઈ ચંદે, ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણી માનવ મંત્રી અશ્વિનભાઈ પટેલ, સહમંત્રી વિનોદભાઈ અકબરી, ટ્રેઝરર પરેશભાઈ અઢીયા, કારોબારી મેમ્બર્સ એ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ પટેલ તથા પરેશભાઈ અઢીયાએ કરેલ એન્કરીંગ સેવા પિયુષભાઈ પટેલએ પુરી પાડેલ આભાર વિધી ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણીએ કરેલ.

# જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ૬૭૨મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



જીતેન્દ્રભાઈ બાબુભાઈ શાહનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૭૧મું ચક્ષુદાન થયેલ છે. આ એપ્રિલ ૨૦૨૫માં સાતમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજયના ૭૦ લાખ લોકો હજુ આધારકાર્ડથી વંચિત!!!

## ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્સના અહેવાલ મુજબ દેશની ૧૪૧.૩૨ કરોડની વસ્તી સામે ૧૩૩.૫૫ કરોડ લોકો પાસે આધાર કાર્ડ છે, એટલે કે ૭.૭૭ કરોડ લોકો પાસે આધાર કાર્ડ નથી

**અબતક, અમદાવાદ**

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્સના અહેવાલ મુજબ, માર્ચ ૨૦૨૫ સુધીમાં ગુજરાતની વસ્તી ૭.૩૨ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. એક અહેવાલ મુજબ, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં ૬.૬૨ કરોડ લોકો પાસે આધાર કાર્ડ છે. દેશની ૧૪૧.૩૨ કરોડની વસ્તી સામે ૧૩૩.૫૫ કરોડ લોકો પાસે આધાર કાર્ડ છે, જેનો અર્થ એ થયો કે ૭.૭૭ કરોડ લોકો પાસે આધાર કાર્ડ નથી અને ગુજરાતમાં ૭૦ લાખ લોકો પાસે આધાર કાર્ડ નથી.

મળતી માહિતી મુજબ, આધાર ડેશબોર્ડ મુજબ, ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં તેમની વસ્તી કરતા ઓછા આધાર કાર્ડ છે. આમાંથી, સાબરકાંઠામાં સૌથી વધુ લોકો એટલે કે ૩૦ ટકા લોકો પાસે આધાર કાર્ડ નથી. આ ઉપરાંત જૂનાગઢ, જામનગર, પંચમહાલ, વડોદરા, ગીર સોમનાથ, રાજકોટ, બોટાદ, છોટાઉદેપુર અને ભાવનગરનો પણ સમાવેશ થાય છે. દેશના ૮૫% આધાર કાર્ડ ધારકોએ પણ પોતાનો આધાર અપડેટ કરાવ્યો છે. દેશમાં ૨૦૦૯-૧૦ થી ૨૦૨૩-૨૪ દરમિયાન આધાર કાર્ડ પર ૧૭૫૦૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં કુલ આધાર કાર્ડ ધારકોમાંથી ૪૭.૬૨% મહિલાઓ છે. જ્યારે ૫૨.૩૮% પુરુષો છે. કુલ આધાર કાર્ડ ધારકોમાં ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોનું પ્રમાણ ૭૬.૬૮% છે. જ્યારે ૫ વર્ષથી ૧૮ વર્ષની વયના બાળકોનું પ્રમાણ ૨૦.૪૪% છે. કુલ આધાર કાર્ડ ધારકોમાં ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનું પ્રમાણ ૨.૮૮% છે. મોટાભાગના રાજ્યોમાં અને સમગ્ર દેશમાં પણ, મહિલાઓ માટે આધાર કાર્ડનો ગુણોત્તર પુરુષો કરતાં ઓછો જોવા મળે છે. નાગાલેન્ડમાં, ફક્ત ૬૨.૩૧% વસ્તી પાસે આધાર કાર્ડ છે. અરુણાચલ પ્રદેશમાં ૭૯.૦૧%, મેઘાલયમાં ૮૦.૫૦%, મણિપુરમાં ૮૨.૩૩% અને સિક્કિમમાં ૮૪.૩૧% લોકો પાસે આધાર કાર્ડ છે. લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, બિહાર, ઝારખંડ, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં તેમની વસ્તીના પ્રમાણમાં ઓછા આધાર કાર્ડ છે.



## આકાશમાં ઉડાન ભરાવવા "સ્પેસ ટેક" પોલિસી જાહેર!!!

# સેટેલાઈટ ઉત્પાદનને રૂ. ૫ કરોડ સુધીની સહાય સાથે ઢગલા બધ્ધ પ્રોત્સાહન જાહેર કરતું ગુજરાત

## ઉદ્યોગમાં તાલીમ માટે સ્પેસ મેન્યુફેક્ચરિંગ પાર્ક અને તાલીમ કેન્દ્ર બનાવાશેઃ લોન્ચ ખર્ચમાં ૨૫% સબસિડી મળશે

**અબતક, રાજકોટ**

આકાશમાં ઉડાન ભરવા માટે કેન્દ્ર સરકારની સાથો સાથ રાજ્ય સરકારે પણ કમર કસી છે. સ્પેસ સુધી પહોંચવા માટે સરકારે મહત્વપૂર્ણ નીતિ જાહેર કરી છે. ગઈ કાલે ગુજરાત સરકારે અવકાશ ટેકનોલોજી ઉદ્યોગને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજ્ય સરકારે 'સ્પેસટેક નીતિ ૨૦૨૫-૨૦30' લોન્ચ કરી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતને અવકાશ સંશોધન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં અગ્રણી સ્થાન અપાવવાનો છે.

આ નીતિ અંતર્ગત, અવકાશ ટેકનોલોજીના સાધનો અને ગ્રાઉન્ડ સ્ટેશનોનું ઉત્પાદન કરતી કંપનીઓને આઈટી અને આઈટીઈએસ અને ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ નીતિઓ હેઠળ મળતા પ્રોત્સાહનો જેવા જ લાભો પ્રાપ્ત થશે.

રાજ્ય સરકારે ઉપગ્રહોનું ઉત્પાદન કરતી કંપનીઓ માટે વિશેષ જોગવાઈ કરી છે. આઈટી અને આઈટીઈએસ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગોને મળતા લાભો ઉપરાંત, આવી કંપનીઓને તેમના ઉપગ્રહોના લોન્ચ ખર્ચમાં ૫ કરોડ રૂપિયા સુધીની સહાય મળશે. ગુજરાતના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના મુખ્ય સચિવ મોના ખંધારે જણાવ્યું હતું કે આ નીતિ ભારત સરકારના નિર્દેશોને અનુસરીને બનાવવામાં આવી છે અને તેનો હેતુ રાજ્યમાં અવકાશ ટેકનોલોજીના ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે આ નીતિ ટૂંક સમયમાં નવા રોકાણોને આકર્ષવામાં મદદરૂપ થશે.

આ નીતિમાં ઉપગ્રહો, અવકાશયાન, પેલોડ્સ અને લોન્ચ વાહનોના ઉત્પાદકોને ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ નીતિ હેઠળ મૂડી સહાય, વ્યાજ સહાય અને વીજળીના ખર્ચમાં રાહત જેવા લાભો મળશે. ઉપગ્રહ ઉત્પાદકોને લોન્ચ ખર્ચમાં ૨૫% સબસિડી મળશે, જેની મહત્તમ મર્યાદા ૫ કરોડ રૂપિયા છે. સ્પેસ ટેક સંસ્થાઓ રાજ્ય સરકાર અને IN-SPACE દ્વારા વિકસિત અદ્યતન ટેકનિકલ સુવિધાઓનો ઉપયોગ નજીવા દરે કરી શકશે અને તેના ખર્ચ પર પાંચ વર્ષ માટે ૨૫% સબસિડી મળશે. પેટન્ટ અરજી કરનારાઓને ભારતીય પેટન્ટ ફાઈલિંગ ખર્ચના 30% (૫0 લાખ રૂપિયા સુધી) પાછા મળશે.

ગ્રાઉન્ડ સેગમેન્ટ, સ્પેસ એપ્લિકેશન અને ડિઝાઈન ક્ષેત્રોમાં કામ કરતી કંપનીઓને આઈટી અને આઈટીઈએસ નીતિ હેઠળ પ્રોત્સાહનો મળશે. આમાં સેટેલાઈટ કંટ્રોલ, ગ્રાઉન્ડ સ્ટેશન અને ડેટા પ્રોસેસિંગ જેવી સુવિધાઓ માટેના સાધનોનો સમાવેશ થાય છે. સ્પેસ ટેક સ્ટાર્ટઅપ્સ પણ આઈટી અને આઈટીઈએસ નીતિના લાભો માટે પાત્ર રહેશે. સરકાર ઉદ્યોગ તાલીમ અને નવીનતા માટે IN-SPACE સાથે મળીને એક શ્રેષ્ઠતા કેન્દ્ર સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. વધુમાં, IN-SPACE સાથે સહયોગમાં એક અવકાશ ઉત્પાદન પાર્ક પણ સ્થાપિત કરવામાં આવશે, જે જરૂરી માળખાકીય સુવિધાઓ અને લોજિસ્ટિક્સ કનેક્ટિવિટી પ્રદાન કરશે અને પાંચ વર્ષમાં કાર્યરત થવાની સંભાવના છે.

### "સ્પેસ ટેક" પોલિસીમાં આ લાભનો સમાવેશ

* લોન્ચ ખર્ચમાં મદદઃ જે કંપનીઓ સેટેલાઈટ બનાવે છે, તેમને સેટેલાઈટ લોન્ચ કરવાના ખર્ચમાં ૫ કરોડ રૂપિયા સુધીની સહાય મળશે.
* ટેકનિકલ સુવિધાઓમાં સબસિડીઃ રાજ્ય સરકાર અને IN-SPACE દ્વારા બનાવેલી નવી ટેકનોલોજી વાપરવા માટે ૫ વર્ષ સુધી ૨૫% ઓછો ખર્ચ લાગશે.
* પેટન્ટમાં પૈસા પાછાઃ જો કોઈ ભારતમાં પેટન્ટ માટે અરજી કરે છે, તો તેમને ખર્ચના 30% પૈસા પાછા મળશે (વધુમાં વધુ ૫0 લાખ રૂપિયા).
* ગ્રાઉન્ડ સ્ટેશન માટે ફાયદાઃ ગ્રાઉન્ડ સ્ટેશનના સાધનો બનાવતી કંપનીઓને આઈટીઆઈટીઈએસ નીતિ હેઠળ મળતા બધા જ ફાયદા મળશે.
* સ્ટાર્ટઅપ્સને મદદઃ જે નવા સ્ટાર્ટઅપ્સ અવકાશ ટેકનોલોજીમાં કામ કરે છે, તેમને આઈટીઆઈટીઈએસ નીતિના ફાયદા મળશે.
* નવા પ્રોજેક્ટ્સઃ ઉદ્યોગમાં તાલીમ માટે સ્પેસ મેન્યુફેક્ચરિંગ પાર્ક અને એક સારું તાલીમ કેન્દ્ર બનાવવામાં આવશે.

# રાજકોટમાં વિતરણ કરાયેલી છાસ પીતા ૨૫ બાળકોને ફૂડ પોઈઝનિંગ

## સામાજિક સંસ્થાએ કૂબલિયાપરા અને ભવાનીનગરમાં છાસ વિતરણ કર્યા બાદ બાળકોને અસર થઇ : ગુંદાવાડી સરકારી હોસ્પિટલમાં દાખલ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં છાશ પીધા બાદ ૨૫ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હોવાની વાત સામે આવી છે,જેમાં ભવાનીનગરમાં છાશ પીધા બાદ ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે,ખાનગી ટ્રસ્ટ દ્વારા કરાયું હતું છાશનું વિતરણ અને આ બનાવ બન્યો હોવાની વાત સામે આવી છે,૧૦ બાળકો સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ તેમજ ૧૫ જેટલા બાળકોને ઘરે જ સારવાર અપાઈ હોવાની વાત સામે આવી છે,હાલ તમામ બાળકોની તબિયત સ્થિર છે.

શહેરના ભવાની નગર વિસ્તારમાં ફૂડ પોઈઝનિંગની અસર વર્તાઈ છે,છેલ્લા ત્રણ દાયકાથી અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલ ખાનગી ટ્રસ્ટ દ્વારા કરાયું હતું છાશ વિતરણ જેમાં બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર વર્તાઈ છે,રામનાથપરા વિસ્તાર પાસે આવેલ ભવાની નગરમાં કરાયું હતું છાશ વિતરણ.આરોગ્ય વિભાગે સમગ્ર ઘટનાને લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.





ગુજરાતમાં હાલ ગરમી પ્રકોપ વધી રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪0ને પાર કરી ગયો છે. ત્યારે લોકો ગરમી લીંબુ શરબત, શેરડી અને છાશનું સેવન કરતા હોય છે. ત્યારે રાજકોટ શહેરમાં ગુરૂવારે મોડી રાત્રે છાશ પીધા ૨૫થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટના ભવાની નગર વિસ્તારમાં સામાજિક સંસ્થા દ્વારા બાળકોને છાશ આપ્યા બાદ ઉલટીઓ થવા લાગી હતી. ત્યારબાદ બાળકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી એક બાળકની હાલત ગંભીર હોવાથી તેને આઈસીયુમાં ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર રાજકોટના ભવાનીનગર વિસ્તારમાં ટ્રસ્ટ દ્વારા છાશ વિતરણ કરવામાં આવી રહી હતી. જ્યારે આ વિસ્તારના બાળકોને છાશ પીધા બાદ ઉલટીઓ થતાં સ્થાનિકો ગભરાઈ ગયા હતા. છાશ પીધા બાદ ૨૫થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં તાત્કાલિક તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તાત્કાલિક સારવાર મળતાં મોટાભાગના બાળકોની હાલત સ્થિત છે, જ્યારે જયરાજ હિતેષભાઈ જાડા નામના એક બાળકની હાલત ગંભીર હોવાથી આઈસીયુમાં દાખલ છે.

# વાહન દીઠ રૂ. ૯.૪ લાખની જગ્યાએ ૧૩ લાખ ખર્ચતા ગુજરાતીઓઃ ૨૦૨૪-૨૫માં વાહનોનો રૂ. ૫૦,૦૦૦ કરોડનો વેપલો!!

## આ આંકડો અમદાવાદના વાર્ષિક બજેટ કરતાં સાડા ત્રણ ગણો અને ગુજરાતના આખા વર્ષના જીએસટી કલેક્શનના લગભગ ૭૦% જેટલો જંગી!

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં લોકોની કાર ખરીદવાની રીતમાં મોટો બદલાવ આવ્યો છે. હવે કાર માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટેનું સાધન નથી રહી, પરંતુ તે લોકોની મહત્વાકાંક્ષા અને સ્ટેટસનું પ્રતીક બની ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં કારની ખરીદીનો આંકડો રૂ. ૫૦,૦૧૮ કરોડને આંબી ગયો છે, જે અમદાવાદના વાર્ષિક બજેટ કરતાં સાડા ત્રણ ગણો અને ગુજરાતના આખા વર્ષના જીએસટી કલેક્શનના લગભગ ૭૦% જેટલો જંગી છે. આ આંકડા દર્શાવે છે કે ગુજરાતીઓ હવે પોતાની જીવનશૈલીને અપગ્રેડ કરવા માટે મોંઘી અને વધુ સુવિધાઓવાળી કાર ખરીદવા તરફ વળ્યા છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની સરખામણીમાં જોઈએ તો, આજે સરેરાશ કારની કિંમતમાં લગભગ ૪૦% નો વધારો થયો છે. પહેલાં લોકો સામાન્ય રીતે રૂ. ૯.૩ લાખની સરેરાશ કિંમતની કાર ખરીદતા હતા, જે હવે વધીને રૂ. ૧૩ લાખ થઈ ગઈ છે. સૌથી મોટો ફેરફાર એ જોવા મળ્યો છે કે જે એન્ટ્રી-લેવલની નાની હેચબેક કાર એક સમયે સૌથી વધુ વેચાતી હતી, તેની જગ્યા હવે સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ (એસયુવી) એ લઈ લીધી છે. લોકો હવે મોટી, દેખાવડી અને વધુ સુવિધાઓવાળી એસયુવી ખરીદવાનું પસંદ કરી રહ્યા છે.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન- ગુજરાતના અધ્યક્ષ પ્રણવ શાહ જણાવે છે કે લોકોનો કાર પ્રત્યેનો દ્રષ્ટિકોણ હવે બદલાઈ ગયો છે. હવે તેઓ કારને માત્ર પોઈન્ટ એ થી પોઈન્ટ બી સુધી પહોંચવાના સાધન તરીકે નથી જોતા, પરંતુ તે તેમના પ્રદર્શન, હાજરી અને પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગઈ છે. ખાસ કરીને યુવા પ્રોફેશનલ્સ વધુ માહિતી ધરાવતા, મહત્વાકાંક્ષી અને ખર્ચ કરવા માટે તૈયાર છે. તેઓ દરેક ડ્રાઈવમાં ટેકનોલોજી, સલામતી અને વૈભવી સુવિધાઓની માંગ કરે છે. જેના કારણે એસયુવી, ખાસ કરીને સનરુફ અને સ્માર્ટ સુવિધાઓવાળા ટોપ-એન્ડ મોડેલ્સની માંગ વધી રહી છે.

આ અંગે ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન દ્વારા વધુમાં જણાવ્યા અનુસાર, યુવા પ્રોફેશનલ્સ ટેકનોલોજી અને વૈભવી સુવિધાઓવાળી કાર પર વધુ ખર્ચ કરવા તૈયાર છે, જેના કારણે ટોપ-એન્ડ મોડેલ્સની માંગ વધી છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ મોટી અને સારી દેખાતી કાર ખરીદવાનું ચલણ વધ્યું છે. કારની કિંમતમાં વધારો, વધુ સારી સુવિધાઓ અને લક્ઝરી કારના વેચાણમાં વધારા જેવા પરિબળોથી કાર ખરીદીનું કુલ મૂલ્ય વધ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં લક્ઝરી કારનું વેચાણ ૫૬% વધ્યું છે અને રાજ્ય સરકારે મોટર વાહન કરમાં રૂ. ૧,૩૫૭ કરોડની આવક મેળવી છે, જે કારના વધતા મૂલ્યને સ્પષ્ટપણે દર્શાવે છે.

# ગરમીનો પારો ઉંચે જતા શહેરની સ્કૂલો ૧૨ વાગ્યા સુધી જ ચાલુ રાખવા આદેશ

**અબતક, અમદાવાદ**

અમદાવાદ શહેરમાં જે રીતે ગરમીનો પારો સતત વધી રહ્યો છે તેનો જોતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ધોરણ-૮ સુધીની સ્કૂલો ૧૨ વાગ્યા સુધી જ ચલાવવા માટે આદેશ કર્યો છે. આ માટે તમામ સ્કૂલોને પત્ર લખી બાલવાટિકાથી લઈને ધોરણ-૮ સુધીની સ્કૂલોમાં ૧૨ વાગ્યા સુધી જ શૈક્ષણિક કાર્ય કરાવવા માટે તાકીદ કરી છે. આ ઉપરાંત ઉનાળા દરમિયાન સ્કૂલોમાં ઓપન એર વર્ગો ન ચલાવવા માટે પણ જણાવાયું છે. આમ, હવે વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થાય ત્યાં સુધી સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય ૧૨ વાગ્યા પહેલાં પૂર્ણ કરી દેવાશે.

રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ રાહત કમિશનરની કચેરી તથા મહેસૂલ વિભાગ દ્વારા પત્ર પાઠવી હીટવેવ-૨૦૨૫ અંગે પૂર્વ તૈયારીના ભાગરૂપે ગુજરાત હીટવેવ એક્શન પ્લાન મુજબ કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના પગલે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પણ તાબા હેઠળની સ્કૂલોમાં હીટવેવ એક્શન પ્લાનનો અમલ કરવા માટે તાકીદ કરાઈ હતી. જેમાં ઓપન એર વર્ગો હાથ ન ધરવા માટે તથા સ્કૂલના સમયમાં પરિસ્થિતિને ધ્યાને રાખીને ફેરફાર કરવા માટે જણાવાયું હતું. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ તમામ સ્કૂલોને પરિપત્ર કરી ગરમીને કારણે સ્કૂલનો સમય સવારનો જ રાખવા માટે તાકીદ કરી છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલોને મોકલાયેલા પત્રમાં જણાવાયું છે કે, જે રીતે અમદાવાદ શહેરમાં અતિશય ગરમી હોવાથી વાલીઓની રજૂઆતને ધ્યાને રાખી બાલવાટિકા અને ધોરણ-૧થી ૮ના બાળકો માટે શાળાનો સમય બપોરે ૧૨ વાગ્યા સુધી રાખવો હિતાવહ જણાય છે. જેથી શાળાઓએ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી આ અંગે જરૂરી નિર્ણય લેવા જણાવવામાં આવે છે.

# જેઈઈ મેઈન્સના પરિણામ સાથે ફાઈનલ આન્સર કી પણ જાહેર

**અબતક, નવી દિલ્હી**

જેઈઈ મેઈન્સ ૨૦૨૫ સેશન-૨ નું પરિણામ જાહેર થયું છે. તેમાં લગભગ ૯ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ એનટીએ વેબસાઈટ jeemain.nta.nic.in પર જઈને તેમના પરિણામો ચકાસી શકે છે. વિદ્યાર્થીઓએ પોતાનું પરિણામ ચકાસવા માટે પોતાનો અરજી નંબર અને જન્મ તારીખ દાખલ કરવાની રહેશે. આ પહેલા, એનટીએ એ અંતિમ આન્સર કી પણ બહાર પાડી હતી.

આ વખતે જેઈઈ મેઈન્સ ૨૦૨૫ સેશન-૨ ના પરિણામમાં ઘણા વિદ્યાર્થીઓએ સારું પ્રદર્શન કર્યું છે. એવું માનવામાં આવે છે કે આનાથી જેઈઈ એડવાન્સ્ડ ૨૦૨૫ ની સ્પર્ધા વધુ કઠિન બનશે. ટૂંક સમયમાં આ માટે નોંધણીની પ્રક્રિયા શરૂ થશે. આ અંગેની માહિતી એનટીએ વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. એનટીએ એ વિદ્યાર્થીઓને તેમના સ્કોરકાર્ડ ડાઉનલોડ કરવા અને તેને સુરક્ષિત રાખવાની સલાહ આપી છે.

એનટીએ એ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે આ વખતે જેઈઈ મેઈન્સના સત્ર-૧ અને સત્ર-૨ બંનેમાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને લાભ મળશે. એનટીએ એ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે જે વિદ્યાર્થીઓએ બંને પરીક્ષા આપી હતી, તેમાંથી ફકત તે જ ગુણને અંતિમ ગણવામાં આવશે જે બંને પરીક્ષાઓમાં શ્રેષ્ઠ હશે. અગાઉ, એનટીએ એ જેઈઈ મેઈન્સની આન્સર કી અંગે સ્પષ્ટતા કરી હતી કે પરીક્ષા નિષ્પક્ષ રીતે લેવામાં આવે છે.

# વર્ષે ૩૨ લાખ યાત્રીઓને સોનપ્રયાગથી કેદારનાથની યાત્રા ૯ કલાકની જગ્યાએ ફક્ત ૩૬ મિનિટમાં કરાવવા રોપ વે સજ્જ

## પ્રોજેક્ટ છ વર્ષમાં થશે પૂર્ણઃ સફળ બોલી લગાવનારને ૩૫ વર્ષ સુધી સંચાલન, જાળવણી અને ભાડું વસૂલવાનો અધિકાર રહેશે

**અબતક, રાજકોટ**

કેદારનાથ યાત્રા હિન્દુ ધર્મમાં અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે આ મંદિર ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાંનું એક ગણાય છે અને તેને પાંડવો સાથે પણ પૌરાણિક જોડાણ છે. ભૌગોલિક રીતે કઠિન હોવા છતાં, આ યાત્રા ભક્તોને માનસિક મક્કમતા અને ભગવાન શિવ સાથેના ગાઢ સંબંધનો અનુભવ કરાવે છે, સાથે જ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો પણ પરિચય કરાવે છે. ત્યારે આ યાત્રાને સરળ બનાવવા સરકારે રોપ વે ની સુવિધા અંગે જાહેરાત કરી હતી. જેના કારણે નવ કલાકની જગ્યાએ ફક્ત ૩૬ મિનિટમાં યાત્રા પૂરી થશે. જે માટે સરકારે તૈયારીઓ શરૂ કરી છે.

સોનપ્રયાગ, ગૌરીકુંડ અને કેદારનાથને જોડતા રોપવે પ્રોજેક્ટમાંથી સરકાર કોઈપણ રોકાણ વિના કમાણી કરશે કારણ કે અદાણી એન્ટરપ્રાઈઝે દેશભરમાં આવા પ્રોજેક્ટ્સનો અમલ કરતી એજન્સી નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ સાથે આવકના લગભગ ૪૨% હિસ્સો ટાંકીને રાખ્યો છે. લગભગ ૧૩ કિમી લાંબા રોપ-વેથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવવાની અપેક્ષા છે કારણ કે તે મુસાફરીનો સમય ૮-૯ કલાકથી ઘટાડીને ૩૬ મિનિટનો કરી દેશે. ચારમાંથી ત્રણ બિડરોએ એજન્સી સાથે આવક વહેંચણીની ઓફર કરી હતી.

નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડે અગાઉ બે વાર બિડ રદ કરી હતી અને ઘણા સુધારા કર્યા પછી, નવી બિડ મંગાવવામાં આવી હતી. તાજેતરમાં, કેબિનેટે જાહેર ખાનગી ભાગીદારી (પીપીપી) મોડ પર અમલમાં મુકવામાં આવનાર રૂ. ૪,૦૮૧ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી.આ રોપવેમાં દરરોજ ૧૮,૦૦૦ વ્યક્તિઓ અથવા દર વર્ષે લગભગ ૩૨ લાખ લોકોને પરિવહન કરવાની ક્ષમતા હશે. કેદારનાથ મંદિર સામાન્ય રીતે છ મહિના માટે ખુલ્લું રહે છે. આ પ્રોજેક્ટ છ વર્ષમાં પૂર્ણ થશે અને સફળ બોલી લગાવનારને ૩૫ વર્ષ સુધી સંચાલન, જાળવણી અને ભાડું વસૂલવાનો અધિકાર રહેશે. સોનપ્રયાગ-કેદારનાથ રોપવે ટ્રાઈ-કેબલ ડિટેચેબલ ગોંડોલા ટેકનોલોજી પર આધારિત હશે અને દરેક ગોંડોલા ૩૬ મુસાફરોને સમાવી શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૨.૪ કિમી લાંબા ગોવિંદઘાટ-ઘાંગરિયા-હેમકુંડ સાહિબ રોપવે પ્રોજેક્ટ માટે નાણાકીય બિડ આવતા અઠવાડિયે ખોલવામાં આવશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે ૨,૭૩૦ કરોડ રૂપિયા છે અને તેમાં દરરોજ ૧૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરવાની ક્ષમતા હશે.

# મુંબઈએ હૈદ્રાબાદને હરાવી પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી

## મુંબઈ ઈન્ડિયન્સની ટીમે ૧૬૩ રનનો લક્ષ્યાંક ૧૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો

**અબતક, મુંબઈ**

મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલ ૨૦૨૫માં સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં ૪ વિકેટે રોમાંચક વિજય મેળવીને પ્લેઓફમાં પહોંચવાની પોતાની આશાને જીવંત રાખી છે. આ મેચમાં મુંબઈને અંતિમ રન બનાવવા માટે પણ ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો, પરંતુ સૂર્યકુમાર યાદવ અને વિલ જેક્સની શાનદાર બેટિંગે ટીમને વિજય અપાવ્યો હતો.

સનરાઈઝર્સ હૈદરાબાદે આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને માત્ર ૧૬૨ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમે ૧૬૩ રનનો લક્ષ્યાંક ૧૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. મુંબઈની આ જીતમાં વિલ જેક્સનું ઓલરાઉન્ડ પ્રદર્શન નિર્ણાયક સાબિત થયું હતું. તેણે બોલિંગમાં ૨ વિકેટ ઝડપી હતી અને બેટિંગમાં ૩૬ રનની મહત્વપૂર્ણ ઈનિંગ પણ રમી હતી.સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૧૬૩ રનના લક્ષ્યનો પીછો કરતા મુંબઈ ઈન્ડિયન્સની ઓપનિંગ જોડી રોહિત શર્મા અને રેયાન રિકલ્ટને ૩૨ રનની ભાગીદારી કરીને ટીમને સારી શરૂઆત અપાવી હતી. રોહિત શર્માએ આ મેચમાં ૧૬ બોલમાં ૨૬ રનની ઈનિંગ રમીને આઉટ થયો હતો. ત્યારબાદ બેટિંગમાં આવેલા વિલ જેક્સે એક છેડો સાચવી રાખ્યો હતો અને રેયાન રિકલ્ટન સાથે મળીને સ્કોરને ટૂંક સમયમાં ૬૯ રન સુધી પહોંચાડ્યો હતો. રેયાન રિકલ્ટનને હર્ષલ પટેલે ૩૧ રનના વ્યકિતગત સ્કોર પર આઉટ કરીને મુંબઈને બીજો ઝટકો આપ્યો હતો.

આ જીત સાથે મુંબઈ ઈન્ડિયન્સે પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે અને પ્લેઓફમાં પહોંચવાની તેમની આશા હજુ પણ કાયમ છે. વિલ જેક્સ અને સૂર્યકુમાર યાદવનું શાનદાર પ્રદર્શન આ મેચમાં મુંબઈની જીતનું મુખ્ય કારણ રહ્યું હતું.

# ગોંડલ નજીક તસ્કર ત્રિપુટી ઝડપાઈ, ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ગોંડલ ધોરી માર્ગ પર આવેલા રીબડા ખાતે સમૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા માં આવેલા ગંગા ફોર્જીંગ અને તેની બાજુમાં આવેલા કારખાનામાં તસ્કરોએ નિશાન બનાવી રૂપિયા ૧.૨૦ લાખની મતાની ચોરીક્ષઝ તાલુકા પોલીસ મથકના સ્ટાફે વેદુકેલી તસ્કર ત્રિપુટીને ઝડપી લઇ અને વધુ બે ચોરીના ગુના નો ભેદ ઉકેલ ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. રાજકોટ જિલ્લામાં વધતા જતા ચોરીના બનાવો અટકાવવા જિલ્લા પોલીસવાળાએ આપેલી સૂચનાને પગલે ગોંડલ તાલુકા પોલીસ મથકના પ્રોબેશનલ આઈપીએસ ડોક્ટર નવીન ચક્રવર્તી ના માર્ગદર્શન હેઠળ એએસઆઈ કુંદનભાઈ મકવાણા દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતુ ત્યારે મૂળ સુલતાનપુર ગામનો વતની અને હાલ રાજકોટ રહેતો મુન્ના લાખા વાળા સંજય સગરામ પરમાર અને ગોવિંદ રમેશ પરમાર નામના ત્રણેય શકશો લષ ૩ બઢ ૬૨ ૭૭ નંબરની રીક્ષામાં અને એક શખ્સ જીજે ૩૬ એકે ૪૬ ૧૮ નંબરના બાઈકમાં શંકાસ્પદ હાલતમાં નીકળતા તેને ભોજપરા ગામના પાટીયા પાસે અટકાવી આખરી પૂછપરછ કરતા રીબડા ખાતે આવેલી સમૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ ઝોનમા શ્રીગંગા ફોર્જીંગ નામના કારખાનામાં અને તેની બાજુમાં જ આવેલા કારખાનામાં થી રૂપિયા ૧.૨૦ લાખની માતાની ચોરી ની કબુલાત આપી હતી તેમજ આખરી પૂછપરછ કરતા તેણે ૨૦ દિવસ પૂર્વે સાપર વેરાવળ વિસ્તારમાં આવેલા શીતળા માતાજીના મંદિરની સામે કારખાનામાંથી ૩૦૦ કિલો લોખંડની ચોરી અને વાંકાનેર સીટી પોલીસમાં બાઈક ચોરી કર્યાની કબુલાત આપતા તેની ત્રણેયની અટકાયત કરી બાઈક રીક્ષા રોકડ અને ભંગાર મળી ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે

## ૭૫ સિટી બસનું સંચાલન કરતી વિશ્વમ એજન્સીનો

# સિટી બસના ડેપો મેનેજર ભાગી જતા ૭૫ ડ્રાઈવરોની હડતાલ

## દૂર્ઘટના બાદ વિશ્વમ એજન્સીના અધિકારીઓના મોબાઈલ બંધ: ડ્રાઈવરોમાં ભારે આક્રોશ, એજન્સી જવાબદારી અંગે ચોખવટ કરે પછી કામે ચડવાની ચેતવણી



**અબતક, રાજકોટ**

બે દિવસ પહેલા શહેરના ઈંદિરા સર્કલ પાસે સિટી બસ દૂર્ઘટનામાં ચાર નિર્દોષ વ્યકિતઓના મોત નીપજ્યા હતા.આ ઘટના કોર્પોરેશન અને સિટી બસનું સંચાલન કરતી એજન્સી દ્વારા તપાસ ચાલુ છે નું વાઝુ વગાડવામાં આવી રહ્યું છે.અકસ્માત બાદ શહેરીજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

અકસ્માત સર્જનાર ડ્રાઈવરની ગંભીર દશા જોઈને વિશ્વમ એજન્સીની તમામ ૭૫ બસના ડ્રાઈવરોએ હુમલાની જવાબદારી કોણ લેશે તેવુ જણાવી સવારે અટલ સરોવર સિટી બસ ડેપોના મેનેજરને રજૂઆત કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ ડેપો મેનેજર જો કારણોસર ભાગી જતા ડ્રાઈવરો સવારથી હડલાત ઉપર ઉતરી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિશ્વમ એજન્સી પાસે ૭૫ સિટીબસના સંચાલનનો કોન્ટ્રાક્ટ છે. દૂર્ઘટનામાં થતા હુમલા સહિતની જવાબદારી એજન્સી ન સ્વીકારે ત્યા સુધી બસ ચાલુ નહીં થાય તેમ થવાની સંભાવના છે. જેના લીધે અજેન્સીના તમામ અધિકારીઓ ગઈકાલથી પોતાના મોબાલઇ



તસવીર: શૈલેષ વાડોલિયા

### સીટી બસના ડ્રાઈવર્સના ફીટનેસ સર્ટીફીકેટ રજુ કરવા વિશ્વમ એજન્સીને નોટિસ

વિશ્વમ સિટી બસ ઓપરેશન પ્રા. લી. દ્વારા સીટી બસ ઓપરેશન અંતર્ગત સપ્લાય કરવામાં આવતી ઈલે. બસ દ્વારા શહેરના ઈન્દીરા સર્કલ ખાતે સર્જેલા ગમખ્વાર અકસ્માતમાં ૪ નાગરિકોના મૃત્યુ થયા છે. જ્યારે ૪ નાગરિકો ગંભીર ઈજા થઈ છે.આ અકસ્માતની ગંભીરતાને ધ્યાને લઈ ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તથા શહેરના નાગરિકોની જાન-માલની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાના ભાગરૂપે તમોની હાલમાં કાર્યરત તમામ ઈલે. બસના ફીટનેસ સટીફીકેટ તથા તમોના હાલમાં કાર્યરત ડ્રાઈવરોના ફીઝીકલ ફીટનેસ સર્ટીફીકેટ દિવસ-૩ માં અત્રેને બીનચૂક રજુ કરવા અંગે કોર્પોરેશનના દ્વારા નોટિસ આપવામાં આવી છે.

### સિટી બસ, બીઆરટીએસ કે કોર્પોરેશનના કોઈપણ વાહનો અંગે કોલ સેન્ટરમાં ફરિયાદ કરી શકાશે

**જોખમી વાહન ચાલતું જણાશે તો કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરાશે**

રાજકોટવાસીઓ સીટી બસ તેમજ બીઆરટીએસ બસ સેવા ઉપરાંત કોર્પોરેશનના કોઈ પણ વાહન જોખમકારક રીતે કે અકસ્માત સર્જે તે રીતે ચાલતું જણાય અથવા નિયમભંગ કરતું જણાય તો કોલ સેન્ટર નંબર ૧૫૫૩૦૪" પર આ અંગેની ફરિયાદ નોંધાવી શકાશે. તેમજ આ બાબતે જાણકારી અંગેના સ્ટીકર તમામ બસમાં અંદર તેમજ બહારની તરફ લોકો વાંચી શકે તે રીતે લગાવવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

### બીજી એજન્સીની ૪૯ સિટી બસની સેવા ચાલુ

સિટી બસના ૭૫ ડ્રાઈવરો હડતાલ ઉપર ઉતરી ગયા છે. શહેરમાં કુલ ૧૨૪ ઈલેકટ્રીક બસ દોડવવામાં આવી રહી છે. તેમાંથી ૭૫ બસનું સંચાલન વિશ્વમ એજન્સી પાસે છે. જયારે બાકીની ૪૯ ઈલેકટ્રીક બસનું સંચાલન નારાયણન નામની એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યુ છે.જેના ડ્રાઈવરો હડતાલમાં સામેલ ન થયા નથી જેથી ૪૯ સિટી બસ રાબેતા મુજબ તેના રૂટ ઉપર સવારથી દોડી રહી છે.

### સિટી બસ અને બીઆરટીએસનું આઈ એમસીસીસી દ્વારા મોનિટરિંગ કરાશે

**ઓવર સ્પીડ, મીસ-બસ સ્ટોપ, સીગ્નલ બ્રીચ, રોંગ સાઈડ ડ્રાઈવીંગ અને ટાઈમ ટેબલ નું હવે મોનીટરીંગ થશે**

સિટી બસ દુર્ઘટનાને ધ્યાને લેતાં, અત્રેના ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જ્યાં શહેરમાં ઈનસ્ટોલ તમામ કેમેરાનું લાઈવ સ્ટ્રીમીંગ તેમજ મોનીટેરીંગ થાય છે ત્યાં અલગથી મેનપાવર રાખી શહેરમાં ચાલતી સીટી બસ સલામત રીતે વહન થાય તેનું મોનીટરીંગ કરવામાં આવશે.

સિટી બસ અને બીઆરટીએસ બસ સેવાના સંચાલનના સુદ્રઢ મોનિટરિંગ માટે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે પ્રતિ શિફ્ટ બે વ્યક્તિ લેખે કૂલ ૪ કર્મચારી મુકવામાં આવશે. આ કર્મચારી દ્વારા બસના ઓવર સ્પીડ, મીસ-બસ સ્ટોપ, સીગ્નલ બ્રીચ, રોંગ સાઈડ ડ્રાઈવીંગ તેમજ બસ તેના ટાઈમ ટેબલ પ્રમાણે ચાલે છે કે નહિ તેનું મોનીટરીંગ કરશે. જો કોઈ વાહન આ ઉપર જણાવેલ કોઈ નિયમ ઉલ્લંઘન કરતુ જણાય તો તાત્કાલિક બસ સંચાલક અને જનરલ મેનેજર (આર.આર.એલ.) ને જાણ કરશે અને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

### ૫૮ વર્ષથી વધુ ઉંમરના ડ્રાઈવર નહીં રખાય: ૮ કલાક જ કામ લેવાશે

રાજકોટ મહાનગરપાલિકાની તમામ શાખાઓ માટે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ પરીપત્ર પસિદ્ધ કર્યો છે. તમામ વિભાગ હસ્તકના કોર્પોરેશનની માલિકીના તેમજ કોન્ટ્રાક્ટ હેઠળના વાહનો તેમજ આઉટસોર્સિંગ સહિત કોર્પોરેશનને સેવા આપતા તમામ વાહનો માટે સુધારાત્મક પગલાઓનું પાલન કરવાનું રહેશે.

એજન્સીની કાર્યરત વાહનોની યોગ્ય ચકાસણી કરી આરટીઓ કે માન્ય સંસ્થાઓ દ્વારા ફીટનેસ સર્ટીફીકેટ દર વર્ષે ૧ એપ્રિલ થી ૩૦ એપ્રિલ વચ્ચે મેળવવાના રહેશે. ભારે વાહનો માટેના ફરજ પરના ડ્રાઈવરોની વય મર્યાદા ૨૫ થી ૫૮ વર્ષ રહેશે તેમજ તેની પાસે ઓછામાં ઓછું ૨ વર્ષ જૂનું ડ્રાઈવિંગ લાઈસન્સ હોવું જરૂરી છે તથા અન્ય વાહનો માટે નિયમાનુસાર નિયત અનુભવ હોય તેને જ ફરજ પર રાખવાનાં રહેશે.

ડ્રાઈવરો,વાહનો કે વાહનો થકી કોર્પોરેશનને સેવા પૂરી પાડતી એજન્સી પાસેથી બિલ અંગે પણ સોગંદનામું લેવાનું રહેશે.

ફરજ પરના તમામ ડ્રાઈવરો ફિઝિકલી ફિટ છે અને તેમની પાસે વેલીડ લાઈસન્સ છે.ડ્રાઈવરો પાસેથી નિયત કામના ૮ કલાકથી વધુ કામ લેવામાં આવતું નથી તેમજ સમયાંતરે રેસ્ટ આપવામાં આવે છે.

### ફેકટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરતા મ્યુનિસિપલ કમિશનર

ઈન્દિરા સર્કલ સીટીબસ દૂર્ઘટના બાદ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર સહિત ૧૧ સભ્યોનું સમાવેશ કરવામાં આવ્યો છે.આ કમિટી દ્વારા બે દિવસ પૂર્વે સર્જાયેલા જીવલેણ અકસ્માતની તપાસ કરવામાં આવશે ત્યાં કારણોસર આવો ગંભીર અકસ્માત સર્જાયો તેના કારણો શોધવામાં આવશે સાથોસાથ ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની આવી દુર્ઘટના ન બને તેની માટે ની માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવશે સીટી બસ દુર્ઘટના બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા એક સામટા અને નિર્ણય લેવામાં આવ્યા છે ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીને એક મહિનામાં દુર્ઘટનાના પ્રાથમિક રિપોર્ટ આપવા અને ત્રણ મહિનામાં વિસ્તૃત રિપોર્ટ આપવા તાકીદ કરાય છે.. હવે એક અધિકારીના બદલે અલગ અલગ રૂટ વાઈઝ ૧૨૪ બસની ૯૩ અધિકારીઓની ટીમ બનાવી વધારાની જવાબદારી સોંપી રોજે રોજનો સીટીબસનો રિપોર્ટ રજૂ કરવાની સુચના આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિશ્વમ એજન્સીના જવાબદાર અધિકારીઓએ મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધા છે.આ અંગે ડેપો મેનેજરને જાણ કરવા માટે તમામ ડ્રાઈવરો આજે સવારે અટલ સરોવર ખાતે ઉમટ્યા હતા. જયા ડેપો મેનેજરની ઓફિસે તાળુ લટકેલું જોવા મળ્યું હતું. ડેપો મેનેજર રાતોરાત ભાગી ગયો છે.

૭૫ ડ્રાઈવરોએ કોર્પોરેશનના ના ટ્રાન્સ્પોર્ટ વિભાગના અધિકારીનો સંપર્ક કરતા તેઓ તુરંત ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ડ્રાઈવરોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. ડ્રાઈવરોએ જણાવ્યું હતુ. એજન્સીના અધિકારીઓ સાથે મીંટીગ યોજવાની વાત કરી હતી. કોર્પોરેશન દ્વારા એજન્સીના અધિકારીઓને તુરંત રાજકોટ હાજર થવાની સુચના આપી છે. સાંજે એજન્સી સાથે બેઠક યોજયા બાદ ડ્રાઈવરોની માંગ સંતોષાસેતો ૭૫ સિટીબસ શરૂ થશે જીવલેણ દૂર્ઘટનામાં કોર્પોરેશન દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. અજેન્સીને જવાબદાર ઠરે છે.એજન્સીનું કરોડો રૂપિયાનું પેમેન્ટ અટકાવવામાં આવ્યું છે. ડ્રાઈવર સામે તેમજ એજન્સીના જવાબદાર અધિકારીઓ સામે પણ ફરિયાદ સ્વીચ ઓફ કરી ભૂર્ગભમાં ઉતરી ગયાની શંકા સેવાય રહી છે. એજન્સીના માણસો સાથે ડ્રાઈવરોની મીંટીગ યોજાયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે

ઈંદિરા સર્કલ સિટીબસ દૂર્ઘટના બાદ લોકોએ બસના ડ્રાઈવરને બેફામ માર મારતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ડ્રાઈવરમાં ડર જોવા મળી રહ્યો છે.અકસ્માતના બનાવ વખતે તમામ પ્રકારની જવાબદારી કોની તે મુદ્દે ડ્રાઈવરો આજે હડતાલ ઉપર ઉતરી ગયા છે.

# ડ્રગ્સનું દુષણ યુવાધનને બરબાદ કરે તે પહેલા પરિવારજનોએ ભયસ્થાનથી માહિતગાર થવું જરૂરી: અધિક પોલીસ કમિશનર બગડિયા

### નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ



**અબતક, રાજકોટ**

ડ્રગ્સની લત લાગ્યા પછી તેમાંથી બહાર આવવું ખુબ જ મુશ્કેલ છે, ત્યારે યુવાનો આ દુષણનો ભોગ બને તે પહેલા તેમના પરિવારજનોએ ખાસ કરીને વિદ્યાર્થીઓને શિક્ષણની સાથોસાથ તેના ભયસ્થાનો વિષે માહિતગાર કરવા જરૂરી હોવાનું નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠકમાં અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું.

રાજકોટ શહેરમાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિઓ અટકાવવા નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટર (નાર્કોડ)ની બેઠકમાં અધિક પોલીસ કમિશનરએ કોલેજ, યુનિવર્સીટીમાં માર્ગદર્શક કાર્યક્રમો યોજવા, જનજાગૃતિ અભ્યાન અસરકારક રીતે આગળ વધારવા તેમજ કાઉન્સેલિંગ સેન્ટર કાર્યરત કરવા ખાસ સૂચન કર્યું હતું.

ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલે ડ્રગ્સ વેચાણકર્તા લોકોની માહિતી આપવા ખાસ ભલામણ કરી તેઓના નામ ગુપ્ત રહેશે તેવી ખાત્રી ઉચ્ચારી હતી. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા શરુ કરાયેલા 'માનસ' પોર્ટલ પર માહિતી આપી શકાય છે, તેમ ઉમેર્યું હતું.

બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઈન કામગીરી અંગે ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલે રાજકોટ શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડવામાં આવેલ ડ્રગ્સનાં કેસની માહિતી પુરી પાડી હતી. એસ.ઓ.જી. દ્વારા મેફેડ્રોન અને ગાંજાના બે કેસ, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ નાસતા ફરતા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમજ કોપટા એક્ટ હેઠળ ૨૯૬ કેસ કરી રૂ. ૫૯,૨૦૦ નો દંડ કરવામાં આવ્યો હોવાની વિગતો પુરી પાડી હતી. સાથોસાથ જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ, પ્રાંત-૨ કચેરી તેમજ વિવિધ કોલેજ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમોની વિગતો રજુ કરવામાં આવી હતી.

બેઠકમાં ડી.સી.પી. ઝોન ૧ સજ્જનસિંહ પરમાર, ઝોન ૨ જગદીશ બંગારવા, સીટી પ્રાંત - ૧ અધિકારી ચાંદની પરમાર, એ.સી.પી. ભરત બસિયા, એસ.ઓ.જી., ડી.સી.બી. સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, સમાજ સુરક્ષા વીભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ, મહાનગર તેમજ સિવિલ તબીબી વિભાગ, મનોચિકિત્સક વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, કૃષિ, વન વિભાગ, તોલમાપ. સાઈન્ટિફિક વિભાગ સહિત કમિટીના અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# રાષ્ટ્રીય કક્ષાની રોબોટક સ્પર્ધામાં રાજકોટની આર્ચી વૈષ્ણવે ડંકો વગાવ્યો

**અબતક, રાજકોટ**

તાજેતરમાં દિલ્હી ખાતે કોડેવર રાષ્ટ્રીય કક્ષાની રોબોટિક સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં આર્ચી વૈષ્ણવ, વરાન પરસાણા અને જહાન વિરડાએ રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. જેમાં આર્ચી વૈષ્ણવે ઓઝોન પ્યુરીફિકેશન પર આધારીત પ્રોજેક્ટ રજુ કર્યો હતો. અને ફેકટરી તેમજ પ્રદુષિત પાણીને કેમ ફિલ્ટર કરી તેનો વપરાશ કરી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી. આમ આર્ચી વૈષ્ણવએ અમદાવાદ ખાતે રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમજ તેના આ પ્રોજેકટને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. જે રાજકોટ માટે ગૌરવની બાબત ગણાય.



### આર્ચીએ પ્રદુષિત પાણીને ફિલ્ડર કરી વપરાશ કરી શકાય તે અંગેનો પ્રોજેકટ રજુ કરી દ્વિતીય સ્થાન મેળવ્યું: હવે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેશે

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ખેતીએ મુખ્ય વ્યવસાય છે. ખાસ કરીને ઉનાળામાં પાણીની તંગીને કારણે આ સમયગાળામાં પાક નિષ્ફળ જાય છે અથવા તો લઈ શકાતો નથી. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના સ્ત્રોત ઉંડા જાય

(અનુ. આઠમા પાને)

# અદાણી પોર્ટ દ્વારા વિદ્યાર્થીઓને ફાયર સેફટી અંગે માહિતગાર કરાયા

**અબતક, રાજકોટ**




ભારતમાં સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ ખાતે ૮૧મા ફાયર સેફ્ટી વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. ૨૦ એપ્રિલ સુધી રાષ્ટ્રીય અગ્નિશમન સેવા સપ્તાહ અંતર્ગત ઉદ્યોગો તેમજ આસપાસની શાળાઓમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

અદાણી પોર્ટ્સના અગ્નિશમન વિભાગ દ્વારા નેશનલ ફાયર સેફ્ટી વીકની ઉજવણીના ભાગરૂપે આયોજીત તાલીમમાં અદાણી પબ્લિક સ્કૂલ અને ઝરપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલ કરવામાં હતી. જેમાં આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું, આગના અલગ અલગ પ્રકારો, આગ લાગવાના કારણો અને તેને

(અનુ. આઠમા પાને)

### ચારે દિશાએ ગુજરાતની ''બોલબાલા''

# દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાતના ઐતિહાસિક સ્થળોનું આકર્ષણ: ૩૬.૯૫ લાખ લોકો લીધી મુલાકાત





**અબતક, રાજકોટ**

વૈશ્વિક કક્ષાએ યુનેસ્કો દ્વારા અલગ-અલગ દેશમાં વિવિધ વિષય વસ્તુ આધારિત જાહેર કરવામાં આવેલા 'વર્લ્ડ હેરિટેજ સાઈટ' દેશ-વિદેશના પ્રવાસીઓ-સંશોધકો માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. કોઈ સમાજ-સ્થળ વિશેષની ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ એવી ચિરકાલીન સાંસ્કૃતિક વિશેષતા એટલે 'હેરિટેજ', ટૂંકમાં જે તે સમુદાયની વિરાસત એટલે હેરિટેજ. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તેમજ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં ગુજરાતની આ ચાર હેરિટેજ સાઈટની વિશેષ સાર સંભાળની સાથે આ સ્થળોએ પ્રવાસીઓ માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે ગત વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧૨.૮૮ લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ આ ચાર સાઈટની મુલાકાત લીધી હતી. જેમાં સૌથી વધુ ૭.૧૫ લાખથી વધુએ હેરિટેજ સિટી અમદાવાદ જ્યારે ૩.૬૪ લાખથી વધુ પ્રવાસીઓએ રાણીકીવાવ-પાટણ ઉપરાંત ૧.૬૦ લાખથી વધુ પ્રવાસીઓએ ધોળાવીરા તેમજ ૪૭ હજારથી વધુ પ્રવાસીઓએ ચાંપાનેરની મુલાકાત કરી હતી.

આમ ગુજરાતમાં આવેલા ચાર વૈશ્વિક હેરિટેજ સહિત વિવિધ કુલ ૧૮ હેરિટેજ પ્રકારના સ્થળોની ગત વર્ષે કુલ ૩૬.૯૫ લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. જેનાથી ગુજરાતમાં સ્થાનિક રોજગારીની સાથે સમગ્ર અર્થવ્યવસ્થાને ખૂબ મોટું બળ મળ્યું છે. વૈશ્વિક સંસ્થા યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન- યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં પણ સ્થાપત્ય, ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કલા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને યુનેસ્કો દ્વારા ચાંપાનેર, રાણીકી વાવ, અમદાવાદ સિટી અને ધોળાવીરા એમ ચાર સાઈટને વર્લ્ડ હેરિટેજ-વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે. ચાંપાનેર-પાવાગઢ પંચમહાલ જિલ્લામાં આવેલું એક પૌરાણિક-ઐતિહાસિક શહેર છે. તેને યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૦૪માં ગુજરાતના સૌ પ્રથમ 'વિશ્વ વિરાસત સ્થળ'નો દરજ્જો એનાયત થયો છે. ગુજરાતમાં આવેલાં શક્તિપીઠો પૈકી અહી આવેલું કાલિકા માતાનું મંદિર ત્રીજી શક્તિપીઠ છે. તેની સ્થાપના આઠમી સદીમાં રાજા વનરાજ ચાવડાએ કરી હતી. ચાંપાનેર નામ તેના સેનાપતિ ચાંપરાજ ઉપરથી આવ્યું છે.પાવાગઢની ટેકરીઓ ઉપર અને નીચે વસેલા ચાંપાનેર -શહેરમાં સુલતાનયુગ સુધીનાં સ્થાપત્યો આર્કિયોજિકલ પાર્કની જેમ જોવા મળે છે. પાવાગઢની ટેકરી ઉપર આઠ દરવાજા જોવા મળે છે. પતાઈ રાજાનો મહેલ, કિલ્લાઓની દીવાલો, પાણીનો ટાંકો, કોઠાર, કમાનો વગેરે ખંડેર હાલતમાં અવશેષો રૂપે જોવા મળે છે. શ્રદ્ધાળુઓ માટે ચાંપાનેર - પાવાગઢની મુલાકાત આનંદમય બની રહે છે.રાણકીવાવ ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લાના પાટણ શહેરમાં આવેલી છે. આ ઐતિહાસિક વાવનું નિર્માણ અણહિલવાડ પાટણના સોલંકી વંશના રાજા મૂળરાજ સોલંકીના પુત્ર ભીમદેવ પહેલાની રાણી અને જૂનાગઢના રાજા રા'ખેંગારની પુત્રી ઉદયમતીએ ૧૧મી સદીના અંતભાગમાં કર્યું હતું. યુનેસ્કોએ વર્ષ ૨૦૧૪માં રાણકીવાવને વિશ્વ વિરાસત સ્થળનો દરજ્જો આપ્યો છે. આ વાવ જોવા દેશ-વિદેશથી હજારો પર્યટકો આવે છે. તેમાં સાત માળનું બાંધકામ જયા પ્રકારની વાવવાળું છે. વાવમાં અનેક દેવી-દેવતાઓની સાથે આકર્ષક અપ્સરાઓ અને નાગ-કન્યાઓની કલાત્મક મૂર્તિઓ કંડારેલી જોવા મળે છે. વળી વાવમાં એક નાનો ભેદી દરવાજો પણ જોવા મળે છે. ભારતીય રિઝર્વ બેંકે વર્ષ ૨૦૧૮માં બહાર પાડેલી જાંબલી રંગની ૧૦૦ રૂપિયાની ચલણી નોટ ઉપર રાણકીવાવની તસ્વીર જોવા મળે

(અનું. આઠમાં પાને)

## હેરીટેજ ટુરિઝમ પોલિસી: ૨૦૨૦-૨૫

દેશ-વિદેશના પ્રવાસીઓ ગુજરાતની પ્રાચીન ધરોહર અને ઐતિહાસિક વિરાસતનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે તે માટે રાજ્ય સરકારે હેરિટેજ ટુરિઝમ પોલિસી-૨૦૨૦-૨૫ જાહેર કરી હતી. આ પોલીસી હેઠળ ગુજરાતના નાના ગામ-નગરોમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી પ્રાચીન વિરાસત ઈમારતો, રાજા રજવાડાના મહેલો, ઝરૂખા, મિનારા અને કિલ્લા સહિતના હેરિટેજ સ્થળોને પ્રવાસન પ્રેમીઓ માટે સુવિધાસભર સગવડો સાથે ખૂલ્લા મૂકવાનો તેમજ આવા હેરીટેજ સ્થળોને પ્રોત્સાહનો આપવાનો રાજ્ય સરકારે આગવો અભિગમ અપનાવ્યો છે. વર્લ્ડ હેરિટેજ ડે-૨૦૨૫ નિમિતે આ વર્ષે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોમેન્ટ એન્ડ સાઈટ્સ દ્વારા ''આફતો અને સંઘર્ષોથી હેરિટેજ પર જોખમ: તૈયારીઓ ૬૦ વર્ષોની કામગીરીમાંથી મળતી શીખ''ની થીમ જાહેર કરવામાં આવી છે. આ થીમનો ઉદ્દેશ્ય કુદરતી આફતો અને સંઘર્ષોના કારણે હેરિટેજ સાઈટ્સ પર વધતા જોખમ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.



## ગુજરાતમાં સ્થાનિક રોજગારીની સાથે સમગ્ર અર્થવ્યવસ્થાને ખૂબ મોટું બળ મળ્યું: હેરિટેજ સિટી અમદાવાદ, રાણકીવાવ-પાટણ, ધોળાવીરા અને ચાંપાનેર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

# નવજીવન વિકલાંગ સેવાશ્રય ટ્રસ્ટ દ્વારા ઓપન ગુજરાત ટેનિસ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં નવજીવન વિકલાંગ સેવાશ્રયના સભ્યોએ આપી માહિતી

**અબતક,રાજકોટ**

શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય છેલ્લા ૩૨ વર્ષથી ગુજરાતમાં મનોદિવ્યાંગ અને શારીરિક દિવ્યાંગોની અવિરત સેવા કરી રહી છે. ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગોને વિશેષ સુવિધાઓ અને સવલતો પ્રદાન કરવા રાજકોટમાં દ્વિતીયવાર ઓપન ગુજરાત ટેનિસ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ season-2 NVS CHAMPIONS TROPHY 2025નું આગામી તારીખ ૨૦/૦૪/૨૦૨૫ થી ૨૫/૦૪/૨૦૨૫ સુધી સાંજે ૬:૦૦ કલાકથી ગ્રીનફિલ્ડ ક્રિકેટ ગ્રાઉન્ડ જામનગર રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ શુભારંભ ગુરુદેવ આત્મયોગી ૐ દાદા દ્વારા કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટની શરૂઆત તારીખ ૨૦/૦૪/૨૦૨૫ સાંજે ૬:૦૦ વાગે દીપ પ્રાગટય, બેન્ડ વાજા સાથે રાજકોટના સામાજિક અગ્રણી, રાજકીય મહાનુભવો તથા અગ્રણી ઉધોગપતિઓના હસ્તે કરવામાં આવશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં જીતેન્દ્રભાઈ જોષીએ વાતચીતમાં જણાવ્યું હતુ કે, કુલ ૩૨ ટિમ ભાગ લઈ રહી છે, દરેક મેચના મેન ઓફ ધ મેચ ખેલાડીને ટ્રોફી ટીમને મોમેન્ટો આપવામાં આવશે, ટુર્નામેન્ટના અંતિમ દિવસે લખેણા ઈનામો જેવા કે બેસ્ટ બોલર, બેસ્ટ બેસ્ટમેન, મેન ઓફ ધ સિરીઝને ટ્રોફી અને ઉમિયા મોબાઈલ તરફથી બેગ આપવામાં આવશે.

ફાઈનલ વિજેતા ટીમને ૪૫૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે રનર્સઅપ ટીમને ૨૫૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.



તસ્વીર: કરન જોગલ

આ ક્રિકેટ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક નવજીવન વિકલાંગ સેવાશ્રય હળવદ-ભચાઉના મહામંત્રી જીતેન્દ્રભાઈ જોશી, મુરલીભાઈ દવે, યોગીનભાઈ છનીયારા, સુનિલભાઈ શાહ, ડેનિસભાઈ કાલરીયા, જીજ્ઞેશભાઈ વાગડીયા, નયનભાઈ કોઠારી, હિતેશભાઈ ઝાલાવડીયા, મિતેશભાઈ દોશી, ચેતનભાઈ ગોંડલીયા, હર્ષિલભાઈ શાહ, રણધીરભાઈ સોનારા, રવિભાઈ પાટડિયા, તુષારભાઈ વાછાણી, કિન્નરીબેન ચૌહાણ, કોમલબેન ખીરા સાથે ટુર્નામેન્ટ ડાયરેટર તરીકે નિમેષભાઈ ભાલોડીયા, અક્ષયભાઈ કંટારીયા, સુનિલભાઈ સોલંકી, રાઠોડ બાદશાહ, પરેશભાઈ સીદપરા, વિશાલભાઈ જોશી, વિશાલભાઈ કાનાણી, રેનીશભાઈ ફુલેત્રા, દીક્ષિતભાઈ મેંદપરા વગેરે હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે. ક્રિકેટ ટીમ રજીસ્ટ્રેશન માટે નિમેષભાઈ ભાલોડીયા મો, ૯૭૩૭૨૯૭૬૧૨સંપર્ક કરવો.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં જીતેન્દ્રભાઈ જોશી, નિમેષભાઈ ભાલોડીયા, ડેનિસભાઈ કાલરીયા, ચેતનભાઈ ગોંડલીયા, વિશાલભાઈ જોશી, નયનભાઈ કોઠારી, જીજ્ઞેશભાઈ વાગડિયા, મિતેશભાઈ દોશી, અક્ષયભાઈ કંટારીયા, ડો. રવિભાઈ પાટડિયા ઉપસ્થિત રહ્યા હતા.

### માનવ કલ્યાણ મંડળ અને સમસ્ત પાટીદાર સમાજ સંચાલિત

# નો પ્રોફીટ, નો લોસના ધોરણે 'બાનુ ઘર' વૃધ્ધાશ્રમ દ્વારા રાહતદરે આરોગ્ય સેવાનો પ્રારંભ

## સૌને પરવડે તેવા રાહતદરે મેડીકલ સ્ટોર, લેબોરેટરીની તપાસ, કિડની ફન્કશન સહિતના ટેસ્ટ સાથે દવાઓ આપવામાં આવશે

**અબતક, રાજકોટ**

માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટ સંચાલિત -બાનું ઘર- વૃદ્ધાશ્રમ સંસ્થા દ્વારા તાજેતરમાં તમામ જ્ઞાતિના લોકો માટે આશાના કિરણ સમાન એક રાહતદરનો મેડીકલ સ્ટોર, રાહતદરની લેબોરેટરી, અને રાહતદરનું દવાખાનું ચાલુ થયું છે. જેમાં નિરાધારો અને જરૂરીયાતમંદને મળશે ફ્રી માં દવાખાનાની સેવાઓ, દવાઓ, અમ્બુલન્સ, આઈસીયુ એમ્બુલન્સ સેવાઓ અને લેબોરેટરીની તપાસ સાથે આશ્રય સાથે સૌને પરવડે તેવા રાહતદરનો મેડીકલ સ્ટોર, (જેમાં આશરે ૦૫ % જેટલી રાહત) રાહતદરની લેબોરેટરી અને દવાખાનું જે સૌને પરવડે તેવા દરે દવાઓ મળશે અને ફક્ત દશ રૂપિયાના ટોકનદરે અનુસવી



એમબીબીએસ ડો. દ્વારા દવાખાનામા નિદાન કરી આપવામાં આવશે, તેમજ ખુબ જ રાહતદરે લેબોરેટરીની તપારા, ફક્ત દસ રૂપિયામાં બ્લડ સુગરની તપાસ તેમજ ખુબ જ ઓછા દરે બ્લડ, યુરીન, કફ, ઈસીજી, એલ-રે સહિતના રીપોટર્સ જેમાં સી.બી.સી, બાયોપ્સી લિપિડ પ્રોફાઈલ કિડની ફન્કશન સહિતના ટેસ્ટનો પણ સમાવેશ રાહતદરે થશે.

આરોગ્ય બાબતે અપાતી સેવા એ સર્વોત્તમ સેવા છે અને એ પણ ''નો પ્રોફિટ નો લોસ''નાં ધોરણે સેવાભાવી સંસ્થા દ્વારા સેવા સાથે સામાજીક વિકાસ કરવા પ્રયત્ન કરાશે, આ માટે સંસ્થાએ કાલાવાડ રોડ પર, ક્રિસ્ટલ મોલ સામે, રાણી ટાવરમાં પ્રથમ માળે, રાહતદરનો 'માનવ મેડીકલ સ્ટોર', રાહતદરની 'લેબોરેટરી', અને રાહતદરનું 'દવાખાનું' ચાલુ કર્યુ છે.આ ''બાનું ઘર વૃદ્ધાશ્રમ'' સાવ નિરાધારો, બહેરા-મૂંગા, ગાંડા, બિન વારણું, ઘર વિહોણા, આધાર વિનાના લોકોને સાવ ફ્રી માં રહેવા, જમવા, દવાઓ સાથે આશ્રય આપે છે આપના ધ્યાનમાં આવી વ્યક્તિઓ હોઈ તો ધ્યાન દોરજો, આ સંસ્થાની મુલાકાત લઈ આપને યોગ્ય લાગેતો મદદ કરજો સંસ્થાને મકાન માટે દાનની જરૂર છે સીએસઆર ફંડ સ્વીકાર્ય છે. સંસ્થાને અપાતું દાન કરમુક્ત છે. સજજનોને દાન આપવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવે છે.

અત્યારે આ મોંઘવારીના યુગમાં તમામ લોકોને જરૂરી દવાઓ ખુબજ સહતદરે મળે અને બધી લેબોરેટરી તપાસ પણ સાવ વ્યાજબી ભાવે, કમીશન વગર થઈ સકે અને ફક્ત દસ રૂપિયામાં દવાખાનાની સેવાઓ ઉપલબ્ધ થાય તે આશય સાથે આ સેવાઓ ચાલુ કરવામાં આવી છે, જેમાં તમામ જ્ઞાતિઓનાં લોકો માટે કોઈપણ ભેદભાવ વગર ચલાવવામાં આવે છે. આ સેવામાં જોડાઈ આપ સેવા આપવા, દાન આપવા અને સભ્ય બનવા માંગતા હોઈ તો સંસ્થાનો સંપર્ક કરે, આ માનવ આરોગ્ય સેવા સુવિધા રાજકોટ મધ્યે રાણી ટાવર કાલાવાડ રોડ પર છે, વધુ વિગત માટે વધુ વિગત માટે સંસ્થાના મુકેશભાઈ મેરજા, (મો. ૯૪૨૬૭૨૭૩૭૩) ગીતાબેન પટેલ, ડી.સી.પટેલ, નરેન્દ્રભાઈ રાંકજા, સંજય ખીરસરીયા, માનીશભાઈ ડેડકિયા, દિનેશભાઈ અમૃતિયા, કે વિભાબેન મેરજાનો સંપર્ક કરવા જણાવેલ છે.



# રાજકોટમાં અભ્યાસ દરમિયાન પરિચયમાં આવેલા નરાધમે સગીરાનો ચાલુ બસે દેહ ચૂંથ્યો

## હોસ્ટેલમાં કામ કરતો ગીર સોમનાથના વિજય બારડે સંપર્ક કેળવ્યા બાદ સગીરા વતન ફરતી'તી ત્યારે બસમાં ધસી જઈ દુષ્કર્મ ગુજાર્યો

## પોરબંદર પોલીસે ઝીરો નંબરથી ગુનો નોંધી ટ્રાન્સફર કરતા સુરતની મહિધરપુરા પોલીસે નરાધમની શોધખોળ શરૂ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં અગાઉ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી સગીરાને હોસ્ટેલમાં કામ કરતા ગીર સોમનાથના વતની વિજય બારડ સાથે પરિચય થયો હતો. બાદમાં સગીરા સુરત જતી રહી હતી. જો કે, સુરત ખાતેથી બસમાં મૂળ વતન પોરબંદર ખાતે પરત ફરતી વેળાએ છાત્રાને મિત્રતામાં ફસાવી ચાલુ બસે બળાત્કાર ગુજારી લીધો હતો. જે બાદ તરુણીએ પોતાના વતન પોરબંદર પહોંચી પરિવારને વાત કરતાં પરિવારજનો ચોંકી ગયાં હતાં અને તુરંત પોરબંદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ બનાવ સુરત પોલીસના મહિધપુર પોલીસ મથક હેઠળ આવતો હોવાથી ફરીયાદ ત્યાં ટ્રાન્સફર કરી હતી અને પોલીસે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

બનાવની મળેલ વિગત મુજબ, પોરબંદરની કિશોરી રાજકોટની સ્કૂલમાં અભ્યાસ કરતી હતી અને હોસ્ટેલમાં રહેતી હતી. ત્યારે હોસ્ટેલમાં કામ કરતો વિજય કરશન બારડ ( રહે.ગીર દેવડી ગામ, ગીર સોમનાથ) કિશોરી સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ કિશોરી વધુ અભ્યાસ માટે સુરત આવી ગઈ હતી. જે બાદ પાછળ પાછળ આરોપી વિજય પણ સુરત આવતો જતો હતો. તાજેતરમાં કિશોરી વતન જવાની જાણ થતા વિજય સુરત આવ્યો હતો. સાંજે કિશોરી ખાનગી સ્લીપર કોચ બસમાં બેઠી હતી અને વિજય પણ તે બસમાં બેઠો હતો. વિજય અને કિશોરી બંને બાજુ બાજુમાં બેઠા હતા. રાત્રે વિજયે કિશોરી પર બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું અને આ અંગે કોઈને કહીશ તો હું મરી જાઈશ અને મારા મારવાનો આરોપ તારી ઉપર આવશે કહી ધમકી આપી હતી.

પરંતુ સગીરાને પોતાની સાથે ખોટું થઈ ગયું હોઈ જેથી પોરબંદર પહોંચી કિશોરીએ માતાને પોતાની સાથે જે કંઈ ઘટના ઘટી તેની સમગ્ર હકિકત જણાવતાં માતા સહિતના પરિવારજનો ચોંકી ગયા હતાં અને પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. પોરબંદર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર અને એક્ટ્રોસીટીનો ગુનો દાખલ કર્યો હતો. બનાવ મહિધરપુરા પોલીસની હદમાં થયો હોવાથી ફરિયાદ હવે મહિધરપુરા પોલીસમાં ટ્રાન્સફર કરવામાં આવતાં વિશેષ તપાસ ત્યાંની પોલીસે શરૂ કરી હતી.

# લોન પર લીધેલ કીયા કારની બોગસ એન.ઓ.સી. બનાવી વહેંચી મારતો ભેજાબાજ

## લોન એજન્સીના લીગલ એડવાઈઝરે ફરીયાદ નોંધાવતા એ. ડિવિઝન પોલીસે કાલાવડ રોડના ચેતન પરમાર વિરુદ્ધ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

કીયા કાર લોન પર મેળવી બોગસ એનઓસી બનાવી બારોબાર વેંચી નખાયાનો બનાવ સામે આવ્યો છે. કાલાવડ રોડ પર રહેતા શખ્સે લોન પર કિયા કાર ખરીદ્યા બાદ કારની લોનના હપ્તા ન ભરી ફાયનાન્સ કંપનીનું બોગસ એનઓસી તૈયાર કરી કાર અન્ય વ્યકિતને વેચી દીધી હતી. જે અંગેની જાણ લોન કંપનીને થતા આ મામલે કંપનીના લીગલ ઓફિસર દ્વારા આરોપી વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી સામે છેતરપિંડી, વિશ્વાસઘાત બોગસ દસ્તાવેજ તૈયાર કરવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. મામલામાં અમદાવાદમાં નવા નરોડા વિસ્તારમાં રહેતા ચિરાગકુમાર અશ્વિનભાઈ બારોટ દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચેતન કનકભાઈ પરમાર (રહે. પ્લોટ નંબર ૮૭, ગ્લોરીયસ ગોલ્ડ, કાલાવડ રોડ, રાજકોટ) નું નામ આપ્યું છે. ચિરાગભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટાટા કેપિટલ લિ. ની કંપનીમાં લીગલ મેનેજર છે. કંપનીની બ્રાન્ચ ઓફિસ રાજકોટમાં ભક્તિનગર સ્ટેશન પ્લોટ પિનાકોલ બિલ્ડીંગમાં ૩૦૨ નંબરની ઓફિસમાં આવેલી છે. કંપની જુદા જુદા પ્રકારની લોન આપવાનું કામ કરે છે. આરોપી ચેતન પરમારે કંપની પાસેથી કિયા મોટર્સ કંપનીની સોનેટ ગાડી નં. જીજે ૩ એમઈ ૯૪૯૦ પર રૂ.૧૩,૪૫,૦૩૫ ની તા. ૨૦/૧૨/૨૦૨૨ ના લોન લીધી હતી. જે લોનની રકમ ૬૦ હપ્તામાં ચૂકવવાની હતી. આરોપીએ ૧૬ હપ્તાની ભરપાઈ કરી હતી. તા. ૩/૪/૨૦૨૪ સુધી હપ્તા ભર્યા હતા. ત્યારબાદ તેને હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. બાદમાં કંપની તરફથી તેને નોટિસ મોકલવામાં આવી હતી. છતાં તેણે કોઈ જવાબ આપ્યો ન હતો. આરોપી ચેતનને કંપનીને રૂ. ૧૧.૫૭ લાખ ચૂકવવાના બાકી હતા. દરમિયાન આરોપીએ કાર ઉપર લોન ચાલતી હોવાનું જાણતો હોવા છતાં તેણે લોનની રકમ ભરપાઈ કર્યા વગર લોન કંપનીનું બોગસ એનઓસી તેમજ ફોર્મ નંબર ૩૫ બોગસ તૈયાર કરી આરટીઓમાં રજૂ કરી આરટીઓમાં કાર પરનું કંપનીનું હાઈપોથીકેશન કઢાવી છગનભાઈ નાથાભાઈ મુંધવાને આ કાર બારોબાર વેચી નાખી હતી. જે અંગેની જાણ કંપનીને થયા બાદ આ મામલે કંપનીના લીગલ ઓફિસર દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે વધુ તપાસ પીએસઆઇ બી.આર. સાવલિયા ચલાવી રહ્યા છે.

### ભેજાબાજે અગાઉ પણ રાજકોટ-પાલનપુરમાં ઠગાઈ આચરી'તી

કિયા કંપનીના લીગલ ઓફિસરે વધુમાં જણાવ્યું હતું કે, આરોપી ચેતને લોનના હપ્તા ભરવાનું બંધ કરી દઈ નોટિસનો પણ કોઈ જવાબ ન આપતા કંપનીએ આરટીઓમાં કાર વિગતો કઢાવતા કાર અન્યને વેચી દીધી હોવાનું માલુમ પડયું હતું. તેમજ આરોપી સામે રાજકોટના માલવીયાનગર અને પાલનપુરમાં પણ આ પ્રકારના છેતરપિંડાના ગુના નોંધાઈ ચૂકયા હોવાનું સામે આવ્યું હતું.


# કરાર પાલનનો દાવો રદ કરી મેરીટસ ઉપર ચલાવવા ગોંડલ કોર્ટને હુકમ કરતી હાઈકોર્ટ

## જમીનનો મૌખિક સોદો કરી, રૂ.૨.૭૫ કરોડ ચૂકવ્યા બાદ નિશી એલેકસ લુસિચએ અન્યને જમીનનું વેચાણ કરતા જગતસિંહ જાડેજાએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા

**અબતક, રાજકોટ**

રીબડા સર્વે નંબરની ૨૧૨૪૬ ચોરસ મીટર બિન ખેતી જમીન મામલે રીબડાના જગતસિંહ મહિપતસિંહ જાડેજાએ દાખલ કરેલો મૌખિક કરાર પાલનનો દાવો રદ કરવાનો નીચલી કોર્ટનો હુકમ અયોગ્ય ઠેરવી હાઈકોર્ટ દ્વારા ગોંડલ સિવિલ કોર્ટને દાવો ફરીથી મેરિટ્સ ઉપર ચલાવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રીબડા.ખાતે નિશી એલેકસ લુસિચની માલિકીની રે.સ. નં. ૫૧ની જમીન એકર ૧ના રૂપિયા ૧.૪૪ લાખ લેખે કુલ રૂા. ૭.૫૭ કરોડમાં વેચાણથી ખરીદ કરવાનો જગતસિંહ જાડેજા દ્વારા મૌખિક સોદો કરેલો અને સુથી તેમજ અવેજ પેટે રૂા. ૧.૭૫ કરોડ તા.૧૮/ ૦૪/ ૨૦૨૨ના રોજ રોકડા ચુકવીને તેની પહોંચ પણ મેળવી હતી. દરમિયાન આ મૌખિક સૌદા મુજબ તા. ૧૦/ ૦૮/ ૨૦૨ ના રોજ બીજા રોકડા રૂા. ૧ કરોડ પુરા ચુકવતા તેની પણ પહોંચ કરી આપવામાં આવેલી. બાદ આ સોદા મુજબ પાકો રજિસ્ટર વેચાણ દસ્તાવેજ અવેજની બાકી રકમ સ્વીકારી જગતસિંહ જાડેજાએ નિશી એલેકસ લુસિચને .કરી આપવા જણાવતા તેણીએ કરારનું પાલન કરવાના બદલે આ મિલ્કત બીજા આસામીને વેચાણ કરવા માટેની નોટીસ વકીલ મારફત તા. ૧૯/ ૦૪/ ૨૦૨૩ના રોજ સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થતાં, તેમના વચ્ચે થયેલા કરારમાંથી પ્રતિવાદી નીશીત એલેકસ લુસિચ કરાર મુજબ અવેજની બાકી રકમ સ્વીકારી વેચાણ દસ્તાવેજ કરી આપવાનો દાવો ગોંડલ સિવિલ કોર્ટમા દાખલ


ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ

અરજી કરતાં સિવિલ કોર્ટ, ગોંડલે એવું ઠરાવેલુ કે, માર્ક-૩/૧ થી રજુ થયેલ રૂપિયા ૧ કરોડની પહોંચ કે જેના ઉપર કોઈ રેવન્યુ સ્ટેમ્પ કે અન્ય કોઈ સ્ટેમ્પ લગાડવામાં આવેલ નથી, જેને કરારના કાયદાની કલમ-૧૦ પ્રમાણે કરાર કહી શકાય નહીં માર્ક-૩/૨ જે રૂપિયા ૧,૭૫,૫૧,૦૦૦ની પહોંચ છે તેને માત્ર એક રસીદ કહેવાય અને તેના ઉપર સ્વીકારનારની સહી હોવી જોઈએ, જેથી આ બંને દસ્તાવેજોને કરાર ગણી શકાય નહીં તેમ માની આ કરાર પાલનનો જગતસિંહ જાડેજાનો દાવો રદ કરવામાં આવ્યો હતો. જે દાવો રદ કરવાના હુકમથી નારાજ થઈ જગતસિંહ જાડેજા દ્વારા દાવો દાખલ કરવામાં આવેલી ફર્સ્ટ અપીલ ચાલી જતાં ગુજરાત હાઈકોર્ટે દાવો રદ કરવાનો સિવિલ કોર્ટનો હુકમ રદ કરી મૌખિક કરારને પણ કરારનો કાયદો માન્ય અને કાયદેસરનો કરાર ગણે છે. તેથી મૌખિક કરારનો પણ જો ભંગ થતો હોય તો તેવા થયેલા મૌખિક કરારનું પાલનનો દાવો પણ અદાલતમાં થઈ શકે અને ચાલી શકે. હાઈકોર્ટના ધારાશાસ્ત્રી વિમલ પટેલ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી કે, નીચેની અદાલત દાવાના મેરિટસમાં ઉતરી દાવો રદ કરવામાં મહત્વની હકુમતની ભુલ કરેલ છે. તેમજ કરાર કરી આપનાર દ્વારા કરાર બાદ જો કોઈ ત્રાહિત વ્યકિતને મિલ્કતનું વેચાણ કરી દેવામાં આવે તો કરાર પાલનનો હુકમ કરી શકાય છે. તેવી દલીલો રજૂઆતો ધ્યાને લઈ વડી અદાલતે સ્પેશિફિક રિલીફ એકટના પ્રબંધોની ચર્ચા-વિચારણા કરી ગોંડલ સિવિલ કોર્ટનો દાવો રદ કરવાનો ચુકાદો ખોટો છે તેવું ઠરાવી આ દાવો ગોંડલની અદાલતે મેરીટસ ઉપર આગળ ચલાવવો તેવો હુકમ કર્યો છે. આ કેસમાં મૂળ વાદી વતી અમદાવાદના એડવોકેટ વિમલ પટેલ તથા રાજકોટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

# મેટોડા પોલીસે ખોવાયેલી ૧૧ લાખની કિંમતી મતા મૂળ માલિકોને પરત અપાવી

## પોલીસની ઝડપી કામગીરી ની સરાહના, ખોવાયેલી વસ્તુ પરત મેળવનાર થયા' ભાવુક'

**અબતક, રાજુ રામોલિયા,કાલાવડ**

મેં આઈ હેલ્પ યુ... નું સૂત્ર ખરા અર્થમાં સાકાર કરીને મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશન દ્વારા યોજાયેલા તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં અરજદારોના ખોવાયેલા ચોરાયેલા મોટરસાયકલ મોબાઈલ ફોન માં રોકડ ૨.૨૫ ૭૦૦, મોસા ૪, કિંમત ૧.૬૦લાખ ૩૮ મોબાઈલ, ૭,૨૨,૨૬૦ મળી રૂપિયા ૧૧,૦૭,૯૬૦ નીમતા માલિકોને પરત અપાવવી હતી રાજકોટ અશોકકુમાર યાદવ, ગ્રામ્ય પોલીસ વડા હિમકર સિંહ ગોંડલ



ડીવાયએસપી કે જી ઝાલા, ના માર્ગદર્શન હેઠળ પીઆઈ એસ,એચ, શર્મા. પી એસ આઈ એન બી ઝાલા, અને મેટોડા જીઆઇડીસી પોલીસ સ્ટાફે સરાહનીય કામગીરી કરી હતી

# દિવાલ નીચે દબાઈ ગયેલી માતા પુત્રના મોતના મામલે કોન્ટ્રાકટર જામીન મુક્ત

## કારખાનાની બાંધકામ સાઈટ પર લોડર વડે કપચી ખસેડતી વેળાએ ધક્કો લાગી જતા દિવાલ ધરાશયી થતા માતા પુત્રના મોત નીપજ્યા'તા

**અબતક, રાજકોટ**

શહેરમાં સુરભી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં નવા બનતા કારખાનાની બાંધકામ સાઈટ ઉપર કપચી ખસેડતી વખતે ટ્રેકટર લોડરનો દીવાલને ધક્કો લાગતા દીવાલ ધરાશાયી થઈ હતી. દીવાલના ટેકે પુત્રને સ્તનપાન કરાવતી માતા-પુત્રના મોત નિપજ્યાના કેસમાં કોર્ટે આરોપી કોન્ટ્રાકટરને શરતોને આધીન જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ મધ્યપ્રદેશના વતની સંજયભાઈ ગુડુભાઈ મોહનીયા તેમની પત્ની સીમાબેન અને માસુમ પુત્ર સાર્થક સાથે રાજકોટમાં મજૂરી કામ અર્થે આવ્યા હતા અને તે દરમિયાન સુરભી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં નવા બનતા કારખાનાની બાંધકામ સાઈટ ઉપર કામ કરતા હતા. સંજયભાઈ મોહનીયા કોન્ટ્રાકટરની શાપર ખાતે ચાલતી સાઈટ ઉપર કામ માટે ગયા હતા. તે દરમિયાન સુરભી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં નવા બનતા કારખાનાની બાંધકામ સાઈટ ઉપર સીમાબેન મોહનીયા માસુમ પુત્ર સાર્થકને દિવાલના ટેકે સ્તનપાન કરાવતી હતી. તે વખતે વિશાલભાઈ કાંતિભાઈ જાદવ ટ્રેકટર લોડર વડે કપચી ખસેડતા હતા તે વખતે દીવાલને ધક્કો લાગી જતા દિવાલ ધરાશયી થતા સીમાબેન મોહનિયા અને તેનો પુત્ર સાર્થક દિવાલ નીચે દટાઈ જતા માતા પુત્રના ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા જે અંગે સંજયભાઈ મોહનિયાએ ટ્રેકટર લોડરના ચાલક વિશાલભાઈ જાદવ અને કોન્ટ્રાકટર નરેશભાઈ નારાયણભાઈ ચૌહાણ વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે બંનેની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા કોન્ટ્રાકટર નરેશ ચૌહાણે જેલ મુક્ત થવા પોતાના એડવોકેટ મારફત કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ જે.એમ. બ્રહ્મભટ્ટે આરોપી કોન્ટ્રાકટર નરેશ ચૌહાણને શરતોને આધીન જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં એડવોકેટ અંશ


એડવોકેટ અંશ ભારદ્વાજ

ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, કૃણાલ દવે, દિશા ફળદુ અને મિહિર શુકલ રોકાયા હતા.

# ઢેબર રોડના વેપારી સાથે રૂ.૧.૧૪ લાખની ઠગાઈ

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર રોડ પર દુકાન ધરાવી નટબોલ્ટનો વેપાર કરતા વેપારી સાથે ભેજાબાજ ઠગએ રૂ. ૧.૧૪ લાખની ઠગાઈ આચરી લીધાનો બનાવ સામે આવ્યો છે. વેપારી પાસેથી નટ બોલ્ટનો જથ્થો મેળવી ચામુંડા નટ બોલ્ટ ખાતે મોકલી પૈસા મેળવી લઇ સામે પ્રભાત નટ બોલ્ટના માલિકને નહિ ચૂકવી ભૂગર્ભમાં ઉતરી જનાર પરેશ લીંબાસીયા વિરુદ્ધ ભક્તિનગર પોલીસમાં ગુનો નોંધાયો છે.

શહેરના અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં મારુતિ એપાર્ટમેન્ટમાં રહેતા અને નટ બોલ્ટનો વેપાર કરતા ૪૧ વર્ષીય વેપારી વિનોદભાઈ શામજીભાઈ વાઘેલાએ ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં પરેશ લીંબાસીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે ઢેબર રોડ અટીકા ફાટકની સામે પ્રભાત નટબોલ્ટ નામની દુકાન આવેલ છે જયા બેસી નટબોલ્ટનો વેપાર કરૂ છુ. ગઈ તા.૧૭/૦૩/૨૦૨૫ ના સવારના અગિયાર વાગ્યે હું દુકાને હાજર હતો. ત્યારે અમારી નટબોલ્ટની દુકાનેથી બે થી ત્રણ વખત છુટક માલની ખરીદી રોકડમાં કરીને લઈ જનાર પરેશભાઈ લીંબાસીયા (પ્રજાપતી) દુકાને આવેલ હતા. તે વખતે દુકાને હું અને અમારો માણસ મહેંદ્રભાઈ પરમાર હાજર હતા. ત્યારે પરેશએ જણાવેલ કે તમે મને હાલ ચલણમા માલ આપો હુ તમને તા.૨૨/૦૩/૨૦૨૫ના રોજ જી.એસ.ટી નંબરની વિગત આપીશ ત્યારે સાથે બીલ બનાવી આપજો એટલે એકસાથે હુ તમને બધા પૈસા આપી દઈશ.મળી કુલ રૂ. ૧,૧૪,૮૧૪ના નટબોલ્ટ અલગ અલગ રીક્ષા મારફતે મોકલ્યા હતા. બાદમાં પરેશએ આપેલ સમય મુજબ તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ પરેશને ફોન કરતા તેણે ઉપાડયા ન હતા. જેથી તેણે આપેલ સરનામું દાતાર એટરપ્રાઈઝ, રેલનગર મેઈન રોડ ફાયર બિગ્રેડની પાછળ, શ્રીરામજી સોસાયટી શેરી નં ૩ ખાતે જતાં ત્યાં આ નામની કોઈ જ વ્યક્તિ રહેતી ન હોય તેમ જાણવા મળ્યું હતું. જેથી પરેશએ ખોટું સરનામું આપ્યાની જાણ થઇ હતી. બાદમાં જે રીક્ષા મારફત માલ મોકલ્યો હતો તે ચાલકો સાથે ખરાઈ કરતા તેમણે તમામ માલ માલધારી ફાટક નજીક આધ્યા કોમ્પ્લેકસમાં આવેલ દીપકભાઈ મકવાણાની ચામુંડા નટબોલ્ટ ખાતે અનલોડ કર્યાનું જાણવા મળ્યું હતું. જે બાદ વેપારીએ દીપકભાઈ મકવાણાનો સંપર્ક કરતા તમામ માલનું પેમેન્ટ તેમણે પરેશને આપી દીધાનું જણાવ્યું હતું. જેથી પોતે ઠગાઈનો ભોગ બન્યાનું જાણવા મળતા વેપારીએ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં પોલીસે વેપારીની ફરિયાદ પરથી ગુનો નોંધી પરેશ લીંબાસીયા નામના ઠગની શોધખોળ શરૂ કરી છે. હાલ રૂ. ૧,૧૪,૮૧૪ની ઠગાઈની તપાસ પીએસઆઈ વી એલ રાઠોડ ચલાવી રહ્યા છે.

# નાણાંની લેતી દેતીમાં ખુન કરનાર ફીરોઝ માટલીયાને આજીવન કેદ

## હાલના કેસમા નજરે જોનાર સાક્ષીની ઉલટ તપાસ દરમ્યાનના કોઈપણ જવાબ તેઓની વિશ્વસનીયતાને ઘટાડતા નથી: સરકારી વકીલ એસ.કે વોરા

### મૃતકના પરીવારને રૂ.૧૦ લાખ વળતર ચુકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મડળને ભલામણ

**અબતક, રાજકોટ**

શહેરમાં રવીરત્ન પાર્કમાં પૈસાની લેતીદેતીમા ખેલાયેલા ખુન કેસમાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન સખ્ત કેદની સજા અને રૂા.૨૫ હજારનો દંડ તેમજ મૃતકના પરીવારજનોને રૂા.૧૦ લાખ વળતર પેટે ચુકવવા માટે જિલ્લા કાનુની સેવા સત્તા મડળને ભલામણ કરી છે.

આ કેસની હકિકત મુજબ રાજકોટમાં સ્વામીનારાયણ મંદિરની સામે આવેલ નકળક ટી સ્ટોલ ખાતે તા.૨૩/૦૨/૨૦૧૯ ના રોજ હરેશભાઈ માધવજીભાઈ મકવાણા અને આરોપી ફીરોજ મોટલીયા નાણાકીય વ્યવહાર અર્થે મળ્યા હતા. ત્યાર બને વચ્ચે ઝઘડો થતા હરેશભાઈ પોતાનું મોટર સાયકલ લઈ રવિરત્ન પાર્ક, શેરી ન.૪ ના ખુણા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આરોપી ફીરોજ માટલીયાએ બાઈક લઈ પીછો કરી હરેશભાઈના બાઈક સાથે અકસ્માત સર્જી પછાડી દઈ છરીના આડેધડ ઘા ઝીંકી દીધા મોતને ઘાટ ઉતાર્યા હતા. મોટર સાઈકલ ભટકાવાથી આરોપી ફીરોજને પણ ઈજા થતા સિવીલ હોસ્પિટલે જઈ સારવાર લીધી હતી. આ અગે હરેશભાઈના ભત્રીજા પિયુષ મકવાણાએ પોલીસમા ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. તપાસ અધિકારીએ આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું.

જે કેસ ચાલવા ઉપર આવતા આરોપી તરફે બચાવ લેવામા આવેલ કે, બનાવ નજરે જોનાર સાહેદ મૃતકના સગા છે અને તે બનાવ સમયે આ જગ્યાએ હાજર હોય તે સભવીત નથી. સીસીટીવી ફુટેજની જે સીડી મેળવવામા આવેલ છે તે સીડી સાથે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નુ પ્રમાણપત્ર ન હોવાથી આ સીડીની અદરનો ડેટા જોઈ શકાય નહી. જ્યારે સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે, કોઈ નજરે જોનાર સાક્ષી મૃતકના સગા હોય તેથી તે સાક્ષી અવિશ્વસનીય માની શકાય નહીં.


જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ વોરા


સાક્ષીની વિશ્વસનીયતા તેની ઉલટતપાસ દરમ્યાનના જવાબોથી નકકી થાય છે. હાલના કેસમા નજરે જોનાર સાક્ષીની ઉલટ તપાસ દરમ્યાનના કોઈપણ જવાબ તેઓની વિશ્વસનીયતાને ઘટાડતા નથી. સીસીટીવી ફુટેજની સીડીનુ પ્રમાણપત્ર ન હોય તો પણ ગાધીનગર ખાતેની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાએ આ સીડીનુ પરીક્ષણ કરી તેની સચોટતા અંગે અહેવાલ આપેલ છે. આ કારણે સીડીમા રહેલ ડેટા ઉપરથી મરણજનાર તથા તેનુ વાહન અને આરોપી તેમજ તેનુ વાહન સ્પષ્ટપણે ઓળખી શકાતુ હોય ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ. આરોપી સામેની ચાર્જશીટમા ૫૧ સાહેદોના નામ જણાવવામાં આવેલ છે પરતુ બીજા સાક્ષીઓની જુબાની નોધવામાં આવેલ નથી. આ અંગે સરકાર તરફે જવાબ આપવામાં આવેલ કે, ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ ફક્ત ૧-સાક્ષીની જુબાનીથી આરોપી સામેનો કેસ પુરવાર થતો હોય તો બીજા સાક્ષીની જુબાની લેવી પણ જરૂરી નથી. આ મુજબ પ્રોસીકયુશનને જેટલા સાક્ષીઓ મહત્વના લાગેલ હોય તેટલા જ સાક્ષીઓની જુબાનીથી આરોપી સામેનો કેસ પુરવાર થઈ શકે. આ ઉપરાત જયારે આરોપીને બનાવ સમયે ઈજા થયેલ હોય અને સીવીલ હોસ્પિટલમા તે અંગે આરોપી સારવાર લેવા ગયેલ હોય તે પણ સચોટ સાયોગીક પુરાવા છે, જેના આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ સહિતની દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ અધિક સેશન્સ વી.એ. રાણાએ આરોપી ફિરોજ ઝીકરભાઈ માટલીયાને આજીવન સખ્ત કેદની સજા અને રૂા.૨૫ હજારનો દંડ તેમજ મૃતકના પરીવારજનોને રૂા.૧૦ લાખ વળતર પેટે ચુકવવા માટે જિલ્લા કાનુની સેવા સત્તા મડળને ભલામણ કરી છે.

આ કેસમા સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સજયભાઈ કે. વોરા રોકાયા હતા.

## સ્થાનિક સ્વરાજ્યનું માળખું મજબૂત કરવા સરકારે કમર કસી

# ગ્રામ પંચાયતને ૪૦ લાખ-તાલુકા પંચાયતને ૫ કરોડ અને જિલ્લા પંચાયતને ૫૨ કરોડ સુધીની આર્થિક સહાય કરી માળખાગત સુવિધા વધારાશે

### ગ્રામ પંચાયતો - તાલુકા પંચાયતો - જિલ્લા પંચાયતની નવી કચેરીઓના બાંધકામ માટેના અનુદાનમાં માતબર વધારો કરતા મુખ્યમંત્રીઃ ગ્રામ પંચાયત ઘર સાથે તલાટી - કમ - મંત્રી આવાસ પણ નિર્માણ થવાથી ગ્રામ્ય સ્તરે જ તલાટીની ઉપલબ્ધિ લોકોને સરળ બનશે



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુકત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી રાજ્યની જે ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે તેવી તેમ જ પંચાયત ઘર વિહોણી હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘરના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાં માતબર વધારો કર્યો છે.

એટલું જ નહીં, નવીન ગ્રામ પંચાયત ઘર સાથે તલાટી કમ મંત્રી આવાસ પણ બનાવીને ગ્રામીણ સ્તરે તલાટીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાનો પણ ગ્રામ્ય હિતકારી અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તદ્અનુસાર, રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતા ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે અગાઉ અપાતી ૨૭ લાખ રૂપિયાની યુનિટ કોસ્ટના સ્થાને રૂ. ૪૦

(અનુ. આઠમા પાને)

## પંચાયત વ્યવસ્થાના માળખાને સંગીન સુવિધાયુક્ત બનાવવાના નિર્ણયને આવકારતા ભુપત બોદર



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા પંચાયત કચેરીઓના મકાનના બાંધકામ માટેની યુનિટ કોસ્ટમાં પણ વધારો કર્યો છે. જિલ્લા પંચાયતને તેના નવીન મકાનના નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.આમ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને રાજ્યનો મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી રાજ્ય સરકાર દ્વારા સમન્વિત ગ્રામીણ વિકાસના મહત્વને સમજીને, ગ્રામ્ય જીવનને વધુ સારું બનાવવા સતત પ્રયાસ

(અનુ. આઠમા પાને)

# સોમવારથી ચણા-રાયડાની ટેકાના ભાવે ખરીદી કરશે રાજ્ય સરકાર

### રૂ. ૨,૬૭૦ કરોડથી વધુના પાકની ખરીદી કરાશેઃ ૩.૩૬ લાખ ટન ચણા અને ૧.૨૯ લાખ ટન રાયડો ખરીદાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે રાજ્યના ખેડૂતોને આર્થિક નુકશાનથી બચાવવા અને તેમની આવક વધારવાના ઉદ્દેશ્ય સાથે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે, રાજ્યમાં આગામી તા. ૨૧મી એપ્રિલથી ચણા અને રાયડાના પાકની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રક્રિયા હાથ ધરાશે.

દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. જેના પરિણામે ખેડૂતો નિશ્ચિંત થઈને વિવિધ પાકોનું વાવેતર કરી શકે છે. ભારત સરકાર દ્વારા વાવેતરની શરૂઆત પહેલાં જ ટેકાના ભાવો જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતોને વાવેતર અંગે યોગ્ય નિર્ણય લેવામાં મદદ મળી રહે.ચણા અને રાયડાની ખરીદી અંગે વાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવિ સીઝન માટે ચણાનો ટેકાનો ભાવ રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) અને રાયડાનો ટેકાનો ભાવ રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) જાહેર કર્યો હતો. આ પ્રોત્સાહક ભાવોને કારણે રાજ્યના ખેડૂતોએ ચણા અને રાયડાનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું હતું.

મંત્રીએ ઉમેર્યું હતું કે ટેકાના ભાવે ચણાનું વેચાણ કરવા માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે, જ્યારે રાયડાના વેચાણ માટે ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ પોતાનું નામ નોંધાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આ નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ચણા માટે રાજ્યભરમાં ૧૭૯ ખરીદ કેન્દ્રો અને રાયડા માટે ૮૭ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ભારત સરકારની મંજૂરી અનુસાર રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી રૂ. ૧,૯૦૩ કરોડના મૂલ્યનો કુલ ૩.૩૬ લાખ મેટ્રિક ટન ચણાનો જથ્થો ખરીદશે. આ ઉપરાંત, રૂ. ૭૬૭ કરોડના મૂલ્યનો કુલ ૧.૨૯ લાખ મેટ્રિક ટન રાયડાનો જથ્થો પણ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદવામાં આવશે. આમ, રાજ્ય

(અનુ. આઠમા પાને)

## જેતપુરમાં નકલી નોટનું કૌભાંડ સામે આવ્યું

# આંગડિયા પેઢીમાં ૫૦૦ના દરની બનાવટી નોટ વટાવતી ત્રિપુટી ઝડપાઈ

### મુખ્ય સૂત્રધાર ધોરાજીનો શખ્સ તેમજ તેના સાગરીત જેતપુરના રવી ડોબરીયા સહિત ત્રણની ધરપકડઃ જેતપુર સીટી પોલીસ અને એસઓજીની સંયુક્ત કામગીરી

**અબતક, રાજકોટ**

જેતપુરમાં આંગળીયા પેઢીમાં ૫૦૦ ના દરની બનાવટી ચલણી નોટ ઘુસાડવાનું કૌભાંડ પોલીસે પકડી પાડ્યું હતું. જેમાં મુખ્ય સૂત્રધાર ધોરાજીનો શખ્સ તેમજ તેના સાગરીત જેતપુરના રવી ડોબરીયા સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હતી.

એસઓજી પીઆઈ એફ.એ.પારઘીની રાહબરીમાં ટીમ જેતપુર સીટી પોલીસ મથકે હતી ત્યારે જેતપુરની આર.પી.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીમાંથી નીકેશભાઈ રમેશભાઈ ચંદનાણીનો ફોન આવેલ કે, ગઈ તા.૧૩/૦૩/૨૦૨૫ ના મારી આંગડીયા પેઢીમાં રવિભાઈ રૂપીયા દસ લાખનુ આંગડીયુ કરવા માટે આવેલ હતા અને તેઓએ નવી (કોરી) નોટો રૂ.૫૦૦ ના દરની આપેલ હતી. તેઓએ આ પૈસા મીત પટેલને જુનાગઢ ખાતે મોકલેલ હતા. રવિભાઈએ કરેલ આંગડીયાના રૂપીયા મારી પાસે પડેલ હતા અને આજે મોટુ પેમેન્ટ કરવાનુ હોય જેથી તે રૂપીયા કાઢતા આ દશ લાખમાંથી બે બંડલમાં છ - છ નોટો ખોટી હોય જેથી રવિને ફોન કરી ખોટી નોટો બાબતે વાત કરતા રવિએ આ પૈસા બદલવા માટે તેના મીત્રને મોકલશે તેમ ફોન આવેલ હતો.

જેથી એસઓજી અને જેતપુર સીટી પોલીસ આર.પી.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીની આજુ-બાજુમાં વોચમાં હતો ત્યારે એક શખ્સ સફેદ કલરનુ એકટીવા લઈને આવેલ અને આંગડીયા પેઢીમાં ગયેલ અને તે શખ્સ આંગડીયા પેઢીમાંથી બહાર નીકળતા તેની અટક કરી નામ પુછતા પોતાનુ નામ રવી શામજી ડોબરીયા, (ઉ.વ.૩૬, રહે. જેતપુર, કણકીયા પ્લોટ, શારદા મંદિર પાસે, મુળ રહે.સરધારપુર) હોવાનુ જણાવેલ હતું.

બાદમાં તે શખ્સ પાસે કોઈ બનાવટી નોટો હોય તો રજુ કરવાનું જણાવતા તે શખ્સે એક કાળા કલરનો થેલોમાંથી બે બંડલ રૂ.૫૦૦ ના દરની ૧૦)-૧૦૦ નોટો કાઢીને રજુ કરતા, જે બને બંડલમાંથી અમુક નોટો જોતા નોટોના કાગળની થીકનેશ ઓછી

(અનુ. આઠમા પાને)